હરિઃૐ

# પ્રતિભાની પ્રતિભા

હરિઃૐ આશ્રમ, નડિયાદ.



॥ હરિઃ ૐ ॥

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ

પુસ્તક સાતમું

# પ્રતિભાની પ્રતિમા

(શ્રી પ્રભાશંકર પટણીજીના જીવનના પ્રેરક પ્રસંગો)

સંકલન

**સ્વ. મુકુલભાઈ કલાર્થી**

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન, નડિયાદ

● **પ્રકાશક :**
હરિઃ ૐ આશ્રમ
પો. બૉ. નં. ૭૪,
નડિયાદ - ૩૮૭ ૦૦૧
ફોન : ૬૭૭૯૪

© હરિઃ ૐ આશ્રમ, નડિયાદ, સુરત.

● પ્રથમ આવૃત્તિ : સને ૧૯૮૪ પ્રત ૧૦૦૦
દ્વિતીય આવૃત્તિ : સને ૧૯૯૬ પ્રત ૨૦૦૦
તૃતીય આવૃત્તિ : સને ૨૦૦૦ પ્રત ૨૦૦૦

● **પૃષ્ઠ : ૧૨ + ૯૬ = ૧૦૮**

● **કિંમત : રૂ. ૮-૦૦**

રાહત દરે
કિં. ૫.

● **પ્રાપ્તિસ્થાન :**
(૧) હરિઃૐ આશ્રમ, પો.બૉ.નં. ૭૪, નડિયાદ-૩૮૭ ૦૦૧.
(૨) હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫.

● **મુદ્રક :**
કનુભાઈ ડી. પટેલ, **અર્થ કૉમ્પ્યૂટર**
૨૭, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪ ફોન : ૫૬૨૪૩૦૬

॥ હરિઃ ૐ ॥

# સમર્પણાંજલિ

દુઃખી, દરિદ્રનારાયણોની
સેવા સુશ્રુષામાં જ
અહર્નિશ આનંદી,
નિજાનંદની મસ્તિમાં જ
વિહરતા,
અપકારી ઉપર પણ
ઉપકાર કરી
કૃપા દષ્ટિ રાખનાર
સાધુ જનોના
ચરણોમાં અર્પણ.

હરિઃ ૐ આશ્રમ,
નડિયાદ,
તા. ૩-૩-૨૦૦૦

**સી. ડી. શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃ ૐ ॥

## **નિવેદન** (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાથી અમારા મંડળને 'શ્રી વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ ફંડ' સોંપવામાં આવ્યું છે. સદર ટ્રસ્ટમાંથી આ અગાઉ છ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે.

આ સ્મારકમાળાનું આ સાતમું પુસ્તક 'પ્રતિભાની પ્રતિમા' પ્રસિદ્ધ કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. સદર સ્મારકમાળામાં મુ. શ્રી નંદુભાઈ શાહ [મૅનેજિંગ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ, નડિયાદ] અને શ્રી મુકુલભાઈ કલાર્થી બંનેએ જે સેવાઓ આપી છે તે બદલ અમો તેઓના ખૂબ જ આભારી છીએ.

પ્રસ્તુત પુસ્તક 'પ્રતિભાની પ્રતિમા' ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા પ્રકાશિત પુસ્તક 'પ્રભાશંકર પટણી : વ્યક્તિદર્શન' ઉપરથી અમારા પીઢ અનુભવી લેખક શ્રી મુકુલભાઈ કલાર્થીએ સંકલિત કરેલ છે. શ્રી પ્રભાશંકરભાઈના જીવનના ઉમદા અને જીવનપ્રેરક પ્રસંગો ખૂબ જ સરળ ભાષામાં લેખકશ્રીએ રજૂ કરેલા છે.

આ પુસ્તક 'પ્રતિભાની પ્રતિમા'ને ગુજરાત ભરની સાહિત્યરસિક પ્રજા તરફથી આવકાર મળશે તેવી શ્રદ્ધા સાથે એનું પ્રકાશન કરીએ છીએ. સાહિત્યરસિક જનતા તેને વધાવશે તેવી આશા છે જ.

**અંબુભાઈ ડી. પટેલ**
અધ્યક્ષ
ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.
વડોદરા.

॥ હરિઃ ૐ ॥

# બે બોલ

શ્રીમતી જયાબહેન વ્રજલાલ જાની અર્પિત રૂ. ૯,૦૦૦ (નવ હજાર) હરિઃ ૐ આશ્રમ તરફથી સને ૧૯૬૩માં 'શ્રી વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ ફંડ' રચીને ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ (વડોદરા)ને આપવામાં આવ્યા.

અમારા મિત્ર સદ્‌ગત શ્રી વ્રજલાલ જાની આજથી ૪૨ વર્ષ ઉપર તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત વિષયોના M.A. થયેલા, અને સૌરાષ્ટ્ર સ્ટેટના કેળવણી ખાતાના એક ઉચ્ચ હોદ્દા ઉપર હતા. તેમ જ અધ્યાત્મપંથે પણ વળી ચૂકેલા હતા. તેમના સ્મરણમાં આવું એક ટ્રસ્ટ સમાજના ઉત્થાનના હેતુ અર્થે થયું તે ઘણા હર્ષની વાત છે. આનો મુખ્ય યશ સદ્‌ગતનાં ગુણિયલ પત્ની શ્રીમતી જયાબહેન જાનીને ફાળે જાય છે.

ગાંધીયુગની કેટલીક પ્રભાવક વ્યક્તિઓમાં એક શ્રી પ્રભાશંકર પટણી હતા. એમનામાં જે દૂરંદેશીપણું, હૈયાઉકલત, પરિપક્વ શાણપણ, નિઃસ્પૃહતા, અધિકાર-પદની ખેવનાનો અભાવ, માનવ સ્વભાવની ઝીણી સૂઝ, પરસ્પરના સૂક્ષ્મ સંબંધો, સત્ય માર્ગે ચાલવાની કઠણ તપસ્યા અને એનાથી પણ વિશેષ જીવનમાં ધ્રુવતારક સમી આધ્યાત્મિક જીવનદૃષ્ટિ અને તેને પરિણામે નિષ્કિંચન બનવા સુધીની દાનવીરવૃત્તિ એવું બધું ભાગ્યે જ એમના સમકાલીનોમાં એકસાથે હતું.

પૂજ્ય શ્રીમોટાને શ્રી પ્રભાશંકરના જીવનનું સવિશેષ આકર્ષણ હતું. તેઓશ્રીએ પટણીજીના જીવનચરિત્રને પ્રગટ કરવાની અનેક વાર ભાવના વ્યક્ત કરેલી. તે ભાવના શ્રી મુકુંદરાય પારાશર્યે પોતાની શારીરિક વિષમ સ્થિતિ વચ્ચે પણ શ્રી પ્રભાશંકર પટણીનું જીવનચરિત્ર

લખીને સાકાર બનાવી અમોને ઘણાં આભારી કર્યા છે. પરિણામે આ સર્જન થઈ શક્યું તેનો આનંદ અમે વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૬૨ના ગાળામાં ચોક્કસ ઊર્ધ્વ પ્રકારના ગુણ અને ભાવ પોષક સાહિત્ય-સર્જન માટે લેખકોને પ્રોત્સાહન મળે તે હેતુથી તે રીતે એક દાનટ્રસ્ટ ગુજરાતી સાહિત્ય પરિષદને આપવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટ દ્વારા ગયા વર્ષે જ ''શ્રી પ્રભાશંકર પટણી : વ્યક્તિત્વદર્શન'' નામનું પુસ્તક પ્રગટ થયું. આની લગભગ બધી એક હજાર નકલો એક જ વર્ષમાં ખપી પણ ગઈ.

આવું પ્રેરણાપ્રદ ગુણ-ભાવ પોષક પુસ્તક હળવી સરળ ભાષામાં ને શૈલીમાં કિશોર વયસ્કની આલમને માટે છપાવવાનું અમને મન થયું. શ્રી મુકુંદરાય પારાશર્યે અને ગુજરાતી સાહિત્ય પરિષદે આ માટે અનુમતિ આપી તથા બાળ અને કિશોર સાહિત્યના સિદ્ધહસ્ત લેખક તરીકે ખ્યાતિ પામેલા શ્રી. મુકુલ કલાર્થીએ સહર્ષ તૈયાર કરી આપ્યું. એમ આ ત્રણેનો અત્રે અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળના અધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલે આ પુસ્તકને 'શ્રી વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ શ્રેણી'માં પ્રસિદ્ધ કરવાનું સ્વીકાર્યું તે માટે તેમનો;- બ્લૉક બનાવી આપવા માટે પંકજ પ્રોસેસ સ્ટુડિયોનો, આવરણ સંયોજન માટે શ્રી જય પંચોલીનો, આવરણ મુદ્રણ માટે દીપક પ્રિન્ટરીનો ને મુદ્રક શ્રી. પ્રવીણભાઈ ગામીનો તથા તેમના સહકાર્યકરોનો-આ સૌનો ખરા દિલથી આભાર માનીએ છીએ.

**નંદુભાઈ**
મૅનેજિંગ ટ્રસ્ટી

હરિઃ ૐ આશ્રમ,
(નડિયાદ, સુરત)
તા. ૨૪-૪-૮૪

॥ હરિઃ ૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવનાર, સેવાભાવી સ્વજનોમાં જેમનું ચારિત્ર્ય પૂજ્ય શ્રીમોટાને ઘણું જ પસંદ હતું તેવા ગુજરાતના એક પ્રતિભાશાળી સાધુસમા સ્વ. શ્રી પ્રભાશંકરભાઈ પટણીના જીવનની યાત્રાના કેટલાક હૃદયસ્પર્શી પ્રસંગોને વધારે લોકભોગ્ય બનાવવા સ્વ. શ્રી.મુકુલ કલાર્થીએ સરળ સચોટ શબ્દચિત્રો ઉપસાવતું આ પુસ્તક તૈયાર કર્યું, તે એટલું બધું લોકચાહના પામ્યું છે કે તેની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવાના શુભ પ્રસંગે અમને અતિ આનંદ થાય છે.

આ પુસ્તકનું આવરણ (ટાઈટલ) ચાર રંગોમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી.શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી.યજ્ઞેશભાઈ પંડ્યાનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ આવૃત્તિના પ્રકાશન માટે પૂજ્ય શ્રીમોટાના એક સ્વજનનો સહકાર સાંપડ્યો છે, એ બદલ એમના આભારી છીએ.

સૌને રસ પડે તેવું આ ચરિત્રપ્રસંગોનું પુસ્તક ઉત્તરોત્તર વધુને વધુ લોકોનો આવકાર અને આદર પામશે જ. એવી અમને અટલ શ્રદ્ધા છે.

હરિઃ ૐ આશ્રમ, નડિયાદ.
તા. ૭-૩-૨૦૦૦

**સી. ડી. શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી

# ભગવાનની મળતી મદદ

ભગવાન આપણને કેવી કેવી રીતે મદદ કરતો રહે છે, ને એ આપણને મદદ કરવા હાજરાહજૂર પ્રત્યક્ષ ઊભો જ છે એવા અનુભવ જીવનમાં થતાં આપણામાં તેની સુખદ છાયા દૃઢ થાય છે ને તેની અસર કશા કોઈ બનાવોથી ભૂંસી ભુસાઈ શકાતી જ નથી. એ તો ચિરંજીવ થઈને જ રહે છે. પ્રભુ દયાળુ છે ને સૌથી મોટો છે, એ માત્ર કલ્પના નથી, પણ સંત, ભક્ત અને અનુભવી પુરુષોનું અનુભવેલું વચન છે. ભગવાન તમને એવા અનુભવનું નવનીત ચખાડો એ જ પ્રાર્થના છે.

-શ્રીમોટા

'જીવન પગરણ', બી.આ; પૃ. ૧૦૫

# અનુક્રમણિકા

## શ્રી પ્રભાશંકરભાઈની જીવન-ઝરમર

## જીવન-પ્રસંગો


| | | |
|---|---|---|
| ૧. | નાનપણમાં ત્યાગના સંસ્કાર | ૯ |
| ૨. | દાદા માટે ચટણી ! | ૧૦ |
| ૩. | અમૂલ્ય ચોપડી ! | ૧૩ |
| ૪. | ભૂખ્યાં છોકરાંને ખવડાવ્યું | ૧૫ |
| ૫. | ગરીબો પ્રત્યે હમદર્દી | ૧૬ |
| ૬. | યુવરાજને રાજાનો ધર્મ સમજાવ્યો | ૧૬ |
| ૭. | સાચી સલાહ આપી | ૧૮ |
| ૮. | ક્ષમાભાવ | ૨૦ |
| ૯. | નોકર પણ રાજ્યનો પ્રજાજન | ૨૧ |
| ૧૦. | 'મન અભિમાન ન આણે રે' | ૨૩ |
| ૧૧. | શ્રી પ્રભાશંકરભાઈની કર્તવ્યનિષ્ઠા | ૨૫ |
| ૧૨. | વિવેકભર્યું પગલું | ૨૬ |
| ૧૩. | શ્રી પ્રભાશંકરભાઈની વિનમ્રતા | ૨૮ |
| ૧૪. | પ્રલોભનોથી સો ગાઉ દૂર | ૨૮ |
| ૧૫. | માતાની જોડ ન જડે ! | ૨૯ |
| ૧૬. | સ્પષ્ટવક્તા શ્રી પ્રભાશંકરભાઈ | ૩૧ |
| ૧૭. | નીડર માર્ગદર્શક | ૩૨ |
| ૧૮. | શ્રી પ્રભાશંકરભાઈની દીર્ઘદૃષ્ટિ | ૩૩ |
| ૧૯. | કોઈનું દિલ દુભાય એવું ન બોલવું | ૩૪ |
| ૨૦. | પેન્શન બમણું કરી આપ્યું ! | ૩૭ |
| ૨૧. | અપમાન કરનારની ભીડ ભાંગી | ૩૯ |
| ૨૨. | શ્રી પ્રભાશંકરભાઈની ભલમનસાઈ | ૪૧ |
| ૨૩. | પોલીસનું કામ શું ? | ૪૨ |

૨૪. 'ગોપનીયમ્, ગોપનીયમ્ !' ૪૪
૨૫. નજર સામે દાદાની તાંબડી ૪૫
૨૬. હોય તેણે દેવું જોઈએ ૪૬
૨૭. રતનફોઈની ખુમારી ૪૮
૨૮. સાંઈનો સત્સંગ ૪૯
૨૯. છાશ માગીને પીધી ! ૫૧
૩૦. દેણદારની ભીડ ભાંગી ૫૩
૩૧. ક્ષમાશીલ ઉદારતા ૫૫
૩૨. રામ રાખે તેમ રહીએ ૫૭
૩૩. બચરવાળ બાઈને ઘર અપાવ્યું ૫૯
૩૪. વાઘ, ગાય જેવા બની ગયા ! ૬૦
૩૫. જગતના તાત ખેડૂતોની વહારે ૬૨
૩૬. રોગનો ઉપચાર એ જ સાચો ઉપાય ૬૫
૩૭. સદ્ભાવભરી પ્રાર્થના હોય ૬૭
૩૮. પોતે કરેલી ભલાઈની વાત ન થાય ૬૮
૩૯. નોકરે ગુનો કબૂલ કર્યો ! ૬૯
૪૦. વિષયોનું શિક્ષણ અને ઉછેર ૭૧
૪૧. 'પહેલું માથું મારું હશે !' ૭૨
૪૨. મૂર્તિપૂજાનું મહત્ત્વ ૭૩
૪૩. વજીરે ખેસ ખંખેરી નાખ્યો ૭૫
૪૪. સંન્યાસીએ સંન્યાસી-ધર્મને લજાવ્યો ! ૭૬
૪૫. પરિસ્થિતિ માણસને ઘડે છે ૭૯
૪૬. ચાંદલાથી બમણું મોકલ્યું ! ૭૯
૪૭. કામની કદર રૂપે ભેટ ૮૦
૪૮. સેક્રેટરીનો ઇરાદો નિષ્ફળ ગયો ! ૮૧
૪૯. 'મને કેમ વીસરે રે !' ૮૩
૫૦. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું ૮૬

# પ્રતિભાની પ્રતિમા

❑

મુકુલભાઈ કલાર્થી

"હું સર્વત્ર વિદ્યમાન છું."

— શ્રીમોટા

# શ્રી પ્રભાશંકરભાઈની જીવન-ઝરમર

## ૧

સંસ્કૃતમાં એક શ્લોક છે :

पापात् निवारयति, योजयते हिताय,
गुह्यं च गुह्यति, गुणान् प्रकटीकरोति ।
आपद्‌गतं न च जहाति, ददाति काले,
सन्मित्रलक्षणं इदं प्रवदन्ति सन्तः ॥

-'પાપ કરનારને પાપ કરતાં અટકાવે છે. તેનું હિત થતું હોય એવા કામમાં તેને યોજે છે. તેને કશું નુકસાન થતું હોય એવી તેની છાની રાખવા જેવી વાતો કોઈની આગળ કહી દેતો નથી. તેનામાં રહેલા સદ્‌ગુણોને જ સૌની આગળ રજૂ કરે છે. કોઈ દુઃખમાં કે સંકટમાં આવી પડે, તો તેને છોડી દેતો નથી. પોતાનાથી જે કંઈ બને તે આપીને એને દુઃખમુક્ત કરે છે.

'આ સારા મિત્રનાં લક્ષણો છે, એમ સંતો કહે છે.'

ભાવનગર રાજ્યના એક વખતના રાજાપ્રિય અને પ્રજાપ્રિય દીવાન સર શ્રી પ્રભાશંકરભાઈ પટણીનું સ્મરણ કરતાં ભર્તૃહરિનો આ શ્લોક યાદ આવ્યા વિના રહેતો નથી.

આ શ્લોક શ્રી પ્રભાશંકરભાઈને બહુ પ્રિય હતો. તે કહેતા :

'એ શ્લોકમાં કહ્યા પ્રમાણે સૌના મિત્ર તરીકે વર્તવા હું બાળપણથી મથું છું. હવે તો એ સ્વભાવ થઈ ગયો છે.'

આવા ગુણજ્ઞ શ્રી પ્રભાશંકરભાઈ પટણીનું જીવન આપણને પ્રેરણાદાયી થઈ પડે એવું છે.

## ૨

શ્રી પ્રભાશંકરભાઈનો જન્મ ઈ.સ. ૧૮૬૨ની ૧૪મી એપ્રિલને રોજ થયો હતો. તે દિવસે ચૈત્ર સુદ પૂર્ણિમા એટલે હનુમાન જયંતીનો શુભ દિન હતો.

સૌરાષ્ટ્રમાં આવેલા મોરબીમાં એમને મોસાળ એમનો જન્મ.

એમના પિતાશ્રીનું નામ શ્રી દલપતરામભાઈ. માતાજીનું નામ મોતીબહેન. દાદા શ્રી હરિરામભાઈ ભટ્ટ શાસ્ત્રજ્ઞ, ધર્મનિષ્ઠ અને શ્રી શંકર ભગવાનના પરમ ઉપાસક હતા. તે છોટા ભટ્ટ તરીકે ઓળખાતા.

શ્રી હરિરામદાદાને જોશ જોતાં આવડતું હતું. દાદાએ નાનકડા પૌત્રના જન્માક્ષર માંડ્યા અને જન્મકુંડળીનું ભાવફળ જોઈને પોતાનાં ધર્મપત્નીને કહ્યું :

'ડોશી, તારો આ પૌત્ર મોટો થશે, ત્યાં સુધી આપણે તો બેઠાં નહિ હોઈએ. પણ આ પુણ્યાત્માનો આપણે ત્યાં જન્મ થયો, એ આપણાં અહોભાગ્ય ! આ દીકરો રાજા જેવો સંપત્તિવાન થશે. એને હાથે સૌનું ભલું થશે અને સ્વભાવે સાવ અકિંચન બ્રાહ્મણ રહેશે.'

ઘરની સ્થિતિ આમ તો સાવ ગરીબ હતી. દાદા-દાદી નાનકડા શ્રી પ્રભાશંકરને 'કુંકો' કહી બોલાવતાં.

શ્રી પ્રભાશંકરનાં માતુશ્રી, બાળકને દોઢ વર્ષનો મૂકીને દેવલોક પામ્યાં!. પછી તો નાનકડા શ્રી પ્રભાશંકરનો ઉછેર દાદા-દાદીની શીળી છાયા હેઠળ થયો.

## ૩

મોરબીમાં રહીને શ્રી પ્રભાશંકરે ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી તે

રાજકોટ ગયા. ત્યાં એક સંબંધીને ઘેર રહીને ત્યાંની હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો.

મહાત્મા ગાંધીજી પણ તે દિવસોમાં એ જ હાઈસ્કૂલમાં ભણતા હતા. તે વખતથી સહાધ્યાયી તરીકે ગાંધીજી અને શ્રી પ્રભાશંકરભાઈને મિત્રતા બંધાઈ હતી, જે છેવટ સુધી કાયમ રહી હતી.

મૅટ્રિકની પરીક્ષા સૌરાષ્ટ્રમાં પ્રથમ નંબરે પસાર કર્યા બાદ શ્રી પ્રભાશંકરભાઈ મુંબઈની મેડિકલ સ્કૂલમાં દાખલ થયા. પણ ત્યાં તબિયત સારી ન રહેવાને કારણે મેડિકલ સ્કૂલમાં બે વરસ અભ્યાસ કર્યા પછી તે ઈ. સ. ૧૮૮૬ના અરસામાં દેશમાં માણાવદર એમના પિતાશ્રી પાસે આવ્યા.

માણાવદરમાં રહીને તેમણે કાયદાનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. પરંતુ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી અભ્યાસ છોડી દઈ થોડો વખત રાજકુમાર કૉલેજમાં તેમણે કંપાઉન્ડર તરીકે અને પછી મોરબી પાસે માળિયા સ્ટેટમાં પાંત્રીસ રૂપિયાના પગારે દાક્તર તરીકે નિમાયા.

## ૪

ભાવનગરના મહારાજા શ્રી ભાવસિંહજી યુવરાજપદે હતા, ત્યારે ઈ.સ. ૧૮૯૦થી ૧૮૯૩ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણવા રહ્યા હતા. તે વખતે યુવરાજની સાથે હેરફેર અને તેમનું કામકાજ સંભાળેએવા કમ્પેનિયન-સાથીની જરૂર ઊભી થઈ. આ કામ માટે શ્રી પ્રભાશંકરભાઈ ને નીમવામાં આવ્યા.

તે જમાનામાં ઘણાખરા દેશી રાજાઓ આપખુદ, ઉડાઉ, વ્યસની અને ખોટે માર્ગે વળેલા જોવા મળતા. કેટલાક તો સાવ મૂર્ખ જેવા જ હતા.

તે વખતના ભાવનગરના મહારાજા શ્રી તખ્તસિંહજી સમજુ અને ગુણસંપન્ન હતા. પોતાનો વારસ બીજા દેશી રાજાઓ જેવો નાલાયક ન બને, એની તેઓ ખાસ કાળજી લેતા હતા.

તેથી શિસ્તપાલનના અતિ આગ્રહી અને કડક શ્રી ગણપતરામ ત્રવાડીને તેમણે યુવરાજના ટ્યૂટર તરીકે નીમ્યા હતા. શ્રી ગણપતરામભાઈની કડકાઈ બહુ ભારે હતી. આવી વધારે પડતી કડકાઈ યુવરાજ શ્રી ભાવસિંહજીને કઠતી હતી.

એવી વેળાએ શ્રી પ્રભાશંકરભાઈ એમના પ્રત્યે સહાનુભૂતિ રાખીને મિત્રભાવે સમજાવતા. તેથી શ્રી પ્રભાશંકરભાઈ એમને 'પોતાના' માણસ જેવા લાગતા. એ બંને વચ્ચે એવો ગાઢ સંબંધ બંધાઈ ગયો કે, શ્રી ભાવસિંહજીને એમના વગર ગમતું નહિ.

**૫**

થોડા વખત પછી યુવરાજ શ્રી ભાવસિંહજીને મિ. ફ્રેઝરના હાથ નીચે તાલીમ આપવા ધારવાડ મોકલવામાં આવ્યા.

મિ. ફ્રેઝર કોલ્હાપુરના યુવરાજના ટ્યૂટર હતા. મૈસૂર રાજ્યના રેસિડન્ટ હતા. તે ઘણા રાજકુમારોના ટ્યૂટર તરીકે ખૂબ માન પામ્યા હતા.

શ્રી ભાવસિંહજીએ શ્રી પ્રભાશંકરભાઈને પણ ધારવાડ મોકલવાની ઇચ્છા બતાવી. એટલે તેમને યુવરાજની સાથે ધારવાડ જવાનું થયું.

મિ. ફ્રેઝર સાહેબ આગળ ભાવનગરના કેટલાક ખટપટી અધિકારીઓએ શ્રી પ્રભાશંકરભાઈની વિરુદ્ધ કાનભંભેરણી કરી. પરંતુ શ્રી પ્રભાશંકરભાઈની નિખાલસ રહેણીકરણી, વિદ્વત્તા અને કાર્યકુશળતા જોઈ ને મિ. ફ્રેઝર સાહેબ પણ એમનાથી પ્રભાવિત થયા હતા. તેથી પેલા અધિકારીઓ કંઈ ફાવ્યા નહીં.

થોડા વખત પછી મિ. ફ્રેઝર સાહેબની સાથે યુવરાજ શ્રી ભાવસિંહજી રેલવે દ્વારા હિંદના પ્રવાસે નીકળ્યા. શ્રી પ્રભાશંકરભાઈ પણ યુવરાજની સાથે હતા.

એક વખત રેલવે સલૂનમાં વાસણકૂસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું. હજૂર ખાનગી ખાતાના ઉપરી અને તેના સાગરીતોને આ મજાનું બહાનું મળી ગયું ! એ લોકોએ એ છાલિયું શ્રી પ્રભાશંકરભાઈએ જ કયાંક દાબી દીધું હશે, એવો આરોપ મૂકીને સાથે સાથે કહ્યું :

'યુવરાજને પોતાના હાથમાં રાખવા શ્રી પ્રભાશંકર એમની આગળ મીઠી મીઠી વાતો કરીને વહાલા થાય છે. યુવરાજને બગાડનાર અને આવી બધી ગરબડ ઊભી કરનાર શ્રી પ્રભાશંકર જ છે. માટે આ બાબતમાં સાવચેત રહેવાની જરૂર છે. નહિ તો એમને કાબૂમાં લેવા ભારે પડશે !'

પોતાનેકાઢવાનીખટપટકયારનીચાલતી હતી, એનો અણસાર શ્રી પ્રભાશંકરભાઈ ને ઘણા વખતથી મળી ગયો જ હતો. પરંતુ છાલિયા જેવી મામૂલી વસ્તુનો આરોપ મૂકી એમને હલકા પાડવા સુધી એ લોકો જશે, એની શ્રી પ્રભાશંકરભાઈને કલ્પના ન હતી.

તેમણે પોતાનું રાજીનામું મૂકી દીધું. યુવરાજે અને મિ. ફ્રેઝર સાહેબે તેમને ઘણું સમજાવ્યા. પણ તે પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા. તેમણે મિ. ફ્રેઝર સાહેબને બધી વાત વિગતથી સમજાવી.

એ સાંભળીને મિ. ફ્રેઝર સાહેબ બોલ્યા :

'જો એમ જ હોય, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ અને આગળ આવો, એવી મારી ઉમેદ છે. એટલે ચાલો, હું તમને મુંબઈના ગવર્નર પર ભલામણપત્ર લખી આપું. તે મારા મિત્ર છે. તમારા માટે તે જરૂર કોઈને કોઈ જગ્યાએ વ્યવસ્થા કરી આપશે.

શ્રી પ્રભાશંકરભાઈ બોલ્યા : 'આભાર.'

મિ. ફ્રેઝરે પૂછયું :

'કેમ, પ્રભાશંકર ? તો પછી તમે કરશો શું ?'

શ્રી પ્રભાશંકરભાઈએ સહજ જવાબ આપ્યો :

'ભાવનગરની નોકરીમાં ન હોત, તો જે કરત તે કરીશ.'

મિ. ફ્રેઝર શ્રી પ્રભાશંકરની ખુમારી જોઈ ને ખુશ થઈ ગયા. તેમણે એમના બે હાથ પોતાના હાથમાં લઈ ને ઉમળકાથી હલાવીને કહ્યું :

'વહાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.'

પછી મિ. ફ્રેઝરે રાતે પોતાના એક મિત્રને ઇંગ્લૅન્ડ પત્ર લખ્યો તેમાં તેમણે લખ્યું :

'આજે મેં સ્વમાની, પોતાની શક્તિનો જાણનાર, ડાહ્યો દેશી માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં કયારેક જ જોવા મળે છે. એ છે ભાવનગરના મિ. પ્રભાશંકર, જે મને ખાતરી છે કે, ખૂબ આગળ આવશે.'

૬

ત્યાર બાદ ભાવનગરના મહારાજા શ્રી તખ્તસિંહજી દેવલોક પામ્યા. શ્રી ભાવસિંહજી ગાદી ઉપર આવ્યા. તેમણે શ્રી પ્રભાશંકરભાઈને પાછા બોલાવ્યા. તે શ્રી ભાવસિંહજીના હજૂર સેક્રેટરી પદે નિમાયા.

ઈ. સ. ૧૯૦૨ની સાલમાં મહારાજા શ્રી ભાવસિંહજીએ શ્રી પ્રભાશંકરભાઈને ભાવનગર રાજયના દીવાન તરીકે નીમ્યા. થોડાં વરસમાં જ સારા કુશળ રાજપુરુષ તરીકે શ્રી પ્રભાશંકરભાઈની કીર્તિ દેશવિદેશમાં પ્રસરી. એમની સેવાની કદર કરીને ઈ. સ. ૧૯૦૯માં અંગ્રેજ સરકારે એમને 'સર'નો ખિતાબ પણ આપ્યો.

ધીમે ધીમે શ્રી પ્રભાશંકરભાઈની કાર્યકુશળતા અને સૂઝ-સમજની વાતો બધે ફેલાવા લાગી. બીજાં દેશી રાજ્યો પણ પોતાની મૂંઝવણ વખતે કે રાજ્યમાં ઊભી થતી મડાગાંઠનો ઉકેલ લાવવા માટે શ્રી પ્રભાશંકરભાઈની સલાહ-સૂચના માગવા લાગ્યા.

બ્રિટિશ સલ્તનત પણ એમની કર્તવ્યનિષ્ઠાને પામી ગઈ હતી. ઈ.સ. ૧૯૦૯ના મોર્લે-મિન્ટો સુધારાથી પ્રાંતના ગવર્નરની કારોબારી કાઉન્સિલમાં હિંદીઓને કારોબારી સભ્ય તરીકે નીમવાનો હક આપવામાં આવ્યો.

૧૯૧૨માં મુંબઈ પ્રાંતના ગવર્નરની કારોબારી કાઉન્સિલમાં હિંદી સભ્યની જગ્યા ખાલી પડતાં તે વખતના ગવર્નરે એ જગ્યાએ શ્રી પ્રભાશંકરભાઈની નિમણૂક કરી.

આ પહેલાં એવો રિવાજ હતો કે, દેશી રાજ્યોમાંથી કોઈને બ્રિટિશ હિંદના વહીવટમાં લેવામાં આવતા ન હતા. પ્રથમ વાર જ શ્રી પ્રભાશંકરભાઈને આ રીતે સ્થાન પામવાનું માન મળ્યું હતું.

ત્યાર બાદ ૧૯૧૭ના ફેબ્રુઆરીમાં વડી ધારાસભાના વધારાના સભ્ય તરીકે હિંદી સરકારે તેમની નિમણૂક કરી. પછી વિલાયતની હિંદી પ્રધાનની કાઉન્સિલમાં બે વધારાના સભ્યો નીમવાનું નક્કી થયું. એમાં શ્રી પ્રભાશંકરભાઈની પસંદગી કરવામાં આવી.

૭

એ દરમિયાન ૧૯૧૯માં મહારાજા શ્રી ભાવસિંહજી દેવલોક પામ્યા. તે વખતે યુવરાજ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાડા સાત વર્ષની સગીર વયના હતા. એટલે ભાવનગરના પ્રજાજનોએ અને રાજકુટુંબે બાળ મહારાજાની સંભાળ રાખવા અને રાજ્યનો વહીવટ

કરવા શ્રી પ્રભાશંકરભાઈને નીમવા માટે સરકારમાં તાર અને પત્રથી અરજી કરી.

શ્રી પ્રભાશંકરભાઈ ભાવનગર આવ્યા. તેમના વાલીપણા નીચે રાજવહીવટ લગભગ બાર વર્ષ સુધી ચાલ્યો. યુવરાજને યોગ્ય શિક્ષકની વ્યવસ્થા કરી આપી. એમને રાજ્યકર્તા તરીકે લાયક બનાવ્યા. રાજ્યની આવકમાં પણ સારો એવો વધારો થયો. ભાવનગરને પહેલી કક્ષાનું દેશી રાજ્ય બનાવ્યું.

આમ, કર્તવ્યપરાયણ અને રાજ્યનિષ્ઠ શ્રી પ્રભાશંકરભાઈ પોતાનું કર્તવ્ય બજાવતા બજાવતા જ દેવલોક પામ્યા. રાજ્યના કામ માટે તેઓ ઘોડે બેસીને ગામેગામ ફરતા હતા. સિહોર મહાલની મુસાફરીમાં તા. ૧૬-૧૨-૧૯૩૮ને રોજ તેમણે દેહત્યાગ કર્યો.

શ્રી પ્રભાશંકરભાઈ ગયા, પણ આ દુનિયામાં તેમની સેવાની સુવાસ હંમેશને માટે મૂકતા ગયા.

## ૧. નાનપણમાં ત્યાગના સંસ્કાર

માતાના અવસાન પછી નાનકડા પ્રભાશંકરનો ઉછેર દાદા-દાદીના હાથમાં થયો.

દાદા છોટા ભટ્ટ ચાર ધામની જાત્રા કરીને પાછા ઘેર આવ્યા.

આ પછી થોડા દિવસોમાં છોટા ભટ્ટે ઘરની સ્ત્રીઓને કરિયાવરમાં મળેલી વસ્તુઓ સિવાયની ઘરમાં જે કંઈ ઘરવખરી હતી એ બધી બ્રાહ્મણોને કૃષ્ણાર્પણ કરી દીધી.

એ દિવસોમાં યાત્રા કરી આવનાર કોઈ કોઈ ગૃહસ્થો એવું કરતા હતા.

છોટા ભટ્ટે આયુર્વેદની, વેદાંતની તથા ભાગવતની જાતે નકલ કરેલી પોથીઓ પણ આપી દીધી.

એમની પાસે ધન તો હતું જ નહિ. એટલે એમની આવી સ્થિતિ જોઈને બીજા સદ્‌ગૃહસ્થો કંઈ આપવા ધારે તો એ લેતા નહિ. દાન પણ ન લેતા.

કોઈ ધર્મક્રિયા કરાવી હોય, તો દક્ષિણા લેતા. આવા સમયે પહેલાં મળતી તેથી વધુ દક્ષિણા કોઈ આપે, તો અગાઉ મળતી તેટલી રાખીને બાકીની કાં તો યજમાનને પાછી આપતા અથવા બીજાને દાનમાં દઈ દેતા.

બાળક પ્રભાશંકર દાદાનું આ ત્યાગમય આચરણ જોયા કરતો.

હવે ઘરની આર્થિક સ્થિતિ એવી હતી કે, રાતે એકલા બાજરાના રોટલા થતા. એ રોટલા મીઠે દાબીને ખવાતા.

પણ આવી ગરીબીનું દુઃખ કુટુંબમાં કોઈને ન હતું.

દાદીમા પોતા માટે વધેલું જમવાનું માગવા આવેલાને ખવડાવી દઈ ભૂખ્યાં સૂઈ રહેતાં અને પોતે ભૂખ્યાને ખાવાનું આપી શક્યાં તેથી રાજી થતાં.

નાનકડા પ્રભાશંકરે આવું ઘણી વાર જોયેલું.

કુટુંબમાં દાદા છોટા ભટ્ટ એવું સમજાવતા કે-

'જેના મનમાં ધનની, માનની કે કોઈ પણ વસ્તુ મળે તેની લાલચ હોય, તે જ દરિદ્ર છે.

'ધન ન હોવું એ દારિદ્ર નથી.

'પાસે ભલે કંઈ ન હોય, પણ તે બાબતનો કંઈ જ વલોપાત ન હોય, એવું અકિંચનપણું એ દારિદ્ર નથી, પણ ઉપાધિ-રહિત અવસ્થા છે.'

આ બધી વાતનાં બીજ નાનકડા પ્રભાશંકરમાં અણજાણ રીતે રોપાઈ ગયાં હતાં.

## ૨. દાદા માટે ચટણી !

રાતે ખાવામાં કોરો રોટલો જ થતો.

વૃદ્ધાવસ્થાને લીધે કોરો રોટલો ચાવીને કોળિયો ગળે ઉતારતાં દાદાને મુશ્કેલી પડતી હતી.

આ દાદાની પડખે બેસીને જમતો પ્રભાશંકર જોયા કરતો હતો.

એક વખત સાંજે દાદા બહારથી આવ્યા. તેમણે દાદીમાને ઓસરીમાં ઉપરવટણે કંઈક વાટતાં જોયાં. દાદાએ પૂછ્યું :

'શું વાટો છો ?'

દાદીમાએ જવાબમાં કહ્યું :

'કુંકો નિશાળેથી આવ્યો ત્યારે આંબલીનો કોર લેતો આવ્યો છે. તેની ચટણી વાટું છું.'

નાનપણમાં પ્રભાશંકરને સૌ 'કુંકો' કહીને બોલાવતાં.

દાદાએ દાદીમાની વાત સાંભળીને પ્રભાશંકરને બોલાવીને પૂછ્યું :

'કુંકા, આંબલીનો કોર કયાંથી લઈ આવ્યો ?'

પ્રભાશંકરે જવાબ આપ્યો :

'દાદાજી, એ તો નિશાળના ચોગાનની આંબલીનો કોર છે.'

દાદાએ પૂછ્યું :

'કોર કોણે ઉતારી દીધો ?'

પ્રભાશંકરે કહ્યું :

'દાદાજી, મેં ઉતાર્યો'

આ સાંભળીને દાદા ગુસ્સે થઈ બોલી ઊઠ્યા :

'તું ઝાડે ચડ્યો'તો ? જનોઈયાળ છોકરાથી ઝાડે ચડાય ? કેમ ચડ્યો 'તો ?'

આમ કહી ગુસ્સે થયેલા દાદાએ ઓશરીની થાંભલીએ વરસોથી બાંધી રાખેલું વેતરું છોડ્યું અને બેવડવાળી પૌત્રના વાંસામાં ફટકાર્યું !

દાદાએ ફટકારીને આગળ કહ્યું :

'મારે તું ખોટનો દીકરો છો. ઝાડે ચડે તે મારે ન પોસાય. જનોઈયાળ થઈ જો ફરી ચડ્યો છે, તો આમ મારીશ.'

એમ કહીને ફરી વાર વેતરું વાંસામાં વીંઝી દીધું.

દાદીમાએ આડા આવી છોકરાને છોડાવી ગોદમાં લઈ લીધો.

તે રાતે રોજ મુજબ દાદા જમવા બેઠા. પડખે કુંકો બેઠો હતો.

કાકી અવલકુંવર લાજ કાઢી રોટલા ઘડતાં 'તાં.

પાસે જમાડવા માટે દાદીમા બેઠાં 'તાં.

સામી ભીંતે ચાડા ઉપર દિવેલનો દીવો બળતો હતો.

જમવામાં થાળીમાં રોટલા ને મીઠાની સાથે આજે ચટણી હતી.

દાદાએ ચટણી સાથે રોટલો ખાધો અને તે ગળગળા થઈ ને બોલ્યા :

'આજે ખાધું ભાવે છે.

'મારે ગળે રોટલો ઊતરે.'

તે સાથે દાદાની આંખમાંથી આંસુ ટપકી થાળીમાં પડયાં.

બાજુમાં બેઠેલો કુંકો દાદા તરફ તાકી રહ્યો.

લાજમાંથી સોંસરવાં કાકી રોટલો ઘડતાં ઘડતાં આ દૃશ્ય જોઈ રહ્યાં.

વળતે દિવસે કુંકો ફરી આંબલીનો કોર લઈ આવ્યો.

કાકીએ ચટણી વાટી.

સાંજે દાદા ઘેર પાછા આવ્યા, ત્યારે તેમને ખબર પડી.

એટલે વધારે ગુસ્સે થઈ ને દાદાએ કુંકાને વેતરથી ઝૂડ્યો અને કહ્યું :

'ના પાડી'તી તોય ઝાડે ચડયો'તો કે ?'

કુંકાએ હા કહી. એટલે દાદાએ તેને પાછો

વધારે માર્યો. કહે : 'ચડીશ ઝાડે ?'

કુંકાએ ઉત્તર ન દીધો.

એટલે દાદાની આંખમાં આંસુ આવી ગયાં તોય પૌત્રને વધુ માર પડ્યો.

આજે આડું કોઈ પડે તેમ ન હતું. દાદીમા પડોશમાં ગયેલાં.

દાદાએ કહ્યું :

'ઝાડે ચડી તારે મારું મોત બગાડવું છે ?'

ત્યાં તો દાદીમા આવી ચડ્યાં. કુંકાને છોડાવી લીધો. દૂર જઈ ગોદમાં લઈ દાદીમાએ પૂછ્યું :

'બેટા, તારા દાદા તને આટલું મારે છે, તો ઝાડે ન ચડતો હો તો ?'

કુંકાએ સામું પૂછયું :

'દાદાને એકલા રોટલાનો કોળિયો ગળતાં કેવું થાય છે ?'

'દાદાનું હું માનત. પણ દાદાને કાલે રોટલો ચટણી સાથે ભાવ્યો, એટલે હું કોર લાવ્યો.'

તે રાતે દાદા જમવા બેઠા.

પડખે કુંકો જમવા બેઠો હતો.

જમતાં જમતાં દાદાને ગળે કોળિયો અટક્યો.

એટલે દાદાએ ઉપર પાણી પીધું.

એ જોઈને દાદીમાએ કહ્યું :

'ચટણી મૂકી છે.'

દાદા બોલ્યા :

'જોઈ. મારે એ ખાવી નથી. દીકરા કહ્યું ન માને, તો તેનો દાદો કેમ ખાઈ શકે ?'

થોડી વાર રહી દાદીમાએ કહ્યું :

'કુંકા, તું કેમ ચટણી નથી ખાતો ? તું તો ખા.'

દાદાએ કહ્યું :

'એ નહિ ખાય. એણે મારા માટે કરાવી છે.'

કુંકાએ કહ્યું :

'દાદાજી, તમે ચટણી ખાશો, તો મોટીબાયે ખાશે. હવેથી હું આંબલીએ નહીં ચડું.'

ને દાદાએ ચટણી ખાધી.

પછીથી જ્યારે જ્યારે પ્રભાશંકર આંબલીનો કોર લાવે, ત્યારે કોઈ ભરવાડ પાસે વાંસડેથી પડાવીને લાવે.

## 3. અમૂલ્ય ચોપડી !

પ્રભાશંકર પહેલી અંગ્રેજીમાં ભણતો હતો.

તે વખતે એક વિદ્યાર્થીને વારંવાર કહ્યા છતાં તે અંગ્રેજી પાઠ્યપુસ્તક ખરીદી લાવતો ન હતો.

એટલે શિક્ષકે સોટી ન હોવાને કારણે એ વિદ્યાર્થીને આંકણીથી ઘણો માર્યો !

પ્રભાશંકરને એ છોકરાની દયા આવી.

પ્રભાશંકર પાસે તેના કાકા ભણી ગયેલા તે અંગ્રેજી ચોપડી હતી.

એ ચોપડી પેલા છોકરાને આપવાનું તેને મન થઈ ગયું.

પણ એ ચોપડી કાકાની હોવાથી તેમને પૂછ્યા વગર શી રીતે દેવાય ?

ઘેર આવી પ્રભાશંકરે કેશવલાલ કાકાને બધી વાત કરી.

કાકાએ તેનો વાંસો થાબડ્યો.

કાકાએ બીજા દિવસની સવાર સુધીમાં ઘણા સારા અક્ષરે એ ચોપડીની નકલ કરી આપી.

પ્રભાશંકરે સવારે જ પેલી કાકાવાળી જૂની ચોપડી પેલા વિદ્યાર્થીને ઘેર જઈને આપી દીધી.

નિશાળમાં શિક્ષકે પ્રભાશંકરને પૂછ્યું :

'અલ્યા, તેં તારી ચોપડી આ વિદ્યાર્થીને શા માટે આપી દીધી ?'

પ્રભાશંકરે જવાબ આપ્યો :

'સાહેબ, એ ચોપડી મારા કાકાની છે. મારા કાકાના કહેવાથી હું તેને ઘેર જઈ દઈ આવ્યો.'

કેશવલાલકાકાએ નકલ કરી આપેલી ચોપડી વડે પ્રભાશંકર ભણ્યો.

ઘણાં વરસ પછી પ્રભાશંકરભાઈ એક વાર ઈ. સ. ૧૯૨૯માં રાજકોટ આવેલા.

અંગ્રેજ અમલદારોને મળી થાકીને સાંજે એ ઘેર આવ્યા. સાફો કાઢી ખુરશીમાં બેઠા.

તે વખતે મુકુંદરાયભાઈએ પેલી નકલ તેમના હાથમાં મૂકી.

એ નકલ જોઈને થાકેલું એમનું મોં ચમકયું.

આંખ ભીની થઈ.

એ નકલ પહેલાં છાતીએ ને પછી માથે મૂકી પ્રભાશંકરભાઈ બે ક્ષણ આંખો બંધ કરી ગયા.

## ૪. ભૂખ્યાં છોકરાંને ખવડાવ્યું

પ્રભાશંકર હાઈસ્કૂલમાં ભણવા માટે રાજકોટ એક સંબંધીને ત્યાં રહેતો હતો.

તે વખતે કાનજીકાકા કોટડા-સાંગાણીમાં રાજવૈદ્ય હતા..

રાજકોટથી કોટડા-સાંગાણી વીસ માઈલ થાય. તે દિવસોમાં રેલગાડી ન હતી.

અભ્યાસકાળ દરમિયાન પ્રભાશંકર શનિવારે અને સોમવારે એક ટંક જમતો. દર શનિવારે સવારે હાઈસ્કૂલથી છૂટી, જમ્યા વગર, સોમવારની ભણવાની ચોપડીઓ સાથે લઈ, રાજકોટથી કોટડા-સાંગાણી ચાલીને જતો.

ત્યાં પહોંચીને ઘેર ચોપડીઓ મૂકીને મિત્રોને લઈ તે નદીએ નાહવા જતો.

હનુમાનજીને શ્રીફળ વધેરી પ્રભાશંકર રાતે કાનજીકાકા સાથે જમતો.

સોમવારે વહેલી સવારે પ્રભાશંકર ચાલી નીકળતો. કાકી એને ભાથું બાંધી આપતાં. તે સીધો રાજકોટ હાઈસ્કૂલે પહોંચી જતો.

જેમને ત્યાં રહીને તે ભણતો હતો, તેમને ત્યાં એ રીતે આ દિવસે તે જમતો નહિ.

એક વાર પ્રભાશંકર કોટડેથી રાજકોટ જતો હતો. રસ્તામાં એક કુટુંબ સાથે થઈ ગયું.

તેમાંનાં બે નાનાં છોકરાં ભૂખ્યાં થયાં. એ કુટુંબ પાસે એમને ખાવા આપવા માટે કશું ન હતું. એટલે પ્રભાશંકરે કાકીએ બાંધી આપેલું ભાથું એ ભૂખ્યાં છોકરાંઓને ખાવા આપી દીધું.

પેલા કુટુંબે તેને કહ્યું :

'તમે ભાથું આપી દેશો, તો જમશો શું ?'

પ્રભાશંકરે હસતાં હસતાં કહ્યું :

'હું સોમવારે એક જ ટંક જમું છું અને રાજકોટ સુધી જ જવું છે.'

દર સોમવારની પેઠે પ્રભાશંકર પેલા સંબંધીને ઘેર જમ્યો નહિ. તેણે રસ્તાની વાત પણ કોઈ ને કહી નહિ.

## ૫. ગરીબો પ્રત્યે હમદર્દી

પ્રભાશંકરને હાઈસ્કૂલમાં સ્કૉલરશિપ મળતી હતી. એ રકમમાંથી તે ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરતો.

આ જોઈ ને તેના સસરા વૈદ્યરાજ મણિશંકરે એક વાર પ્રભાશંકરને કહ્યું :

'તમારા આખા કુટુંબની સ્થિતિ સારી નથી. એ વખતે તમને મળતી સ્કૉલરશિપ બીજાને દેવી એ બરાબર નથી. આમ કરશો તો આગળ શું કરશો ?'

પ્રભાશંકરે જવાબમાં કહ્યું :

'બીજાની રંક અવસ્થા મારાથી જોઈ શકાતી નથી. બીજાને દઈ શકાય, માટે ભગવાન મને આપે છે.

'મારી ઇચ્છા ઘણું દેવાની છે ને મને વિશ્વાસ છે કે, પ્રભુ મને અખૂટ ભંડાર એ માટે જ દેશે.'

## ૬. યુવરાજને રાજાનો ધર્મ સમજાવ્યો

ભાવનગરના યુવરાજ ભાવસિંહજી રાજકોટ ભણતા હતા. તેમને ખરચી ઘણી વાર સમયસર મળતી નહિ. એટલે ખરચી લેવા જાતે ભાવનગર આવવું પડતું.

એક વખત ખરચી મેળવવામાં ઘણો વિલંબ થયો. એ લેવા યુવરાજ ભાવનગર ગયા. ત્યારે દીવાન-ઑફિસમાં યુવરાજે જરા આકરા શબ્દોમાં વાતચીત કરી.

રાજ્યના ઘણાખરા અધિકારીઓને યુવરાજનો સ્વમાની, તેજસ્વી અને ડંખવાળો સ્વભાવ ગમતો નહિ. એટલે

અધિકારીઓએ તેમને કહી દીધું :

'પહેલાં તમે અમે કહીએ તેમ બોલતાં, રહેતાં અને વર્તતાં શીખો. રાજ કેમ ચાલે છે એ સમજતાં શીખો. તમારે ખરચી માગવી નહિ ને અહીં લેવા આવવું નહિ. કયારે ખરચી મોકલવી એ અમને વધારે ખબર છે.'

એ સાંભળીને ભાવસિંહજીએ નારાજ થઈ એવું કહી દીધું :

'હું ગાદીએ આવીશ ત્યારે હિસાબ લઈશ.'

એનો સામો જવાબ મળ્યો :

'કોણે કહ્યું કે ગાદી તમને જ મળવાની છે ? ગાદીની લાયકાત દીવાનસાહેબ નક્કી કરશે.'

આ બનાવની વાત યુવરાજ ભાવસિંહજીએ પ્રભાશંકરભાઈને કહી.

પ્રભાશંકરભાઈએ તેમને મીઠાશથી કહ્યું :

'સ્થિતિનો વિચાર કરીને પણ આપે ગાદીએ આવીને હિસાબ લેવાની વાત ન કહેવી ઘટે.

'માફ કરશો, પણ એક વાત જે ફરી ફરીને કહી છે, તે ફરીથી વિનંતીપૂર્વક રજૂ કરીશ.

'નવસોનવ્વાણું પાદરના ધણી થનારે પોતાનો મોભો ઊંચો જ જાળવવો જોઈએ.

'રાજાએ ખમી ખાવું એટલું જ બસ નથી.

'સામો માણસ સુધરે, ફરી ભૂલ ન કરે, એ રીતે સારે માર્ગે વાળવાની જવાબદારી રાજાની છે.

'ગાદીપતિ તો ઘણા થાય છે. પણ સેવકોનું ને પ્રજાનું ભલું કરી, પિતા પેઠે એમના ચિત્તનું રંજન કરે તેવા રાજા થવાનું ભૂલવું ન જોઈએ.'

## ૭. સાચી સલાહ આપી

ભાવનગરના મહારાજા તખ્તસિંહજીના અવસાન પછી ભાવસિંહજી ગાદીએ આવનાર હતા. તેમણે પ્રભાશંકરભાઈને કહ્યું :

'રાજ્યના કોઈ અધિકારી પર કે અગ્રણી પર મને જરાયે વિશ્વાસ નથી. તમે દીવાન થઈ કારભાર સંભાળી લો. મારે આ બધા લોકોને કાઢવા છે. એમાંના એકેય મારે ન જોઈએ.'

આ સાંભળીને પ્રભાશંકરભાઈએ ગંભીર ભાવે કહ્યું :

'હું દીવાન થવા માગતો નથી. સેવા કરવા માટે હું આપનો વિશ્વાસ ઇચ્છું છું. કોઈ અધિકારનું પદ નહિ. અને કોઈ પદ હાલ તો નહિ જ.'

ભાવસિંહજી નવાઈ પામીને કહે :

'તમે મને કહેલું કે, આપની ઇચ્છા અને આજ્ઞા એકરૂપ થશે ત્યારે આપ કહેશો તેમ કરીશ.'

પ્રભાશંકરભાઈ બોલ્યા :

'એ વાત બરાબર. પણ બે વાત છે.

'કોઈને હઠાવીને આપ મને હોદ્દો આપો, એ મારે જોઈતો નથી.

'વળી, હું રાજકારણનો માણસ નથી. વહીવટનો જોઈતો અનુભવ મારે હજી બાકી છે.

'વળી, વિનંતીપૂર્વક ભાર દઈ મારે આપનું ધ્યાન ખેંચવું છે કે, નાગરો જેવી વહીવટી કુશળતા આપણને બીજેથી મળવાની નથી. એમને દૂર કરશો તો વહીવટને પાંગળો બનાવશો અને નાગરોને દુશ્મન બનાવશો. બીજા નોકરિયાતોને તથા પ્રજાને આપમાં વિશ્વાસ નહિ રહે. એ કોઈને માટે લાભકારક નથી.

'હું જાણું છું કે, આપને ન ગમે એવું એ સૌએ ઘણું કર્યું છે. બીજી ભૂલો પણ એમનાથી થતી હશે. છતાં રાજનું જેટલું એમને હૈયે દાઝે છે, એટલું બીજા કોઈને દાઝતું હોય એવું મેં જોયું નથી.'

પછી થોડીક વાર થોભીને પ્રભાશંકરભાઈ આગળ બોલ્યા :

'હાલ હું વાઘજી ઠાકોરની મોરબીની નોકરીમાં છું. એમનો અને અમારો ત્રણ પેઢીનો સંબંધ હોવાથી હું નોકરી વગરનો થઈ મોરબી પાછો આવ્યો છું, એમ જાણ થતાં મને સામેથી બોલાવી નોકરીએ રાખ્યો છે.

'હવે એમની નોકરીમાંથી રાજીનામું મારે ન દેવાય. આપ એમની પાસે મારી માગણી મૂકો. તેઓ ના નહિ કહે.'

ભાવસિંહજીએ તારથી વાઘજી ઠાકોર પાસે પ્રભાશંકરભાઈને છૂટા કરી, સોંપવા માગણી કરી.

મોરબી ઠાકોરે આ વાતને મંજૂર કરી.

ભાવસિંહજીનો રાજ્યાભિષેક થયો. મહારાજા ભાવસિંહજીએ પ્રભાશંકરભાઈની સલાહ મુજબ પગલાં લીધાં.

એ વખતના પ્રવચનમાં તેમણે કહ્યું :

'રાજ્યને આબાદ કરવા, ઊંચું લાવવામાં અને સુખશાંતિભર્યું કરવામાં મારા અમલદારો એકનિષ્ઠાથી સેવા આપશે એવો મને વિશ્વાસ છે. રાજાએ તથા તેના અમલદારોએ તનમનધનથી પ્રજાનું ભલું કરવા જીવન દેવું જોઈએ, એવી મારી ભાવના છે.'

ઘણાને એમ લાગતું હતું કે, મહારાજા ભાવસિંહજી હવે પ્રભાશંકરભાઈને દીવાન બનાવશે. વહીવટમાં પણ મોટા ફેરફારો થશે, એવી માન્યતા હતી. ઘણા અમલદારોને પોતાનું સ્થાન જવાનો પણ ભય હતો.

પણ એવું કશું બન્યું નહિ !

કોઈપણ અમલદારને સ્થાનથી ખેસવવામાં ન આવ્યા.

સહુના આશ્ચર્ય વચ્ચે મહારાજાના હજૂર સેક્રેટરીની નવી જગ્યા ઊભી કરીને તે પર માસિક સવાસોના પગારથી પ્રભાશંકરભાઈની નિમણૂક કરવામાં આવી !

આનું પરિણામ કેટલું સુખદ આવ્યું એ જુઓ.

મહારાજા તખ્તસિંહજી દેવ થયા, ત્યારે રાજ્યની તિજોરીમાં ફક્ત એકતાળીશ રૂપિયા હતા. ઝવેરાતમાં મોતીની એક માળા હતી. રાજ્ય ઉપર લાખો રૂપિયાનું કરજ હતું.

આપણા દેશની આઝાદી પછી ૧૯૪૮માં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્યમાં ભળ્યું, ત્યારે ભાવનગરે અઢાર કરોડ રૂપિયા રોકડા, જુદાં જુદાં બીજાં મોટાં ફંડો અને બીજી કેટલીય અસ્કામતો સોંપેલી.

## ૮. ક્ષમાભાવ

ભાવસિંહજી ભાવનગર રાજ્યના મહારાજા બન્યા.

તે વખતે પ્રભાશંકરભાઈ મહારાજાના હજૂર સેક્રેટરી બન્યા હતા.

ભાવસિંહજીને પહેલાંથી જ પ્રભાશંકરભાઈ પ્રત્યે આદરમાન હતું. મહારાજાસાહેબ જાહેરમાં પણ તેમના તરફ આદરમાન બતાવતા હતા.

આ જોઈ ને દ્વેષીલા અધિકારીઓ મશ્કરીમાં અંદરોઅંદર કહેતા કે-

'જોજોને! મહારાજાસાહેબ આજકાલમાં એમને દીવાનપદું આપી દેશે !'

પ્રભાશંકરભાઈ રાજ્યની નોકરીમાં તદ્દન નવા જ દાખલ થયા હતા.

તે એકાએક આવી ઉચ્ચ સત્તાના પદે આવે, એ પેલા જૂના રીઢા અધિકારીઓને શાનું ગમે ?

એટલે પ્રભાશંકરભાઈ તેમને કાંટાની માફક ખૂંચવા લાગ્યા. તેમનું કાસળ કાઢી નાખવાનું કાવતરું તેઓ છાનામાના વિચારવા લાગ્યા.

એમનું ખૂન કરવાનું કાવતરું પણ ગોઠવાઈ ગયું.

પણ કાવતરું પકડાઈ ગયું !

તેમને મારવા આવનાર મારાને તેમણે જ પકડી પાડ્યો !

પરંતુ પ્રભાશંકરભાઈએ પોતાનું ખૂન કરવા આવનાર મારાને ક્ષમા આપી છોડી દીધો !

એ વાતને તેમણે ત્યાં ને ત્યાં દાબી દીધી.

પ્રભાશંકરભાઈનું આવું ક્ષમાશીલ વલણ જોઈને વિરોધીઓને પણ એમના પ્રત્યે માન ઊપજયું.

ત્યાર પછી આવો અનિષ્ટ બનાવ બન્યો નહિ.

આ બનાવ પછી પ્રભાશંકરભાઈએ પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું :

'મારી આખી અવનિ પરની જિંદગાની વિશે મેં,
રાખી હોયે મુજ રિપુ પરે દૃષ્ટિ એ રીતની મેં;
તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ !
તોયે તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'

## ૯. નોકર પણ રાજ્યનો પ્રજાજન

પ્રભાશંકરભાઈ ભાવનગરના મહારાજા ભાવસિંહજીના હજૂર સેક્રેટરી પદે હતા.

તે વખતે એક વાર ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રાજીનામું આપી ચોવીસ કલાકમાં ભાવનગર છોડી જવા હુકમ કર્યો.

પછી ભાવસિંહજીએ પ્રભાશંકરભાઈને બોલાવી એ રાજીનામા ઉપર મંજૂરીનો હુકમ લખવા કહ્યું.

પ્રભાશંકરભાઈએ મહારાજા પાસેથી બધી હકીકત જાણી લીધી.

પછી થોડી વાર બહાર જઈને તે મહારાજાસાહેબ પાસે પાછા આવ્યા.

પ્રભાશંકરભાઈએ પોતાનું જ રાજીનામું મહારાજાના હાથમાં મૂક્યું !

આ જોઈને ભાવસિંહજી નવાઈ પામીને બોલી ઊઠ્યા :

'અરે, આ શું ?

'તમારું રાજીનામું ?'

પ્રભાશંકરભાઈએ પ્રેમભર્યા શબ્દોમાં કહ્યું :

'મહારાજાસાહેબ, શાંતિથી સાંભળો.

'રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી.

'તે પ્રજાનો બાપ પણ છે.

'અને રાજ્યનો નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી.

'નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ મોટા અમલદારની છે.

'અને એથી પણ વધારે અમલદારોના પણ અમલદાર જેવા રાજાની છે.

'એને બદલે જો રાજા ઘડીમાં કોપી જાય-

'અને જે કુટુંબે પેઢીદરપેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય,

'એવા કુટુંબના એક માણસે રાજના નોકર તરીકે કંઈ ભૂલ કરી હોય,

'તો તે બદલ તત્કાળ આકરી સજા રાજા કરે,

'તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કોણ સારો માણસ ઇચ્છા રાખે ?

'માટે મેં મારું રાજીનામું આપ્યું છે.'

મહારાજા ભાવસિંહજીએ એમની વાત ખૂબ શાંતિથી સાંભળી.

તેમને પોતાની ભૂલ સમજાઈ.

એટલે તેમણે બાજી સુધારવા પ્રભાશંકરભાઈને બધી છૂટ આપી.

## ૧૦. 'મન અભિમાન ન આણે રે'

લૉર્ડ કર્ઝન હિંદના વાઈસરૉય તરીકે હતા.

તેમણે કાઠિયાવાડ અને બ્રિટિશ હિંદની વચ્ચે જકાતની લાઈન-દોરી નાખી.

એ રીતે કાઠિયાવાડનો વેપાર બ્રિટિશ હિંદમાં જતો અટકાવી દીધો.

આની અસર ભાવનગર રાજ્ય પર પણ પડી.

આ પહેલાં ભાવનગર રાજ્ય સાથે અંગ્રેજ સરકારને સમાન બંદરી-હકના કરાર હતા.

પણ લૉર્ડ કર્ઝને ભાવનગર રાજ્યની આ લાઈનદોરીની બાબતમાં સંમતિ લેવાની પરવા ન કરી.

આ વખતે પ્રભાશંકરભાઈ ભાવનગર રાજ્યના દીવાન તરીકે હતા.

ભાવનગર રાજ્યે અંગ્રેજ સરકારને આ બંદરી-કરારભંગ સામે ઘણી અરજીઓ કરી. પણ કશી દાદ મળી નહિ !

આથી ભાવનગર રાજ્યે ઇંગ્લૅન્ડમાં ઇન્ડિયા કાઉન્સિલ આગળ અરજ રજૂ કરી.

આ કામ ઇંગ્લૅન્ડમાં રહેતા ભાવનગરી નામના પારસી સદ્‌ગૃહસ્થને સોંપ્યું.

પણ એ કામ વરસો સુધી પાર પડ્યું નહિ.

છેવટે પ્રભાશંકરભાઈ પોતે ઇંગ્લૅન્ડ ગયા.

તે વખતના હિંદી વજીર લૉર્ડ મોર્લે હતા. પ્રભાશંકરભાઈએ તેમને રૂબરૂ મળીને શાંતિથી બધી હકીકત સમજાવી.

લૉર્ડ મોર્લે ન્યાયપ્રેમી હતા.

તેમણે આખો કેસ ધ્યાન લઈ તપાસી જોયો. લૉર્ડ કર્ઝનનું

પગલું તેમને અન્યાયભર્યું લાગ્યું. એટલે લૉર્ડ મોર્લેએ એ કાયદો રદ કરતો ઠરાવ કર્યો.

ભાવનગર રાજ્યની તરફેણમાં ચુકાદો આવ્યા પછી લૉર્ડ મોર્લે પ્રભાશંકરભાઈને હર્ષભેર મળ્યા.

તેમને અભિનંદન આપતાં લૉર્ડ મોર્લે બોલ્યા :

'અભિનંદન ! શ્રી પ્રભાશંકર, તમે તમારો કેસ જીતી ગયા છો.'

પ્રભાશંકરભાઈએ નમ્રભાવે જવાબમાં કહ્યું :

'ના, ના, મોર્લેસાહેબ ! આપનો આભાર.

'આ વિજય પ્રભાશંકરનો નથી.

'પરંતુ બ્રિટિશ રાજ્યમાં રહેલી ન્યાયની ભાવનાનો આ વિજય છે.'

પછી પ્રભાશંકરભાઈએ આવેલા આ સુખદ ચુકાદાના ખબર તારથી ભાવનગર આપ્યા. એમાં તેમણે જણાવ્યું હતું :

'...આ સફળતાનો યશ શ્રી ભાવનગરીને આભારી છે.'

ભાવનગરની તરફેણમાં ચુકાદો આવતાં મહારાજા ભાવસિંહજી પાસે પ્રજાજનો હર્ષ દર્શાવવા દોડતા આવ્યા.

તેમાં ભાવનગરના માજી દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈ પણ હતા.

તેમણે પ્રભાશંકરભાઈનો તાર વાંચીને મહારાજાસાહેબને કહ્યું :

'પટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે. છતાં પટણી ભાવનગરીને જશ દે છે એ તેની મોટાઈ છે.

'એ પટણીથી જ થઈ શકે. બીજાનું એ ગજું નહિ.'

## ૧૧. શ્રી પ્રભાશંકરભાઈની કર્તવ્યનિષ્ઠા

ભાવનગરના મહારાજાસાહેબ ભાવસિંહજીનું અવસાન થયું.

તે વખતે પ્રભાશંકરભાઈ ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય હોવાથી ઇંગ્લૅન્ડમાં હતા.

પ્રભાશંકરભાઈની અદ્ભુત કાર્યશક્તિ જોઈને અંગ્રેજ સરકાર તેમને હિંદના કોઈ પ્રાંતના ગવર્નર બનાવવા વિચારતી હતી.

પરંતુ ભાવસિંહજીનું અવસાન થતાં સૌને લાગ્યું કે, બાળમહારાજની સંભાળ રાખવા તથા રાજ્યનો વહીવટ કરવા પ્રભાશંકરભાઈને અંગ્રેજ સરકાર નીમે તો સારું.

એ માટે ભાવનગરના પ્રજાજનોએ અને કુટુંબીઓએ સરકારમાં તાર તથા પત્રથી અરજી કરી.

અંગ્રેજ સરકાર એમ માનતી હતી કે, પ્રભાશંકરભાઈ ગવર્નરપદનું સત્તાશાળી અને વૈભવભર્યું ઊજળું ભાવિ છોડીને ભાવનગર જવાનું પસંદ નહિ કરે.

સરકાર તરફથી આ બે પદ વચ્ચે પસંદગી કરવાનું પ્રભાશંકરભાઈને કહેવામાં આવ્યું.

પ્રભાશંકરભાઈએ જરાયે ખંચકાયા વગર તરત જ ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું !

આ સાંભળીને સરકારને ઘણું આશ્ચર્ય થયું.

એનું કારણ પૂછતાં પ્રભાશંકરભાઈ એ નમ્રપણે અને વિવેકભર્યા શબ્દોમાં સરકારને કહ્યું :

'ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે, તેમના પાટવીકુંવર મારા હાથ તળે ઊછરે.

'હાલ જ્યારે એ નામદારની હયાતી નથી, ત્યારે મારી પહેલી ફરજ એ છે કે, મારે આ જ સ્વીકારવું જોઈએ.'

એટલે સરકારને પણ એમનું પગલું યોગ્ય લાગ્યું અને પ્રભાશંકરભાઈ ભાવનગર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટરના પદે આવ્યા.

## ૧૨. વિવેકભર્યું પગલું

એક વાર એક નિકટના સંબંધીએ પ્રભાશંકરભાઈને પૂછ્યું:

'ઘણાને તમે બચાવ્યા. ઘણા તમારી ઓથે ટકી રહ્યા. છતાં એ નાગરોમાં તમારા વિશે સારું ઓછું બોલાય છે. તો પછી થતું હોય તેમ થવા દો ને ! તમારી એ લોકોને કદર નથી. પછી શા માટે એવા નગુણા માણસોનું ઉપરાણું લો છો ?'

એના જવાબમાં પ્રભાશંકરભાઈ ગંભીર ભાવે બોલ્યા :

'એકલા નાગરોની જ વાત કેમ કરો છો ?

'કોઈ પણ સ્વમાની માણસ બીજા અજાણ્યા માણસના ઉપકાર તળે આવે, એ તેને ગમતું નથી.

'સ્વમાન-હાનિનું ભાન ઉપકાર કરનાર તરફ અણગમો ઊભો કરે છે.

'કૃતજ્ઞતાની ભાવના જેની ખીલી નથી હોતી, એવા સામાન્ય માણસોનો એ સ્વભાવ છે.

'બંગાળના સુપ્રસિદ્ધ દાતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને કોઈએ પૂછ્યું કે, "ફલાણા ગૃહસ્થ કેમ તમારી નિંદા કરે છે ?"

'ઈશ્વરચંદ્રે કહ્યું કે, "મને યાદ આવતું નથી કે, મેં એમના ઉપર એવો કોઈ ઉપકાર કર્યો હોય."

'માણસ અપકાર કરીને જ અણગમો વહોરે છે એવું નથી. આપણું કયું વર્તન કોને ક્યારે નહિ ગમે, એ સમજાય એમ નથી.

'માનહાનિ, સ્વાર્થમાં આડે આવવું, તેજોદ્વેષ, એવાં ઘણાં કારણો તો સ્પષ્ટ દેખાય તેવાં છે. ઉપકાર કરવા જતાં અનર્થ પણ થાય.

'બાકી, ઉપકાર તળે આવેલો માણસ પોતાની કૃતજ્ઞતા જાહેર કરે એવી ઇચ્છાથી ઉપકાર કરવા નીકળનારથી કોઈ કામ સરખું થતું નથી.

'બાકી, નાગરો વિશે મારો મત ઊંચો છે.

'કાઠિયાવાડ જ્યારે મુસલમાન, પેશ્વા, ગાયકવાડ વગેરેના હુમલાથી ને રંજાડથી પાયમાલ થતો હતો, ત્યારે તેને બચાવવામાં કુનેહથી કામ નાગરોએ લીધું છે, એમ મને લાગે છે.

'દેશ માટે નાગર સિવાય આગળપાછળનો વિચાર બીજાએ ઓછો કર્યો છે.'

પછી થોડી વાર અટકીને પ્રભાશંકરભાઈ કહે :

'ભાવસિંહજીએ રાજવહીવટમાં રસ લેવાની શરૂઆત કરી, એ યુવરાજપદે હતા, ત્યારે નાગરોએ એવો વર્તાવ કરેલો કે ગાદીએ આવીને ભાવસિંહજીને નાગરોને કાઢવા હતા.

'સારું થયું કે ભાવસિંહજી મહારાજે મારી વિનંતી સ્વીકારી. નહિ તો સ્થિતિ કેવી થાત એ કહી ન શકાય.

'ભાવસિંહજી યુવરાજ હતા ત્યારે હું તેમનો સામાન્ય નોકર હતો. નાગર અમલદારો યુવરાજ જેવાને ગમે તેમ કહી શકે, ત્યાં બીજા સામાન્ય નોકરની શી વાત ? મારે તો તે વખતે ભાવનગરની નોકરીમાંથી છૂટું જ થવું પડ્યું હતું. અણગમતો માણસ હતો.

'ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમણે મને પોતાની પાસે લીધો. ભાવસિંહજી અને નાગરો વચ્ચેનો સંબંધ જાણીતો હતો.

'તમે ત્યારના નાગરોની દૃષ્ટિએ વિચાર કરો કે, ભાવસિંહજી ગાદીએ આવી મને બોલાવી મારામાં વિશ્વાસ મૂકે ને નાગરો તરફ અણગમો દેખાડે, ત્યારે તમારી નજરે હું કેવો લાગું ? આ સીધીસાદી વાત છે. હું સમજતો હતો.

'એ સ્થિતિમાં હું નાગરોનું ઉપરાણું કરું તો મહારાજને ન ગમે. અને મહારાજાને હા-જી-હા કરું તો નાગરો સાથેનો સંબંધ

બગડે ને રાજ પાંગળું થાય.

'એમ બે બાજુથી મને ભીંસ હતી. બે બાજુથી અણગમો અને ઉપાધિ વહોરવી પડશે એ હું પહેલેથી સમજતો હતો. એટલે બને તેટલું સારું કરવા મેં મહેનત કરી.

'મેં કોઈ પાસેથી શિરપાવ ઇચ્છ્યો નથી. મારી ફરજ સમજીને વર્ત્યો છું. મારી નજર બને તેટલું સહુનું ભલું કરવા ઉપર છે.'

## ૧૩. શ્રી પ્રભાશંકરની વિનમ્રતા

પ્રભાશંકરભાઈને તેમના વિવેકભર્યા રાજકારભારથી ઘણી સફળતા મળી હતી. કોઈ તેમના કામનાં વખાણ કરે એ એમને ગમતું નહિ. કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકતું એનો જશ તે ન લેતા.

આવી પ્રશંસા કરનારને પ્રભાશંકરભાઈ વિનમ્રપણે કહેતા :

'હું જે કંઈ કરી શકયો છું તેની પાછળ ખરી હકીકત તો એ છે કે, મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો. અને તેમના મારા પરના વિશ્વાસને લઈને મારામાં જે શક્તિઓ હતી તે બહાર આવી.

'હું માનું છું કે, મારા જેવા ઘણાય છે. માત્ર તેમને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.'

## ૧૪. પ્રલોભનોથી સો ગાઉ દૂર

પ્રભાશંકરભાઈ ભાવનગર રાજ્યના એડ્મિનિસ્ટ્રેટરપદે હતા. તે વખતે હિંદભરનાં દેશી રાજ્યોના એકમાત્ર ઉત્તમ સલાહકાર બન્યા હતા. કોઈ પણ રાજ્યમાં કોઈ ગૂંચ ઊભી થાય તો એના ઉકેલ માટે પ્રભાશંકરભાઈની સલાહ લેવામાં આવતી.

એક વેળાએ કાશ્મીરના મહારાણાએ રાજ્યના એક જટિલ પ્રશ્ન અંગે પ્રભાશંકરભાઈને બોલાવ્યા. તેમની સલાહ લીધી. એનું પરિણામ ઘણી સરળતાથી સારું આવ્યું.

આથી મહારાણાએ તેમને કહ્યું :

'ભાવનગર રાજ્ય તો ખોબા જેવું છે. તમારે માટે ઘણું નાનું છે. તમે કાશ્મીરને પોતાનું કરો તો હું પાંચ હજારથી ઓછા નહિ આપું અને તમારી યોગ્ય કદર કરીશ. માટે ભાવનગર છોડીને અહીં આવી જાઓ.'

પ્રભાશંકરભાઈએ ધીરગંભીર અવાજે કહ્યું :

'મારા પર આપ વિશ્વાસ ન રાખો તો આવું.'

મહારાણાએ આશ્ચર્ય પામી પૂછ્યું :

'એવી શરત કેમ મૂકો છો ?'

સવાલના જવાબમાં પ્રભાશંકરભાઈ બોલ્યા :

'ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ મને આગળ આણ્યો.

'એ દેવ થયા ત્યારે તેમનાં સંતાનો મને સોંપતા ગયા છે.

'જો હું સત્તા કે ધનને લોભે એ બધું ભૂલી જઈ, એને છોડીને કાશ્મીર આવું તો પછી હું આપને કે કાશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે રાખવો જોઈએ ખરો ?

'આજે ભાવનગરને છોડું તો કાલે આનાથી મોટા પ્રલોભનમાં પડી તમને પણ છોડી દઉં ! મારો શો ભરોસો ?'

મહારાણા તો આવા નિષ્ઠાવાન રાજ્ય-સેવકને અહોભાવથી જોઈ રહ્યા.

## ૧૫. માતાની જોડ ન જડે !

પ્રભાશંકરભાઈનાં વયોવૃદ્ધ સાવકાં માતુશ્રીનું અવસાન થયું.

માતાનો અગ્નિસંસ્કાર કરીને પ્રભાશંકરભાઈ સૌ સ્મશાનયાત્રીઓ સાથે પાછા ફર્યા. પોતાના નિવાસસ્થાનના દરવાજા આગળ આવીને તે બેઠા.

ધીમે ધીમે સૌ ભાઈઓ ઊભા થતા ગયા.

પરંતુ પ્રભાશંકરભાઈ રડતા રડતા બારણા આગળ જ બેસી રહ્યા.

તેથી તેમને શાંત રાખવા માટે નગરશેઠ, બીજા સદ્‌ગૃહસ્થો, ખાતાના મુખ્ય અધિકારીઓ વગેરેએ ઘણી ઘણી રીતે આશ્વાસન આપ્યું.

પરંતુ પ્રભાશંકરભાઈ રડતા રડતા ત્યાં ને ત્યાં જ બેસી રહ્યાં.

બહુ વખત પછી તેમનું રડતું હૈયું ખાલી થયું. એટલે તે ધીમેથી ઊભા થયા.

સૌ પ્રતિષ્ઠિત ભાઈઓ તરફ જોઈને કપડા વડે આંખો લૂછતાં લૂછતાં પ્રભાશંકરભાઈ ગદ્‌ગદ કંઠે બોલ્યા :

'ભાઈઓ, તમે સૌએ મને બહુ બહુ રીતે આશ્વાસન આપ્યું.'

'હું પણ સમજું છું કે, મારાં બાનો બહુ મોટી ઉંમરે સ્વર્ગવાસ થયો છે.

'વળી તે સમાજના કહેવા મુજબ લીલી વાડી, સૌને સુખી તેમ જ મારા જીવનની ઉત્તરોત્તર ઉન્નતિ જોઈને નિરાંતે ગયાં છે.

'નામ તેનો નાશ તો નિશ્ચિત છે. વળી વધુ શોક કરવો વ્યર્થ છે એ પણ હું જાણું છું.

'પરંતુ મને એક જ વાતના સ્મરણે રડું આવે છે ! અને તે એટલું જ કે-

'આજે તમો સૌમાંથી ઘણા મને બાપુજી કહીને સંબોધો છો.

'મારા મિત્રો મને સર પી.પી. કહે છે. કોઈ દીવાનસાહેબ કહે છે, ત્યારે કોઈ સર પટણી કહે છે.

'પણ આજે મને મારી જનેતાની જેમ તુંકારાથી બોલાવનાર બીજું કોઈ રહ્યું નથી !

'હું અસ્વસ્થ હોઉં, વહેલો-મોડો બહારથી બંગલે આવ્યો

હોઉં, ત્યારે મારાં બા મને પૂછતાં કે, 'દીકરા પરભા, તારી તબિયત કેમ છે ? કેમ મોડો આવ્યો ? તેં ખાધું ?"

'આવું આવું પૂછનાર અને મારી સતત કાળજી રાખનાર મારાં બાની ગેરહાજરી મારા અંતરનું દુઃખ છે !'

આ સાંભળીને સૌ કોઈ અહોભાવથી દીવાનસાહેબ પ્રભાશંકરભાઈને જોઈ રહ્યા.

## ૧૬. સ્પષ્ટવક્તા શ્રી પ્રભાશંકરભાઈ

પ્રભાશંકરભાઈ અને મહાત્મા ગાંધીજી રાજકોટ હાઈસ્કૂલમાં સાથે ભણતા હતા ત્યારની એમની પિછાન. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા આવ્યા પછી બંને ગાઢ મિત્રો બની ગયા હતા.

પ્રભાશંકરભાઈ ગાંધીજી પ્રત્યે માનથી જોતા. છતાં પોતાને સત્ય લાગતી વાત ગાંધીજીને કહી દેતા.

ઈ. સ. ૧૯૨૪ પછી ભાવનગર ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદ બોલાવવા હિલચાલ થઈ. ત્યારે પ્રભાશંકરભાઈએ ના પાડીને ગાંધીજીને અમદાવાદમાં આશ્રમમાં ચોખ્ખું કહી દીધું :

'ભાવનગરમાં હાલ બાળમહારાજા છે. મહારાજાને બીજાં રાજ્યો સાથે રાજકીય તેમ જ કૌટુંબિક સંબંધો છે.

'જો ભાવનગરને આંગણે પરિષદ મળે ને પરિષદમાં બીજાં રાજ્યો વિરુદ્ધ ઠરાવ થાય, તો તે તે રાજ્યોનો ભાવનગર સાથે સંબંધ બગડે. તે માટે હું ના પાડું છું.

'પણ જો બીજાં રાજ્યોની વિરુદ્ધમાં ઠરાવ ન કરવાના હો ને આપ પોતે પ્રમુખ થવાના હો, તો ખુશીથી ભાવનગરમાં પરિષદ ભરો. હું બધી સગવડ અપાવીશ.

'અને એ પરિષદમાં ભાવનગરની વિરુદ્ધ જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ છે.'

ગાંધીજી પાસે તે વખતે બીજા માણસો પણ બેઠા હતા. ગાંધીજીએ પ્રભાશંકરભાઈને હસીને પૂછ્યું :

'ધારો કે મારા પ્રમુખપદે ત્યાં પરિષદ ભરાય અને તેમાં બીજાં કોઈ રાજ્ય વિરુદ્ધ ઠરાવ થાય તો તમે શું કરો ?'

પ્રભાશંકરભાઈએ સામે હસીને જવાબ આપ્યો :

'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું ને હું આપની સામે બેસું.'

ગાંધીજીએ પરિષદનું પ્રમુખપદ સ્વીકાર્યું. પરિષદ ભાવનગર ખાતે ભરાઈ. કોઈ અનુચિત ઠરાવ પસાર ન થયો.

## ૧૭. નીડર માર્ગદર્શક

બીજી ગોળમેજી પરિષદ વખતે કૉંગ્રેસ આગેવાનો તથા સરકારના સત્તાધીશોના આશ્ચર્ય વચ્ચે ગાંધીજીને સમજાવીને પ્રભાશંકરભાઈ તેમને ઇંગ્લેન્ડ લઈ ગયેલા.

તે વખતે પ્રભાશંકરભાઈએ ગાંધીજીને કહેલું :

'હું જાણું છું કે, અંગ્રેજ સત્તાધીશો હાલ સ્વાર્થથી અંધ છે. તેથી પરિષદ સફળ નથી થવાની !

'પણ આપનું ત્યાં જવું નિષ્ફળ નહિ થાય. કારણ કે ત્યાં જવાથી ત્યાંની પ્રજા જે આપ વિશે કે હિંદ વિશે ખરેખર કંઈ જાણતી નથી, માત્ર સરકારે ચાળીને આપેલા ખબર જાણે છે, તે પ્રજા સત્યથી પૂરેપૂરી વાકેફ થશે અને આપણી માગણી ન્યાયપુરઃસરની છે એમ સમજશે. અને હિંદ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થશે.'

ગોળમેજી પરિષદમાં પ્રભાશંકરભાઈને પણ આમંત્રણ હતું. ત્યાંના એક સત્તાધારીએ પ્રભાશંકરભાઈને સરકારની તરફેણમાં ખેંચવા કહેલું :

'તમે સામાન્ય વ્યક્તિ નથી. સરકારને તમારામાં વિશ્વાસ

છે. સરકાર ઇચ્છે છે કે, કોઈથી દબાયા વગર તમે સ્વતંત્ર અભિપ્રાય આપશો.'

આના જવાબમાં પ્રભાશંકરભાઈએ કહ્યું :

'આપ જાણો છો કે, કેવળ હિંદના લાભ માટે નહિ, પણ ભારોભાર બ્રિટનના અને સમગ્ર માનવજાતના હિત માટે ગાંધીજી વાત કરે છે.

'એટલે આપે ગાંધીજીને પૂરેપૂરા સાંભળવા એવી મારી વિનંતી છે.

'અમે અમારી અંગત વાત બોલીએ છીએ, જ્યારે ગાંધીજી આખા હિંદની વાત બોલે છે.

'આપ બીજાઓને મોટા બનાવી પૂછો છો, જેથી સામા માણસને એમ થાય કે, હું કાંઈક છું. ને તેથી ગાંધીજીથી જુદા પડી નવી કે આડી વાત બોલે છે. અને તેથી સમાધાન ન થાય, ત્યારે સરકાર કહે કે, તમે અંદરોઅંદર એકમત નથી, ત્યાં અમે શું કરીએ ?

'માટે એવી પરિસ્થિતિમાં આપ મને ન મૂકો. હું બ્રિટન અને હિંદ બંનેનું હિત ચાહું છું. એટલે ગાંધીજી જે કહે તેમાં મારી સંમતિ સમજશો.

'અને બ્રિટને ગાંધીજીને સાંભળવા, તેમના કથનને માન્યતા આપવી તેમાં બ્રિટનનું હિત થશે તેમ જ તેનો મોભો વધશે એવી મારી માન્યતા છે.'

## ૧૮. શ્રી પ્રભાશંકરભાઈની દીર્ઘદૃષ્ટિ

દીર્ઘદ્રષ્ટા પ્રભાશંકરભાઈ સમજતા હતા કે, બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ જવાની છે. પણ ભારતને થોડાં વરસોમાં સ્વતંત્રતા મળવાની જ છે.

આથી ગોળમેજી પરિષદ વખતે પ્રભાશંકરભાઈએ એક બીજું કાર્ય કર્યું.

ગાંધીજી કદી ફોટો પડાવવા ઊભા રહેતા નહિ. પણ પ્રભાશંકરભાઈએ ગાંધીજીને વિનંતી કરી અને ગાંધીજીએ તે માન્ય રાખી. તે એ કે, ઇંગ્લેન્ડના જાણીતા ચિત્રકાર સર ઑસ્વાલ્ડ બિર્લી પાસે ગાંધીજી રોજ એક કલાક જઈ ને સ્થિર ઊભા રહે અને તે ચિત્રકાર તેમનું તૈલચિત્ર તૈયાર કરી આપે.

ગાંધીજીએ લાગટ આઠ દિવસ સુધી એ રીતે 'પોઝ' આપ્યો.

તે તૈલચિત્ર પોતાના ખર્ચે તૈયાર કરાવીને પ્રભાશંકરભાઈ હિંદ લઈ આવેલા. તેમણે એ પેટી ખોલાવી ન હતી.

પોતાનો અંતકાળ નજીક જોઈ તેમણે એ પેટી પોતાના સૌથી મોટા પુત્ર અનંતરાયભાઈને સોંપીને કહ્યું :

'આમાં પૂજ્ય ગાંધીજીનું લાઇફ સાઇઝનું તૈલચિત્ર છે, તે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થાય ત્યારે તેની વડી ધારાસભાને ભેટ આપવાનું છે.'

અને એ રીતે ઈ. સ. ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી. ત્યારે અનંતરાયભાઈએ એ તૈલચિત્ર વડી ધારાસભામાં તા. ૨૮-૮-૧૯૪૭ના રોજ શ્રી રાજેન્દ્રપ્રસાદજીના હાથે ખુલ્લું મુકાવ્યું હતું.

## ૧૯. કોઈનું દિલ દુભાય એવું ન બોલવું

મુકુંદરાયભાઈ પારાશર્યે ભાવનગરમાં કૉલેજનો અભ્યાસ કર્યો. પ્રભાશંકરભાઈને બંગલે અનંતવાડીમાં તે બીજા વિદ્યાર્થીઓ સાથે રહેતા હતા.

ઈ. સ. ૧૯૩૫ના શિયાળાની એક રાતે મુકુંદરાયભાઈ બેત્રણ છોકરાઓ સાથે બંગલાની લાઇબ્રેરીમાં બેસીને જોક્સ-મજાક કરીને હસતા હતા.

તે જ વખતે પ્રભાશંકરભાઈ જમીને નીચે ઊતરીને ત્યાંથી પસાર થતા હતા. છોકરાઓને ખડખડાટ હસતા જોઈ ને તે

ઊભા રહ્યા. તેમણે પૂછ્યું : 'છોકરાઓ, શી વાત ચાલે છે ?'

મુકુંદભાઈએ કહ્યું :

'જ્યોર્જ બર્નાર્ડ શૉની જોક.'

તેમણે પૂછ્યું : 'કઈ જોક ?'

મુકુંદભાઈ બોલ્યા : 'દાદા, પેલી છે ને ?'

ઇંગ્લેન્ડના એ વિશ્વવિખ્યાત નાટ્યકાર બર્નાર્ડ શૉને એક સુંદર તરુણી સાથે ભેટો થયો.

તે વખતે પેલી બાઈએ શૉ આગળ દરખાસ્ત મૂકી : 'આપણે પરણીએ.'

શૉએ પૂછ્યું : 'શા માટે ?'

સ્ત્રીએ કહ્યું :

'તમારા જેવું બુદ્ધિશાળી અને મારા જેવું સુંદર બાળક આપણને થાય.'

એટલે શૉએ હસતાં હસતાં કહ્યું :

'પણ એથી ઊલટું થાય તો !

'તારા જેવું ગમાર અને મારા જેવું કદરૂપું બાળક થાય તો શું કરવું ?'

આમ કહીને છોકરાઓ હસ્યા.

પ્રભાશંકરભાઈ પણ સાથે હસતાં હસતાં કહે :

'ભારે કાબેલ ! માથેથી જવાબદારી ટાળી નાખી !'

પછી ગંભીર થઈ લાકડીને ટેકે એક ડગલું બારણા તરફ આગળ વધીને બોલ્યા :

'આ મજાક આપણને ગમે છે. કારણ કે આપણે આપણી જાતને શૉની જગ્યાએ કલ્પીને આપણે પણ આ રીતે જવાબદારી ટાળી હોય, તો એ વિચારે આનંદ થાય છે.

'પણ આમાં બીજીયે વાત છે. ને મારું ધ્યાન એ તરફ જ

જાય છે. મને થાય છે કે, શૉનો આ જવાબ સાંભળી પેલી બાઈને શું થયું હશે ?'

છોકરાઓ મૂગા થઈ ગયા.

પ્રભાશંકરભાઈએ કહ્યું : 'એ વિચારી જોવા જેવું છે.'

ને તે ચાલતા થયા.

મુકુંદભાઈએ કહ્યું : 'દાદા, તમે સમજાવોને !'

પ્રભાશંકરભાઈ ઊભા રહ્યા અને બોલ્યા :

'સ્ત્રીનું શારીરિક અને માનસિક બંધારણ માતા થવા માટેનું છે. જનેતા થવા માટે તેને પુરુષના સાહચર્યની જરૂર પડે છે.

'હવે એ બાઈને શૉએ જવાબ આપ્યો તેનો વિચાર કરો. ને પછી આપણને જે હસવું આવે છે એ આપણી માણસ તરીકેની પાત્રતાનો વિચાર કરો.

'શૉએ કહ્યું કે, બાળક તારા જેવું મૂરખ થાય તો શું કરવું ?'

'એટલે એક વ્યક્તિ તરીકે સ્ત્રીમાં બુદ્ધિહીનતાનો આક્ષેપ કરી તેનું અપમાન કર્યું !'

આટલું કહીને પ્રભાશંકરભાઈ અટકયા. જરા ગંભીર થઈ જઈ આગળ બોલ્યા :

'શૉને તો દુનિયા આખી વખાણે છે. અનંતરાયે તો તેના 'જોન ઑફ આર્ક'નું ભાષાંતર કર્યું છે. બર્નાર્ડ શૉ ઘણું સારું લખે છે.

'પણ મને થાય છે કે, આ બાઈને એ જીવશે ત્યાં સુધી જ્યારે જ્યારે આ જવાબ યાદ આવશે, ત્યારે તેના હૃદયમાં કેવી વેદના થશે ?

'બીજાને ચાટ પાડી દઈ, ભોંઠપ આપી આપણી અક્કલની હોશિયારી દેખાડવાના અભિમાનભર્યા મોહમાં આપણે સામાના હૃદયને કેટલો આઘાત પહોંચાડીએ છીએ, તેનો આપણને ખ્યાલ સુધ્ધાં રહેતો નથી !

'આપણા બાપદાદા અને શાસ્ત્રપુરાણો તો સામા માણસનો ખ્યાલ પહેલો રાખીને વિચારવાનું, બોલવાનું, વર્તવાનું કહી ગયાં છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતામાં વાણીનું તપ કહ્યું છે. તેમાં પહેલો જ શબ્દ છે : "अनुद्वेगकरं वाक्यं..." કોઈને ઉદ્વેગ ન કરે એવું બોલવા કાળજી રાખવી જોઈએ.

'પણ આ તો મને ઘરડાને આમ લાગે છે. તમે તમારી મેળે વિચારજો.'

એમ કહીને પ્રભાશંકરભાઈ ચાલ્યા ગયા.

## ૨૦. પેન્શન બમણું કરી આપ્યું !

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર ભાવનગરમાં રહેતા હતા. તેમને લાઠીનરેશ 'કલાપી', વડિયા દરબાર, ભાવનગરના ભાવસિંહજી વગેરે પેન્શન આપતા હતા.

કલાપી અને ભાવસિંહજીના અવસાન પછી તેઓના ખાનગી ખાતા તરફથી અપાતું પેન્શન બંધ થઈ ગયું. એટલે તેમને મુશ્કેલી પડવા લાગી.

મસ્ત કવિ વહીવટી કારોબારીના સભ્ય કર્નલ જોરાવરસિંહજીના મિત્ર હતા. એક વાર જોરાવરસિંહજીએ ભાવનગરના ઍડ્મિનિસ્ટ્રેટર પ્રભાશંકરભાઈને કવિના બંધ પડેલા પેન્શનની વાત કરી.

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'એ પેન્શન આપણે કરી દેશું. પણ તમે એમને મારી પાસે લઈ આવો તો મારે મળવું છે. પેન્શન વિશે વાત નથી કરવી.'

એક દિવસ જોરાવરસિંહજી કવિને તેડી ગયા. તે વેળાએ પ્રભાશંકરભાઈ મંદવાડમાં પડ્યા હતા. પોતાના મંદવાડ વિશે પ્રભાશંકરભાઈએ ખેદ વ્યક્ત કર્યો.

ત્યાં તો મસ્ત કવિ બોલી ઊઠ્યા :

'આ બધાં કરેલાં પાપનાં પરિણામ છે. રોગ વિનાકારણ આપમેળે આવતા નથી. તેડાવ્યા આવે છે.'

જોરાવરસિંહજી કવિને વારવા ઇશારો કરવા જતા હતા.

ત્યાં તો પ્રભાશંકરભાઈ બોલ્યા :

'કવિ, તમે સાચું જ કહો છો. આવું કહેવા માટે હું તમારો આભાર માનું છું.'

આમ કહીને તેમણે કર્મવિપાક વિશે મહાભારતમાંથી દૃષ્ટાંત આપી વાતો કરી.

પછી તો કવિનેય થયું કે, પટણીજી જેવા ભલા માણસને આમ કહેવું જોઈતું ન હતું ! પણ હવે શું થાય ? ભારે ભૂલ થઈ ગઈ !

થોડી વાર પછી મસ્ત કવિ અને જોરાવરસિંહજી ઘેર જવા ઊઠ્યા.

મસ્ત કવિ જોરાવરસિંહજીને ત્યાં બેઠા હતા. એ દરમિયાન પ્રભાશંકરભાઈની ચિઠ્ઠી લઈને ઘોડેસવાર જોરાવરસિંહજીને આપી ગયો.

ચિઠ્ઠીમાં લખ્યું હતું :

'મસ્ત કવિ જેવા સત્યવક્તા મનસ્વી માણસો રાજ્યમાં છે એ રાજ્યની શોભા છે.

'એમણે જે કહ્યું તેથી મને નવું બળ મળ્યું છે.

'તેમનું પેન્શન બંધ થયા તારીખથી ફરી શરૂ કરવાનું ને તે બમણું કરી આપવાનું ખાનગી ખાતાના ઉપરી અધિકારી સાહેબને મેં લખી જણાવ્યું છે ને પછી આ ખબર આપને આપું છું.'

## ૨૧. અપમાન કરનારની ભીડ ભાંગી

એક વાર ભાવનગર રાજ્યના પાંચપીપળા ગામના એક ખેડૂત પાસે રાજ્યની ઘણાં વરસોની મહેસૂલની મોટી રકમ લેણી હતી.

વરસ સારું ગયેલું. પણ વેપારીને કરજ ભરવા આડે તેણે રાજ્યને મહેસૂલ પેટે કંઈ ભર્યું નહિ. આથી થાણદારે જમીન-ખોરડાં જપ્ત કર્યાં.

ખેડૂતે થાણદાર, વહીવટદાર, વસૂલાતી અધિકારી વગેરેને અરજ કરી. પણ દાદ ન મળી.

છેવટે એ ખેડૂત પ્રભાશંકરભાઈને મળવા ભાવનગર ગયો. બહારગામથી આવનાર અરજદારને પ્રભાશંકરભાઈ તે જ દિવસે મળતા.

એ ખેડૂત આવ્યો તે દિવસે પ્રભાશંકરભાઈ સખત તાવમાં પડ્યા હતા. છતાં ખેડૂતને પોતાની પાસે બોલાવ્યો.

અરજી લઈ, વાત સાંભળી, પ્રશ્નો પૂછી, પૂરી વિગત સમજીને તેમણે કહ્યું :

'આ અરજી ખાતા ઉપર મોકલી હું તપાસ કરાવી, જપ્તી વેળાસર ઊઠે તેમ કરીશ.'

ખેડૂત રડી પડ્યો. તેણે કહ્યું :

'સાહેબ, મારાં જમીન, ખોરડાં ને ઢોર જપ્તીમાં છે. વાત સાચી કે દરબારનું મારી પાસે ભારે લેણું છે. દરબાર તો માબાપ છે. પણ વાણિયો ગળે પડ્યો, ઘેર આવી લાંઘવા બેઠો. એની મુદ્દલ કરતાં વ્યાજની રકમ છાશવારે વધી જાય છે. એટલે કંટાળીને એને રૂપિયા ભર્યા. આથી થાણદારસાહેબ નારાજ થયા !

'સાહેબ, હું શું કરું ? મારી પાસે રાતી પાઈ પણ નથી ! થાણદારસાહેબ પોલીસ લઈને આવ્યા. અમને વાળુ

કરતાં'તાં ત્યાંથી ઉઠાડ્યાં ને ઘરબહાર હાંકી જપ્તી બેસાડી. ખેતી ગઈ !

'આજ કેટલા દિવસથી આભ નીચે બાયડી-છોકરાંને રે'વાનું ઠેકાણું નથી ! રોટલો નથી ! મારા જેવાનું જો તમ જેવાથી કૈં ન થઈ શકે, તો તો આ ચૂડિયું પે'રો.'

એમ કહીને તેણે ગજવામાંથી બંગડી કાઢી પ્રભાશંકરભાઈ સામે ધરી !

પ્રભાશંકરભાઈની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે હાથ લંબાવી બંગડી લઈ લીધી અને કહ્યું :

'ખરી વાત છે, ભાઈ ! હું આને લાયક છું !'

આમ કહી વાહન કઢાવી એ ખેડૂતને લઈ તાવથી ધખતું શરીર હોવા છતાં સીધા મોતીબાગ ઑફિસે ગયા.

વાઈસ પ્રેસિડન્ટ બર્કસાહેબ નામે અંગ્રેજ અમલદાર પાસે વસૂલાતી ખાતું હતું. તેમને મળીને બધી વાત કરી.

પણ આ રીતે બંગડી દઈ અપમાન કરનારને તરત દાદ દેવામાં બર્કસાહેબને નાનમ લાગી.

એટલે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'આમાં હવે ઢીલ કરવી એ આપણું નાક આપણે જાતે કાપી દુનિયાને બતાવ્યા બરાબર છે. માટે તેનો તુમાર કઢાવો. આપણે અત્યારે જ નિકાલ લાવીએ.'

એ જ વખતે આખા પ્રકરણનો નિકાલ કરી મહેસૂલના હપતાનું નામ ખેડૂત પાસે જ પડાવી. તેને જવા આવવાની ભાડાની રકમ પોતા તરફથી આપી રવાના કર્યો.

પછી પ્રભાશંકરભાઈ હળવા મને ઘેર ગયા.

## ૨૨. શ્રી પ્રભાશંકરભાઈની ભલમનસાઈ

ભાવનગર રાજ્યના તળાજા મહાલમાં આબકારી ખાતાના એક કર્મચારીને તેની ઉદ્ધતાઈના કારણે ખાતાના ઉપરીએ સસ્પેન્ડ કર્યો હતો.

એ કર્મચારીને આખાબોલા તરીકે સહુ જાણતા. પણ તેના કામ બાબત ફરિયાદ ન હતી.

એ કર્મચારીએ ન્યાય માટે દરબારમાં અરજ કરેલી. ત્રણચાર માસ વીતી ગયા છતાં કાંઈ પતતું ન હતું.

આથી તે કંટાળી, અરજી લખી, પ્રભાશંકરભાઈને રૂબરૂ આપવા ગયો. તેણે વેળાસર પૂરી તપાસ કરી નિકાલ લાવવા પ્રભાશંકરભાઈને વિનંતી કરી.

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'હું જાતે ખાતા પર અરજી મોકલી તપાસ કરી તમને જણાવીશ.'

કર્મચારીએ કહ્યું :

'સાહેબ, બહુ વખત થયો છે. હું રહ્યો નાનો માણસ ! વગર વાંકે મને ઘેર બેસાડ્યો છે. હવે આપ કંઈક ઉતાવળ કરીને કરો તો સારું.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'ખાતા મારફત થવા દો. પછી હું જોઈશ.'

એ સાંભળીને પોતાના સ્વભાવ પર જઈ ને પેલા માણસે કહ્યું :

'જો આમ જ હોય તો શું દરબારશ્રીએ આપને રાખીને રાજમાં ધોળો હાથી જ બાંધ્યો છે ને ?'

પ્રભાશંકરભાઈએ એના બોલવા પર ધ્યાન ન આપતાં શાંતિથી કહ્યું :

'હું બનતી ઉતાવળે આ વાતનો નિવેડો લાવીશ. તમે નિરાંતે ઘેર જાઓ.'

એમ કહીને તેને રજા આપી ને તત્કાલ એ ખાતાના ઉપરીને બોલાવી પ્રભાશંકરભાઈએ આખું પ્રકરણ જાતે તપાસી એ કર્મચારીને નોકરી પર લઈ લીધો.

એ માણસ પ્રભાશંકરભાઈનો આભાર માનવા આવ્યો ત્યારે તેને પ્રભાશંકરભાઈએ ઉપરી સાથે તેમ જ બીજા સાથે વિનયથી વર્તવાના લાભ સમજાવ્યા.

પણ કર્મચારી તો પોતાની વાત પકડી રાખીને કહેવા લાગ્યો :

'પણ સાહેબ, મેં આપને આકરાં વેણ કહ્યાં તો મારું કામ થયું ને !'

પ્રભાશંકરભાઈ બોલ્યા :

'તમે ભલે એ રીતે વિચારો.

'પણ હું તમારી જગ્યાએ હોઉં તો મને એમ થાય કે, ઉપરી સાથે જોઈએ તેવા વિનયથી વર્ત્યો હોત તો મારે ત્રણચાર મહિના ઘેર બેસવું ન પડત !'

## ૨૩. પોલીસનું કામ શું ?

બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજી ઇંગ્લેન્ડ ભણતા હતા. ત્યાંથી ઈ. સ. ૧૯૨૭માં રજામાં થોડા વખત માટે તેમને ભાવનગર લઈ આવેલા.

ભાવનગરની પ્રજાને તેમનું સ્ટેશને સ્ટેશને સ્વાગત કરવું હતું. એટલે આમ કરતાં કરતાં ગાડી સિહોર સ્ટેશને ત્રણ કલાક મોડી આવી.

આજુબાજુનાં ઘણાં ગામડેથી માણસો ઊમટેલાં. સ્ટેશનથી ગામ અરધા માઈલથી વધારે દૂર હતું. ધાવણાં બાળકોને તેડીને સ્ત્રીઓ આવેલી. પોલીસનો વધુ બંદોબસ્ત ન હતો. ભીડ ઘણી

ને મોડું થયેલું તેથી કંટાળેલો સમુદાય અવ્યસ્થિત બહુ હતો.

શમિયાનામાં હારતોરા બાદ બાળમહારાજા ઊઠ્યા ત્યારે લોકોના ધસારાને પરિણામે પ્રભાશંકરભાઈનો ફેંટો ઊડી ગયો ને અંગરખાની ચાળ ફાટી ગઈ !

બાળમહારાજા પણ ટલ્લે ચડી છૂટા પડી ગયા ! તેમનો સાફો નીકળી ગયો !

એ હાલતમાં તેઓ જેમતેમ કરી ડબામાં ચડી ગયા.

ગાડીના દરવાજામાં આગળ બાળમહારાજા અને ફાટેલે અંગરખે, ઉઘાડે માથે પ્રભાશંકરભાઈ ઊભા હતા.

ટોળાનો ધસારો વધતો ગયો. હરખઘેલા લોકો ધક્કામુક્કીમાં દરવાજા પર ચડવા લાગ્યા.

લોકોને આમ કરતાં રોકવા ફોજદારે સોટી વીંઝવી શરૂ કરી.

એ જોઈને પ્રભાશંકરભાઈએ બૂમ પાડી :

'બંધ કરો ! પોલીસ આઘી ખસી જાય. લોકોને મારવા માટે પોલીસ નથી.'

બાળમહારાજા પણ બોલી ઊઠ્યા :

'મારી પ્રજાને શા માટે મારો છો ?'

લોકોના સાંભળતાં પ્રભાશંકરભાઈએ સ્થાનિક વહીવટદારને હુકમ કર્યો કે, આજ ને આજ ફોજદારનો દશ રૂપિયા દંડ વસૂલ લેવો.

વહીવટદારે દંડ વસૂલ કર્યો. પણ બીજે દિવસે પાછો ચૂકવતી વખતે પટણીસાહેબે દંડ માફ કર્યો છે એમ જણાવ્યું !

અઠવાડિયા પછી કોઈ કામ નિમિત્તે પ્રભાશંકરભાઈનો સિહોર મુકામ થયો.

તે વખતે પોતાનો દંડ માફ કર્યા બદલ ફોજદાર તેમનો આભાર માનવા આવ્યા.

પ્રભાશંકરભાઈએ હળવાશથી કહ્યું :

'તમારો હેતુ વ્યવસ્થા જાળવવાનો હતો, એ હું સમજતો'તો.

'પણ લોકોને મારવાથી વ્યવસ્થા ન જળવાય, ઊલટી ગેરવ્યવસ્થા વધે અને લોકોને રાજ્ય તરફ માન ઘટે.

'હું તમારી જગ્યાએ હોઉં તો સામટા માણસો લાંબા વખતથી રાહ જોઈ કંટાળે, એમ સમજીને કોઈ કોઈ મા પાસેથી રોતું છોકરું તેડી અથવા એને માટે પીવાનું પાણી લાવી દઈ છાનું રાખતાં રાખતાં એ માવડીને કહું કે, આ પણ બાળરાજા છે. એ બિચારાને તેડીને આ ભીડમાં આવ્યાં છો તો હેરાન થશો. માટે છેટાં ઊભાં રહીને જોજો. નહિતર ભીડના ધસારામાં છોકરું હાથમાંથી છૂટી પડશે, કચડાઈ મરશે ને રોવાવારો આવશે.'

'જો આમ લોકોને આગળથી સમજાવ્યા હોત તો ધમાલ ન થાત.

'ભીડમાં ધાંધલ ન થાય, એ માટે અગાઉથી સાવચેતીનાં પગલાં લેવા માટે પોલીસ છે.'

આમ તો એ ફોજદારના કામથી પ્રભાશંકરભાઈને સંતોષ હતો. એ ફોજદાર ડિસ્ટ્રિક્ટમાં હોય ત્યારે પોતાનું સીધું ભેગું લઈ જતા અને હાથે રાંધતા. ગાડીવાળો ના કહે તોપણ તેને ભાડું દીધા વગર તે ગાડીમાં બેસતા નહિ !

## ૨૪. 'ગોપનીયમ્, ગોપનીયમ્ !'

જૂનાગઢના આખ્યાનકાર - હરિકથાકારનું નામ હતું જયકૃષ્ણ નથુરામ કવિ. એમના આખા નામના પહેલા અક્ષર ઉપરથી સૌ તેમને 'જ. ન. ક. વિદેહી' કહીને સંબોધતા.

એક વાર જયકૃષ્ણભાઈ રેલવે ગાડીમાં ક્યાંક જતા હતા.

એક જંકશન સ્ટેશને તેમણે પ્રભાશંકરભાઈનું સલૂન જોયું. એટલે તેમને મળવા તે ગયા.

પ્રભાશંકરભાઈ જે ગામે જતા હતા ત્યાં જ કવિને જવું હતું.

સલૂનમાં બીજું કોઈ ન હતું. એટલે પ્રભાશંકરભાઈએ તેમને સાથે બેસાડ્યા. વાતો કરી.

ઊતરવાનું સ્ટેશન નજીક આવ્યું. એટલે પ્રભાશંકરભાઈએ ફેંટો હાથમાં લીધો. એ વીંખાઈ ગયો હતો. તેથી ફરી બાંધવો પડે તેમ હતું.

ફેંટાના વળ ઉખેળી પ્રભાશંકરભાઈ ગડી કરી બાંધતા હતા ત્યાં બે જગ્યાએ ફાટેલા લીરા નીકળ્યા !

ભાવનગર રાજ્યના દીવાનસાહેબ પ્રભાશંકરભાઈ એ લીરાને ગડીમાં દાબતાં - ગોઠવતાં હસીને બોલ્યા :

'ગોપનીયમ્, ગોપનીયમ્ !'

-મતલબ કે આ દેખાઈ ન જાય એમ એને સંતાડવાનું છે !

જ. ન. ક. વિદેહીને આ જોઈને મનમાં થઈ આવ્યું કે, સાચા અર્થમાં જનક વિદેહી જેવા તો પ્રભાશંકરભાઈ જ છે ! કેટલા ઊંચાં હોદ્દા પર વિરાજમાન, પણ રહે છે સામાન્ય પ્રજાજન જેવા જ !

## ૨૫. નજર સામે દાદાની તાંબડી

પ્રભાશંકરભાઈ કરકસરિયા હતા એમ તો ન કહેવાય. પણ એમનો પોતા માટેનો ખર્ચ નહિવત્ હતો. એમને બંગલાનો, રાચરચીલાનો કશાનો શોખ ન હતો.

વૃદ્ધાવસ્થામાંયે કયાંક જવાનું થાય તો તે શિયાળામાં ખેતરમાં તંબૂ તણાવી તેમાં રહેતા. મુસાફરીમાં જે મળે તેથી ચલાવી લેતા. ભાવનગરમાં રોજ રાતે ખીચડી, બાજરાનો રોટલો, તાંદળજાની ભાજી એ એમનો પ્રિય ખોરાક.

પ્રભાશંકરભાઈને પતરાવળું એટલું વહાલું કે, ઘણી વાર પોતાની થાળીમાં પતરાવળું મુકાવી જમતા.

એક વખત કોલસાની ખાણોના માલિકો ભાવનગર રાજ્યની રેલવેને કોલસો પૂરો પાડવાનો સોદો કરવા આવેલા. તેમાંના વૃદ્ધ વેપારી પ્રભાશંકરભાઈના મિત્ર હતા. તેઓ પ્રભાશંકરભાઈના મહેમાન હતા.

જમવા વખતે પાટલા પર આવતાં એ વૃદ્ધ શેઠિયાએ પિત્તળની થાળીઓ જોઈ પ્રભાશંકરભાઈનાં ધર્મપત્ની રમાબહેનને કહ્યું :

'તમારે ત્યાં ભાવનગરનું રાજ્ય છે. પટણીજીને ત્યાં તો સોનારૂપાની થાળીઓ જોઈએ. તેને બદલે બધી જ આ !'

પ્રભાશંકરભાઈ હસતાં હસતાં બોલ્યા :

'સોનારૂપાની થાળીઓ મારે ત્યાં હોત તો હું પ્રભાશંકર ન હોત !

'મારા દાદા જે તાંબડી લઈને લોટ માગવા જતા ને મને સાથે લઈ જતા, તે તાંબડી મારી નજર સામે અભરાઈ પર રાખી છે. મારે એ ને એ જ રહેવું છે ને બીજાને ખવડાવવું-પિવડાવવું છે. મારે સોનારૂપાની ખરીદવી નથી ને જોઈતીય નથી. બીજાને ખવડાવીને મને પચે છે.

'મારે ત્યાં પતરાવળાં. મારે ઘેર પતરાવળાંમાં હારે બેસી ખાવામાં જે રાજી હોય એવા મે'માનની હું રાહ જોઉં છું.'

## ૨૬. હોય તેણે દેવું જોઈએ

પ્રભાશંકરભાઈ બીજાને છૂટે હાથે દેતા એ કોઈથી અજાણ્યું ન હતું. સ્નેહીસંબંધીઓ એથી ચિંતિત રહેતાં હતાં.

એક વખત એક બાળસ્નેહીએ પ્રભાશંકરભાઈને પૂછ્યું :

'તમે એક તરફથી ગાંધીજી પ્રત્યે અતિશય ભક્તિ રાખો છો, તેમના ઘણા સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા મથો છો.

'પણ ગાંધીજી તો માગવા આવનારને કંઈ જ આપતા નથી. ઊલટું માગવા આવનારને તેઓ માગવાનું છોડી કામ કરવાનો આદેશ આપે છે.

'જ્યારે તમે તો કોઈનેય કામ કરવાનું કહેતા નથી, ઊલટું આપો જ છો ! આમ આપી આપીને તમે લોકોને ભિખારીવેડા નથી શીખવતા શું ?'

પ્રભાશંકરભાઈ ગંભીર ભાવે બોલ્યા :

'હું એ વાત નથી ભૂલતો કે, મહાત્માજીએ તો પોતાની બધી સંપત્તિ દરિદ્રનારાયણ દેશને ચરણે ધરી દીધી છે. તે અનન્ય દાતા છે. એવડા મોટા દાતા છે કે, દઈ દીધા પછી તેમની પાસે પોતાનું કહેવાય તેવું કંઈ જ નથી. એ કમાતા નથી. ઉપરાંતમાં પોતાનો દેહ અને જિંદગીની પળેપળ સેવામાં સમર્પી દીધાં છે.

'જ્યારે મારી પાસે તો છે. વળી, ચાલુ કમાણી છે તેમાંથી હું થોડું થોડું દઉં છું.

'જેની પાસે હોય તેણે દેવું જ જોઈએ. તનમનધનથી જે દઈ શકાય તે દેવું જોઈએ. માગવા આવનારની જગ્યાએ હું હોઉં તો મને શું થતું હોય, એ જ વિચાર મને પહેલો આવે છે.

'હુંયે લોકોને કામ કરવાની જરૂરિયાત સમજાવ્યા કરું છું. પણ એ માગવા આવે ત્યારે નહિ. માગે તેને જો હું કામ ન દઈ શકું તો "કામ કરો" એમ મારાથી તેને ત્યારે કહેવાય નહિ, સૂચવાય નહિ. માગવા આવે ત્યારે હું ના નથી કહી શકતો.

'અને વાત એ છે કે, ન દેવાથી ભિખારીઓ મટી જવાના નથી. કામ હોય, માણસ કામ કરી સુખે જીવી શકતો હોય તો ભીખવું કોઈને ગમતું નથી.

'માણસ સ્વભાવથી કામનો ચોર નથી. માણસજાત પશુ જેવા જીવનમાંથી આટલી આગળ વધી છે તેનું કારણ પોતાની

સ્થિતિ ટકાવી રાખી નવું નવું કંઈક કરવાની માણસમાં સ્વયંસ્ફુરણા રહી છે તે છે.

'માગનારમાં સ્વમાનની ભાવના ન રહે, હરામનું ખાવાનું મન થાય, એવી સ્થિતિ તો આજીવિકાના સદંતર અભાવમાંથી પેદા થાય છે.

'માણસને માટે પ્રામાણિક જીવનનાં સરળ સાધનો બને તેટલાં ઊભાં કરવાં, એ દૃષ્ટિ જીવતી રાખીને હું આપું છું.

'હું બીજાને નથી દેતો, મને જ દઉં છું.'

## ૨૭. રતનફોઈની ખુમારી

પ્રભાશંકરભાઈ સહાય આપીને બીજાનાં દુઃખ દૂર કરી શકતા ત્યારે તેમને જીવનમાં રાહત લાગતી.

પણ એમને આનંદ ત્યારે આવતો કે જ્યારે પોતે તનમનધનથી સહાય કરવા ગયા હોય ત્યારે સામું માણસ આભારની લાગણી સાથે એ સહાય ન સ્વીકારે; અહંથી નહિ પણ સ્વમાનથી, અને તેથીયે વિશેષ જીવનની અમુક દૃષ્ટિથી.

પ્રભાશંકરભાઈનાં રતનફોઈએ અત્યંત ગરીબીમાં ખડ વાઢી, દળણાં દળી કુટુંબનિર્વાહ કર્યો, એટલું જ નહિ પણ વ્યવહારના પ્રસંગો ઘણી સારી રીતે ઉકેલી સમોવડિયાં પેઠ સહુ સાથે મીઠો સંબંધ રાખ્યો હતો.

એ ફોઈ વૃદ્ધ થયાં ને પ્રભાશંકરભાઈની સ્થિતિ સારી થઈ હતી, એ વેળાએ તેમણે મનીઑર્ડરથી અમુક રૂપિયા રતનફોઈને મોકલ્યા.

પણ મનીઑર્ડરનો સ્વીકાર ફોઈએ ન કર્યો. વૃદ્ધાવસ્થામાં પણ ઘંટીનો પથરો તાણવામાં એમને આનંદ હતો.

રતનફોઈની એ ખુમારી પ્રભાશંકરભાઈને જીવ્યા ત્યાં સુધી વારે વારે યાદ આવતી.

## ૨૮. સાંઈનો સત્સંગ

એક વાર મહારાજા ભાવસિંહજી ધરમપુર ગયા હતા. ત્યાં પોલો રમતાં ઘોડા પરથી પડી જતાં બેભાન થઈ ગયા.

એ અંગેનો તાર ભાવનગર આવતાં પ્રભાશંકરભાઈ તરત જ ધરમપુર ગયા. સાથે હજાર હજાર રોકડા રૂપિયા ભરેલી ત્રણ થેલી લીધી.

તેમણે સંકલ્પ કરેલો કે, ગામમાં પ્રવેશી દરબારગઢ સુધી પહોંચતાં બે થેલીમાંથી રૂપિયા, જે મળે તેને આપતા જઈ ખેરાત કરવી ને બીજી મહારાજા પર ઓળઘોળ કરી વેરી દેવી.

મોંસૂઝણું થતાં ધરમપુર પ્રભાશંકરભાઈ પહોંચ્યા. દરવાજામાં દાખલ થતાં જ તેમણે એક ફકીરને બેઠેલો જોયો.

ફકીરની પાસે જઈ પ્રભાશંકરભાઈએ જોયું તો જણાયું કે ફકીર અંધ હતો.

પ્રભાશંકરભાઈએ તેને કહ્યું :

'સાંઈ, ખોબો ધરો અથવા ચાળ ધરો.'

સાંઈએ જમણો હાથ ધર્યો.

પ્રભાશંકરભાઈએ એ રૂપિયાથી ભરી દીધો ને તેમાંથી બેચાર રૂપિયા નીચે પડતાં અવાજ થયો.

'યા અલ્લાહ ! પરવરદિગાર !'

એમ કહેતાં કહેતાં ફકીરની બંધ આંખમાં પાણી આવ્યાં. ફકીરે પૂછ્યું :

'ભાઈ, તમે કોણ છો ?'

પ્રભાશંકરભાઈએ નામ અને આવવાનું કારણ જણાવી કહ્યું :

'સાંઈ, આપ દુવા દો કે, મારા મહારાજાસાહેબ તરત બેઠા થાય ને હું જાઉં ત્યારે વાતો કરે.'

ફકીરે કહ્યું :

'તું એની પાસે જઈશ, એટલે અડધા કલાકમાં તે વાત કરશે પણ મારી વાત સાંભળ, બેસ.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'સાંઈ, અત્યારે તો મારા મહારાજાનાં દર્શન કર્યા વગર હું બેસી ન શકું. પણ તેમને સારું થતાં હું તરત અહીં આવીશ.'

એમ કહીને સાંઈની રજા લઈ તે ગયા.

પ્રભાશંકરભાઈ મહારાજા પાસે પહોંચ્યા, ત્યારે તે હજી ભાનમાં આવ્યા ન હતા. પણ દશથી પંદર મિનિટમાં જ એમણે આંખો ઉઘાડી અને પ્રભાશંકરભાઈ ને જોતાં તે ગદ્‌ગદ થઈ ગયા.

પ્રભાશંકરભાઈ મહારાજા પાસેથી પરવારીને ફરીથી એ ફકીર પાસે ગયા અને તેની સામે બેસી ગયા.

એ વખતે ફકીરે કહ્યું :

'હું અંધ છું, ભિખારી છું. પણ જન્મથી હું અમીર કુટુંબનો છું. દુનિયા જોવા જેવી ન લાગી, એટલે ખુદાએ રહેમ દાખવી નૂર લઈ લીધું. વળગાડ ન ગોઠ્યો, એટલે ફેંકી દીધો.

'તેં આ દીધા તેને મારે શું કરવા છે ? લઈ જા. જેને જરૂર હોય તેને દઈ દેજે.'

એમ કહી પોતાની પાસે હતાં તે રૂપિયા પ્રભાશંકરભાઈને દેવા લાગ્યા.

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'આપ મન ફાવે તેને આપો. આપને આપેલું હવે કેમ પાછું લઉં ?'

ફકીર કહે :

'વાહ ! તું દેનાર છો ? તું દાતાર છો ?

'દેનારો ને લેનારો કોક જુદો જ છે.

'મારે જોઈતા નથી. આંધળા પાસેથી કોઈ ચોરી જાય એ કરતાં તું જ આપી દેજે.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'સાંઈ, આપ એ રાખો. હું બાજુમાં બેઠો છું. આપ જ આપો એ ઊગે.'

પ્રભાશંકરભાઈ ફકીરની બાજુમાં બેસી ગયા. જે નીકળે તેને ઊભા રખાવી સાંઈ જે આપે તે લેવાને કહેતા રહ્યા.

એમ સાંઈ ને હાથે એના રૂપિયા અપાવવા ઉપરાંત પોતે લાવેલ રૂપિયા પણ અપાવ્યા. વચમાં વચમાં ફકીર અને પ્રભાશંકરભાઈ અંગત સાધનાની વાતો કરી લેતા.

છેવટે ફકીર પાસે એક રૂપિયો રહ્યો. પછી પ્રભાશંકરભાઈને રજા આપતાં માથે હાથ મૂકીને ફકીરે કહ્યું :

'ફકીરકો ફકીર મિલા, વોહિ દિન હૈ આજ.'

પ્રભાશંકરભાઈને પણ થયું :

'પ્રભુનાં દર્શન આજ થયાં !'

ધરમપુરથી પાછા ફરતાં પહેલાં મહારાજાસાહેબને પણ સાંઈ પાસે પ્રભાશંકરભાઈ લઈ ગયા હતા. તેમણે મહારાજાને કહ્યું હતું :

'આવા ઓલિયાની દુવાથી, સંત અને અમીર હૃદયવાળા રંકના આશીર્વાદથી આ સંસાર નભે છે.'

## ૨૯. છાશ માગીને પીધી !

એક વખત પ્રભાશંકરભાઈ રાજકોટથી ભાવનગર પાછા આવવા નીકળ્યા. રાજકોટ જંક્શન સ્ટેશને સલૂન હતું. પ્રભાશંકરભાઈ તેના પછીના રાજકોટ સિટી સ્ટેશને ગાડીમાં બેસવા આવ્યા.

સાંજ થઈ ગઈ હતી. પ્રભાશંકરભાઈને માથે ફેંટો ન હતો. સ્ટેશને માણસો ઓછાં હતાં. ગાડી આવવાની વાર હતી. એટલે તે પ્લેટફૉર્મ પર લાંબે સુધી આંટા મારવા લાગ્યા.

સાંધાવાળાની ઝૂંપડી બતાવીને તેમણે પોતાના સેક્રેટરી જયંતીભાઈને કહ્યું :

'ત્યાં જઈ બાઈ ને પૂછો કે, ઘરમાં છાશ છે ?'

જયંતીભાઈ પૂછી આવ્યા. છાશ હતી ને પાવાની હા કહી.

એટલે પ્રભાશંકરભાઈ ઝૂંપડીએ ગયા. બહાર વાણની ખાટલી પર બેઠા. બાઈએ છાશ પાઈ.

પછી પ્રભાશંકરભાઈના કહેવાથી જયંતીભાઈએ બાઈને દશ રૂપિયા આપવા માંડ્યાં.

પ્રભાશંકરભાઈની દાઢી અને સાદો પોશાક જોઈને એમને સાધુબાવા માનીને બાઈએ કહ્યું :

'સાધુબાવા પાસેથી કંઈ લેવાય નહિ.'

બાઈ પ્રભાશંકરભાઈને ઓળખતી ન હતી. એટલે જયંતીભાઈએ તેને કહ્યું :

'ભાવનગરના પટણીસાહેબ છે.'

પણ પટણીસાહેબ કોણ, એ બાઈને ખબર ન હતી !

બાઈએ કશું જ લેવા આનાકાની કરી.

પ્રભાશંકરભાઈ આ ગરીબ બાઈની મોટાઈ જોઈ ને મનમાં રાજી થયા.

પ્રભાશંકરભાઈ પોતે બાઈ પાસે ગયા અને જેમ તેમ સમજાવીને બાઈને દસ રૂપિયા આપી આવ્યા.

તોયે એ બાઈને તો એમ જ લાગ્યા કર્યું કે, પોતે કોઈ સાધુબાવા પાસેથી પૈસા લીધા એ ઠીક નથી કર્યું !

આમ, કંઈક નિમિત્ત ઊભું કરી મહેનતુ ગરીબ માણસોને કંઈક દઈ છૂટવું એ પ્રભાશંકરભાઈની આદત હતી.

## ૩૦. દેણદારની ભીડ ભાંગી

ઈ. સ. ૧૯૩૮માં વસૂલાતી અધિકારી તરીકે પ્રભાશંકરભાઈનો તળાજા મહાલના ઝાંઝમેર ગામે મુકામ હતો.

ત્યાં એક અરજદારે આવીને પ્રભાશંકરભાઈને જણાવ્યું :

'એક લેણદાર વેપારીએ એક જ રકમ ઉધાર આપી, એ જ રકમનાં બે ખાતાં પડાવી લઈ, ઘરેણાં ઉપર રૂપિયા આપી, એક ખાતું તે અંગેનું ને બીજું ખાતું અંગ-ઉધારનું પાડ્યું છે !

'રૂપિયા દેતી વખતે બે કાગળિયાં લખી બેઉમાં મારા અંગૂઠાની નિશાની લીધેલી.

'હવે તે વેપારીએ રોકડા રૂપિયા મેળવવા દાવો માંડ્યો છે અને અંગ-ઉધારના ખાતાના આધારે કોર્ટમાંથી હુકમનામું મેળવ્યું છે.

'તેની સામે લેણદારને પાંચ રૂપિયાયે આપવાની મારી હાલત નથી !

'સાહેબ, મહેરબાની કરી આ અંગે મને રાહત થાય એવું કંઈ કરો. હું ગરીબ માર્યો જઈશ !'

આ હકીકત સાંભળીને પ્રભાશંકરભાઈને ભારે ત્રાસ થયો ! તેમણે પોતાના આસિસ્ટંટ અધિકારી હરિલાલભાઈને લેણદારના ચોપડા રાતોરાત તપાસીને સાચી હકીકત જાણી લાવવા કહ્યું.

સાથે સાથે પેલા લેણદારને રૂબરૂ બોલાવીને તેમણે કહ્યું :

'જો તમારી હકીકત સાચી હશે તો તો ઠીક છે. પણ આ અરજદાર જણાવે છે તેમ જો તમારી હકીકત જૂઠી ઠરશે તો આવા વર્તન બદલ તમારા પર કામ ચલાવી જેલ ભેગા કરવા પડશે.'

તેમણે એમ પણ જણાવ્યું કે, હરિલાલ જોઈ લેશે પછી પોતે પણ ચોપડા અને અંગૂઠા-છાપવાળી પહોંચો જોશે.

હરિલાલભાઈએ રાતે જ ચોપડા તપાસ્યા. અરજદારની વાત ખરી નીકળી !

એક જ તારીખે બે ખાતાં પાડેલાં ને બંને ખાતાંમાં રકમનો આંકડો એક જ હતો. અંગૂઠા-છાપવાળી દેણદારની પહોંચોમાં દેવાદારના કોઈ ઓળખીતાની સાક્ષી તરીકે સહી ન હતી.

તપાસથી પેલો વેપારી ગભરાયો ને તેણે કબૂલ કર્યું કે, બેવડી રકમ આપી નથી, માત્ર ઘરેણાં ઉપર જ રૂપિયાનું ધિરાણ કર્યું છે.

એ વેપારી બહુ ગભરાયો ને બચવા માટે હરિલાલભાઈને ઉપાય પૂછ્યો.

તેમણે જણાવ્યું : 'સવારમાં વહેલા પટણીસાહેબ પાસે હાજર થઈ ગુનો કબૂલ કરી માફી માગજો. બીજો ઉપાય નથી.'

વળતે દિવસે સવારમાં એ વેપારી પ્રભાશંકરભાઈ પાસે ગયો. તેણે ભૂલ કબૂલ કરી માફી માગી.

હુકમનામું બજાવવું બાકી હતું. એટલે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'તમારે રૂપિયાનું કામ છે ને તરત જોઈએ છે. તો જે ખોટાં બે ખાતાં પાડ્યાં છે તે બે ખાતાંનું એક ખાતું કરી નાખો. તો તમને રોકડા રૂપિયા તરત ગણાવી દઉં.'

વેપારી રાજી થયો. હા કહી દુકાનેથી ચોપડા લાવી પ્રભાશંકરભાઈની રૂબરૂમાં બે ખાતાંનું એક ખાતું કરી દીધું.

એટલે એ જ વખતે પ્રભાશંકરભાઈએ પોતાના સેક્રેટરીને લેણા રૂપિયા આપી દેવા કહ્યું.

તરત રૂપિયા ચૂકવી દેવાયા ને વેપારીએ ચૂકતેની પહોંચ કરી આપી. પછી એ વેપારી પાસેથી પ્રભાશંકરભાઈએ દેણદારની સ્ત્રીનાં ઘરેણાં મગાવી લીધાં.

ઘરેણાં આવ્યાં એટલે દેણદારને તથા તેની પત્નીને રૂબરૂ બોલાવી એમને ઘરેણાં અને ચૂકતે કરેલા રૂપિયાની પહોંચ આપી.

એ બાઈને ત્યાંથી જ ઘરેણાં પહેરી ઘેર જવા કહ્યું. બાઈએ ઘરેણાં પહેર્યાં અને બંને જણ રાજી થતાં ઘેર ગયાં.

## ૩૧. ક્ષમાશીલ ઉદારતા

ભાવનગર રાજ્ય તરફથી જે કોઈ માણસ દાનને પાત્ર હોય તેને દાન આપવામાં આવતું હતું.

કોઈ માણસ ખોટું કહીને દાન ન લઈ જાય એ માટે દરેકનાં નામઠામ અને જરૂરી માહિતી મેળવીને દાનપત્ર આપવામાં આવતું.

એક વાર દીવાન પ્રભાશંકરભાઈ દાનપત્ર આપવા બેઠા હતા. બેત્રણ જણનો વારો આવી ગયો. પછી એક માણસ દાનપત્ર લેવા આવ્યો.

પ્રભાશંકરભાઈએ ચકાસણી કરવા ખાતર તેને પૂછ્યું : 'કેવા છો ?'

આવનારે દીન સ્વરે કહ્યું :

'સાહેબ, બ્રાહ્મણ છું, ગરીબ છું, કામધંધો નથી ?'

પ્રભાશંકરભાઈએ બીજો સવાલ પૂછ્યો :

'આ દાનપત્ર શા માટે લો છો ?'

પેલા બ્રાહ્મણે કહ્યું :

'સાહેબ, મારી દીકરીનાં લગ્ન કરવાં છે એ માટે લઉં છું.'

પ્રભાશંકરભાઈએ પૂછ્યું :

'લગ્નમાં કેટલું ખરચ થશે ?'

બ્રાહ્મણ કહે :

'લગભગ ચારસોએક રૂપિયા થશે, સાહેબ.'

પ્રભાશંકરભાઈએ ચારસો રૂપિયાનું દાનપત્ર એને આપ્યું.

એટલે પેલો બ્રાહ્મણ રાજી થતો દીવાનસાહેબને પ્રણામ કરી જવા લાગ્યો.

તે થોડેક ગયો એટલામાં પ્રભાશંકરભાઈએ તેને પાછો બોલાવ્યો. કંઈક યાદ આવતું હોય એમ તેમણે એ બ્રાહ્મણને પૂછ્યું :

'મેં તમને ક્યાંક જોયેલા છે. શું કામ કરો છો ?'

પેલા બ્રાહ્મણે જરા અચકાતાં કહ્યું :

'સાહેબ, રેલવેમાં ગેંગમૅન તરીકે કામ કરું છું.'

પ્રભાશંકરભાઈએ પૂછ્યું :

'તમને પગાર મળે છે ને ?'

બ્રાહ્મણ કહે : 'હા જી.'

પ્રભાશંકરભાઈ : 'કેટલો ?'

બ્રાહ્મણે જવાબ આપ્યો :

'મારા કુટુંબનું ભરણપોષણ થાય એટલો મળે છે, સાહેબ !'

એ સાંભળીને પ્રભાશંકરભાઈએ ગંભીર બની જઈ કહ્યું :

'તો પછી તમે ખોટું કેમ બોલ્યા ? કામધંધો નથી, એમ કેમ કહ્યું ?'

પછી પ્રભાશંકરભાઈએ પોતાના કોઈ કર્મચારીને બોલાવવા હાક મારી : 'અહીં કચેરીમાં કોણ છે ?'

એક કારભારી દોડતો આવી પહોંચ્યો.

તેમણે કારભારીને કહ્યું :

'પાણી લઈ આવો.'

કારભારી તરત જ પાણી ભરેલો લોટો લઈ આવ્યો. તેણે દીવાનસાહેબને લોટો આપ્યો.

પછી પ્રભાશંકરભાઈએ પેલા બ્રાહ્મણને કહ્યું :

'તમારા જેવા લોકોએ જ દાતાના હાથને દાન દેતાં અટકાવ્યા છે !

'લાવો દાનપત્ર અને આ પાણી લો. પ્રતિજ્ઞા કરો કે, હું જૂઠું બોલીને કદી કોઈની પાસે આવી યાચના નહિ કરું.'

બ્રાહ્મણે પાણી લઈ નીચું મુખ રાખી કહ્યું :

'સાહેબ, હું આપની સમક્ષ ખરા દિલથી પ્રતિજ્ઞા કરું છું કે-

'હવે પછી કોઈ વાર પણ ખોટું બોલીને કોઈની પાસે આવી યાચના નહિ કરું.

'સાહેબ, મારી મોટી ભૂલ થઈ ગઈ ! આપની ક્ષમા માગું છું.'

પછી પ્રભાશંકરભાઈએ કારભારીને કહ્યું :

'આ બ્રાહ્મણના દાનપત્રમાં બસો રૂપિયા વધારી આપો.'

કારભારીએ છસો રૂપિયાનું દાનપત્ર કરી આપ્યું.

પ્રભાશંકરભાઈએ એ દાનપત્ર પેલા બ્રાહ્મણને આપ્યું.

પેલો બ્રાહ્મણ એ દાનપત્ર લઈ દીવાનસાહેબને અંતરના આશીર્વાદ આપી ત્યાંથી વિદાય થયો.

## ૩૨. રામ રાખે તેમ રહીએ

પ્રભાશંકરભાઈ દિલ્હીમાં વાઈસરોયની કાઉન્સિલના સભ્ય હતા.

એક સાંજે તે રમાબહેન સાથે ફરવા નીકળ્યા હતા.

દૂર ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે કોઈ વૃદ્ધ સ્ત્રીપુરુષને જોઈને પ્રભાશંકરભાઈ તેમની પાસે ગયા.

જાણવા મળ્યું કે, બિહારી બ્રાહ્મણ પતિપત્ની હતાં. નિર્ધન હતાં. પગપાળાં બદરીકેદારની યાત્રાએ નીકળ્યાં હતાં. રસ્તામાં પુરુષની તબિયત તાવ તથા શ્વાસની તકલીફથી લથડી ગઈ હતી. સામાનમાં કોથળાના નાના વીંટામાં બેચાર કપડાં, ગોદડી ને લોટો હતાં.

પ્રભાશંકરભાઈએ અઢીસો રૂપિયા રમાબહેનને આપ્યા અને પેલી વૃદ્ધ સ્ત્રીને આપવા કહ્યું. રમાબહેને એ બાઈ ને અઢીસો રૂપિયા આપવા માંડ્યા.

પણ પેલી વૃદ્ધ બાઈએ સામો હાથ ન ધર્યો. સામે જોયું પણ નહિ.

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'લાંબી યાત્રા છે. દવામાં તથા બીજી રીતે કામમાં આવશે ને અમારા પર કૃપા થશે.'

વૃદ્ધે હસીને કહ્યું :

'નિયંતા સંભાળે છે. વગર પૈસે સંભાળે છે ને ત્યારે સંભાળ સમજાય છે.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'મારે ત્યાં પધારો તો વૈદદાક્તરના ઉપચાર કરાવીએ.'

વૃદ્ધે આંખો ઊંચી કરી આકાશ ભણી જોયું. કંઈ બોલ્યા નહિ.

રમાબહેન બોલ્યાં :

'મારે ત્યાં ભિક્ષા માટે પધારો અથવા અહીં લાવું. તમે કહેશો તેમ કરું.'

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું :

'માઈ, કશું નહિ. સવારના જે મળે છે તે લઈએ છીએ, ન મળે તો ત્રણ ઘેર ભિક્ષા માગવા જઈએ છીએ. એમ મળે તો ઠીક, ન મળે તોય ઠીક, પછી નહિ.'

પ્રભાશંકરભાઈએ પૂછ્યું :

'તો તમને કઈ રીતે સહાયરૂપ થઈ શકીએ ?'

વૃદ્ધે હાથ જોડીને કહ્યું :

'ભલી લાગણી છે તે મોટી સહાય છે, શ્રીમાન !'

એ વિદાયનું સૂચન સમજીને પ્રભાશંકરભાઈ અને રમાબહેન પગે પડી પાછાં ફર્યાં.

પ્રભુપરાયણ એ ભક્ત દંપતીની ટેક જોઈ ને પ્રભાશંકરભાઈ મુગ્ધ બની ગયા.

## ૩૩. બચરવાળ બાઈને ઘર અપાવ્યું

એક વાર બગદાણા જતાં રસ્તામાં ઓથા ગામે પ્રભાશંકરભાઈનો બે કલાકનો મુકામ હતો.

એ વખતે એક બાઈ તેનાં ત્રણ બાળકોને લઈને અરજ કરવા આવી.

હકીકત એ હતી કે, બાઈને તેના ધણીએ દશેક વરસ પર છૂટી કરી દીધી હતી. તે છોકરાંને લઈને બાપને ત્યાં આવી. બાપ વૃદ્ધ હતો એટલે તે મજૂરી કરીને ગુજરાન ચલાવતી. બાપ અપુત્ર ગુજરી ગયો. કાયદાની રૂએ વસૂલાતી ખાતા મારફત તેનું ઘર દરબાર-દાખલ થયું અને હાલ તે ઘર હરાજ કરવા મુકાયું હતું !

ગામમાં મકાનોની અછત હોવાથી તથા ખેડૂતોની સ્થિતિ સારી હોવાથી એ ઘરની કિંમત વધારે ઊપજે એમ હતું. સસ્તામાં એ ઘર મળે તેમ હોય તોયે પેલી બાઈ એ ખરીદી શકે એમ ન હતી. તે મકાન હરાજ થયા પછી બીજે રહેવાને કોઈ ઠેકાણું ન હતું. બીજો કોઈ આધાર ન હતો.

વાત સાંભળીને પ્રભાશંકરભાઈને આઘાત લાગ્યો. એમણે એ જ વખતે ખેડૂતોને તથા ગામના આગેવાનોને બોલાવ્યા. પંચક્યાસની રકમ પોતા પાસેથી આપી થાણદારને ચોપડે તે રકમ જમા કરાવી.

પછી બાઈના નામે એ ઘર કરાવીને પ્રભાશંકરભાઈએ બાઈને કહ્યું :

'જાઓ, બહેન, હવે તમને એ ઘરમાંથી કોઈ કદી કાઢી નહિ શકે.'

પેલી બાઈ પ્રભાશંકરભાઈનો આભાર માની પ્રણામ કરી બાળકોને લઈ રાજી થતી ઘેર ગઈ.

## ૩૪. વાઘ ગાય જેવા બની ગયા !

વસૂલાતી અધિકારી તરીકે પ્રભાશંકરભાઈ હતા ત્યારે ભંડારિયા ગામે ગયા હતા.

એ ગામમાં બે માથાભારે ગરાસિયા ભાઈઓ રહેતા હતા. એકનું નામ મોતીસંગ અને બીજાનું નામ બનેસંગ.

એ ભાઈઓ વિશે કેટલીક વાત પ્રભાશંકરભાઈને કાને આવેલી. તેમણે આ અંગે તપાસ કરી.

ગામમાં એ બે ભાઈઓનો ઘણો ત્રાસ હતો. એમની રંજાડ ચોતરફી હતી. એમને જોઈતો હોય એ માલ ગમે તેની પાસેથી ગમે ત્યારે લઈ જાય અને કદી તેનાં નાણાં ન આપે. ઉપરાંત, ગામમાં વહુ-દીકરીઓની આબરૂની કોઈ સલામતી ન હતી.

આ બાબતમાં ફરિયાદ કરનારને ગામ મૂકી ભાગી જવું પડે તેટલી હદે એ બે જણા ત્રાસ આપતા. થાણદાર અને પોલીસ સુધ્ધાં એમનાથી એટલી હદે ડરતા કે બને ત્યાં સુધી ફરિયાદ જ ન નોંધતા. એ બાબત ખાતામાં ઉપર ન લખતા.

આ બધું પ્રભાશંકરભાઈના જાણવામાં આવતાં પોલીસ ઉપરી અધિકારી કૃષ્ણચંદ્રને રૂબરૂ બોલાવી એવા પ્રકારે તજવીજ કરાવી કે, પોલીસો એ બે ભાઈઓને પકડી ગયા. તેમની વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો.

એ બે ભાઈઓનો ત્રાસ એટલો બધો હતો કે, એમનાં સગાંવહાલાંમાંથી કોઈ એમના જામીન થવા તૈયાર ન હતા. આથી તેઓ બંને જેલમાં હતા.

પ્રભાશંકરભાઈએ લોકોને નિર્ભયતાની ખાતરી આપવાથી લોકોએ ફરિયાદ કહી સંભળાવી.

આ ભાઈઓની વિધવા માતા પણ પ્રભાશંકરભાઈ આવ્યા છે જાણીને રોતી-કકળતી આવી. તેણે પણ પોતાના દીકરાઓની

ચાલચલગત બાબત ફરિયાદ કરી.

પણ માતાની મુખ્ય ફરિયાદ એ હતી કે, ઘરમાં કોઈ કમાણી નથી, મૂડી નથી ને દીકરાઓ આવા પાકયા હોવાથી એમને ગામમાંથી કોઈ ઉધાર-ઉછીનું આપતું નથી, તેથી હાલ ઘરમાં રોટલાનાં સાંસાં છે. નાનાં છોકરાં ભૂખે ટળવળે છે !

આ વાત સાંભળીને તત્કાળ અનાજની જોગવાઈ કરી આપી અને પોતે બની શકશે તે કરશે, એવું આશ્વાસન આપ્યું.

પછી પ્રભાશંકરભાઈ પોલીસ ઉપરી કૃષ્ણચંદ્રને સાથે લઈ ભાવનગરની જેલમાં ગયા. એ બંને કેદી ભાઈઓને પોતાની રૂબરૂ બોલાવ્યા.

પ્રભાશંકરભાઈએ એ બંને તરફ લોકોની શી ફરિયાદ છે એ વિચારી જોવા કહ્યું. અને પછી ઉમેર્યું કે, જેમની મા ને પોતાનાં દીકરાનાં છોકરાં ભૂખે મરતાં હોવાથી બીજા પાસે રોટલા માટે કરગરવું પડે છે, એ દીકરા કેવા !

એ બંને ભાઈઓએ પ્રભાશંકરભાઈના પગમાં પડી કહ્યું :

'સાહેબ, આપને અમે ખાતરી આપીએ છીએ કે, અમારા તરફથી કોઈ ફરિયાદ હવે નહિ આવે. અમે આપની માફી માગીએ છીએ. પણ અમારા કોઈ જામીન થતું નથી.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'એ જ તકલીફ છે. તમારામાં એવો વિશ્વાસ હોય કે તમે જે બોલો તે પ્રમાણે સારું જ આચરણ કરશો તો કોક જામીન થાય. હુંય થાઉં. પણ એવો વિશ્વાસ પેદા થાય તેવું તમારે થવું જોઈએ અને કરી બતાવવું જોઈએ.'

બંને ભાઈઓએ ફરી પગે પડી ખાતરી આપી કહ્યું :

'અમારું કોઈ જામીન થાય ને અમે છૂટીએ તો અમારી કોઈ ફરિયાદ કદી આવશે નહિ. અમને ભૂલ સમજાઈ છે.'

પ્રભાશંકરભાઈએ એ જ વખતે મૅજિસ્ટ્રેટને બોલાવ્યા. પોતે એ બંને ભાઈઓના હજાર હજાર રૂપિયાના એક વરસ માટે જામીન થયા અને જામીનખત ઉપર એમણે પોલીસ ઉપરીની હાજરીમાં સહી કરી બંને ભાઈઓને છૂટા કરાવ્યા.

પોલીસ ઉપરી સહિત સહુને નવાઈ લાગી ! બધાને એમ લાગતું કે, આ રીઢા ગુનેગારો ભંડારિયા પહોંચતાંવેંત કંઈક એવું કરશે કે, જેથી એમને છૂટા કર્યા બાબતનો અફસોસ થશે.'

પણ એવું કશું જ બન્યું નહિ. નવો કોઈ ગુનો થયો નહિ. ઊલટું, બંનેના સ્વભાવ અને વર્તન એવાં પલટાઈ ગયાં કે, આ બે જે હતા તે જ છે એમ કોઈ ને લાગતું નહિ, એટલું લોકોને આશ્ચર્ય થયું.

ભંડારિયાના દરબારી દવાખાનાના રાજવૈદ્ય પ્રતાપરાયભાઈએ આ બંને ભાઈઓની પહેલાંની અને પછીની, બંને જિંદગી નજરે જોયેલી. એ ભાઈ કહેતા :

'આવા વાઘ જેવા ક્રૂર માણસો પ્રભાશંકરભાઈની રૂબરૂ જેલમાં મુલાકાત થયા પછી એવા તો ગરીબ ગાય જેવા થઈ ગયા કે, એ બેયનું અવસાન થયું ત્યારે સારા માણસ તરીકેની છાપ ઊભી કરીને ગયા.'

## ૩૫. જગતના તાત ખેડૂતોની વહારે

મહારાજા ભાવસિંહજી ભાવનગરની ગાદીએ આવ્યા તે વખતે રાજ્ય ભારે કરજમાં હતું.

તેમાં વળી અનાવૃષ્ટિને લીધે ઈ. સ. ૧૯૦૦નો ભયંકર દુકાળ પડ્યો. એ સાલ વિક્રમ સંવત ૧૯૫૬નું વરસ હતું. એટલે એ દુકાળ 'છપ્પનિયો કાળ'ને નામે ઓળખાય છે.

દુષ્કાળને કારણે અંગ્રેજ સરકારે રાજ્યોને રાહતકામો ખોલી લોકોને રોજી આપવા લખાણ કરેલું.

ભાવનગર રાજ્ય પાસે રોકડ નાણાં ન હતાં. બીજેથી ઉછીનાં કે વ્યાજે લેવાં પડે તેમ હતું.

આની સામી બાજુ રાજ્યના ખેડૂતો પાસેથી પાછલી સાલોની ખેંચાતી મહેસૂલની સોળ લાખ રૂપિયાની રકમ લેણી હતી. એ વસૂલ થાય તો રાજ્યને નાણાંની સગવડ થાય એવા ઇરાદાથી દીવાન ઑફિસે એ મહેસૂલની રકમ તાકીદ કરીને તેમ જ છેવટે જપ્તી બેસાડીને પણ ઉઘરાવવા નિર્ણય લીધો ને મહારાજાસાહેબને મંજૂરી હુકમ માટે મોકલ્યો.

તે વખતે પ્રભાશંકરભાઈ હજૂર સેક્રેટરી હતા. તેમણે મહારાજાને તુમારની વિગત સમજાવીને શાંતિથી કહ્યું :

'આપ ધ્યાન પર લો તો આપ આ તુમારને મંજૂરી આપો તે પહેલાં મારે એક અરજ કરવી છે.'

મહારાજાએ હા કહી, એટલે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'પાછલાં વરસો સારાં ગયાં હોવા છતાં ખેડૂત મહેસૂલ દઈ શકતા નથી અથવા તો વસૂલ લેવામાં ખાતાએ ધ્યાન નથી દીધું.

'એટલે જો ખેડૂતોની હાલત ભરી શકે તેમ નથી, એ કારણ ખરું હોય, તો સારાં વરસોમાં જે નથી ભરી શક્યા તે આ દુકાળમાં કેમ ભરી શકશે ?

'રાજ પાસે તો બધી સત્તા છે, જેથી જપ્તી બેસાડી ભૂખે મારી વસૂલાત થઈ શકશે. પણ રાજ માથે આટલું તો કરજ છે જ તેમાં વળી રાહતકામો ખોલવા માટે બીજેથી રૂપિયા લેવા પડશે. એની સરખામણીમાં આ વસૂલાતની રકમ કેટલી ?

'આપનો હેતુ નાણાં એકઠાં કરવાનો છે, દુકાળમાં લોકોને રાહત આપવાનો છે, પણ ખેડૂતોને મારવાનો નથી. જો આટલી રકમ માટે ખેડૂતોની સતામણી થશે તો નિસાસા લાગશે, આપણે પાપના ભાગીદાર થઈ શું ને વધારામાં બીજાં રજવાડાંમાં તેમ જ સરકારમાં આપણી આબરૂ શી રહેશે ?

'ખેડૂત અનાજ પકવે છે, એટલે જગતનો બાપ કહેવાય છે. એ ઉપરાંત દર વરસે ખેડૂતોની મહેસૂલથી જ રાજની તિજોરી ભરાય છે. આમ બે રીતે રાજનું ભરણપોષણ એથી થાય છે.

'હું તો ખેડૂતોમાં ઊછર્યો છું. ખેડૂતોને હું ઓળખું છું. માટે મારી અરજ એટલી છે કે, આ ટાણું ખેડૂતોની સ્થિતિ જાતે સમજી લેવાનું છે. આપ નક્કી કરો. ફરમાવો તો હું સાથે આવું. આપણે ગામડાં ફરીએ. પછી આપ જે હુકમ આપો, એ આપ નામદારનો હુકમ કહેવાય. રાજા તો બાપ છે. એમણે જાતે જોઈ-વિચારીને આજ્ઞા આપી હોય, તેમાં પ્રજાનું કલ્યાણ જ થાય.'

મહારાજાએ પ્રભાશંકરભાઈની વાત સ્વીકારી. તે ખેડૂતોની સ્થિતિ જોવા નીકળી પડ્યા. તેમણે કાળજીથી ખેડૂતોની સ્થિતિ તપાસી.

મહારાજાસાહેબ ઘેર ઘેર ફર્યા. અનાજ, બિયારણ જોયું. ખેતરો, કૂવા, ગંજીઓ, ઢોર તથા વેપારીઓના ચોપડે ખેડૂતોનાં ખાતાં જોયાં. તે ઉપરાંત અધિકારીઓને ખેડૂતો પાસેથી ગેરકાયદે શું શું મળતું તે જોયું.

આ બધું જોઈને ભાવસિંહજીને ઘણો ઉદ્વેગ થયો. મુસાફરીએથી પાછા આવી, જપ્તી ન બજાવવાનો તથા આજ સુધી ચડેલી સોળ લાખ રૂપિયાની મહેસૂલની રકમ માફ કરવાનો તથા ખેડૂતોને કૂવા ખોદાવવા, બિયારણ, ઓજારો, બળદ વગેરે ખરીદવા માટે ખાતા મારફત ધિરાણ કરવા હુકમ લખી મોકલ્યો.

મહારાજા ભાવસિંહજીના એ કામને ખેડૂતો સહિત પ્રજાજનોએ એટલું વખાણ્યું કે, મહારાજાસાહેબ ઘણા લોકાદર પામ્યા અને સરકારમાં પણ એની સારી નોંધ લેવાઈ.

## ૩૬. રોગનો ઉપચાર એ જ સાચો ઉપાય

એક દિવસ પ્રભાશંકરભાઈ પોતાના મોટા પુત્ર અનંતરાયભાઈ સાથે બેસી એક મહત્ત્વનું કામ કરતા હતા.

તે વખતે તેમના કોઈ જ્ઞાતિભાઈ અચાનક મળવા આવ્યા. પ્રભાશંકરભાઈએ તરત જ તેમને મુલાકાત માટે આવવા દીધા.

આવનાર ભાઈએ પ્રભાશંકરભાઈને તેઓ જ્ઞાતિજનોનું કંઈ જ હિત કરતા નથી, એવી વાત ઘણા આકરા શબ્દોમાં ગુસ્સા સાથે કહી.

પ્રભાશંકરભાઈએ શાંતિથી એમની વાત સાંભળી. આવેલા ભાઈએ એની એ વાત ફરી ફરીને કહ્યા કરી, ત્યારે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'તમે કયા મુખ્ય ઉદ્દેશથી આવ્યા છો તે કહો. હું શું કરું, એમ તમે ઇચ્છો છો ?'

પેલા ભાઈએ આર્થિક મદદ માગી. પ્રભાશંકરભાઈએ એ જ વખતે આપી.

આવેલા ભાઈ ગયા, એટલે અનંતરાયભાઈએ પિતાને જરા અકળાઈને કહ્યું :

'તમને એ ન કહેવા જેવાં વચનો કહેતા હતા. છતાં તમે કેમ તેમને કંઈ ન કહ્યું ? એવું બોલતાં વારવા જોઈએ. આવા આકરા આક્ષેપો, ખરાબ અપમાનજનક શબ્દો ને ક્રોધ શા માટે સહન કરવા જોઈએ ? ઊલટાનું તમે તો એમને ઉપરથી દક્ષિણા પણ આપી ! આવું તે કંઈ થાય ?'

નારાજ પુત્રને પ્રભાશંકરભાઈએ કહ્યું :

'ચાલો, પહેલાં આ કામ પતાવી દઈએ. '

બંનેએ બીજો અડધો કલાક સાથે બેસીને કામ પૂરું કર્યું.

દરમિયાન અનંતરાયભાઈના મનમાં પેલા પ્રસંગનો પરિતાપ ઓછો થયો હતો.

ઊઠીને બહાર ઓસરીમાં આવતાં પ્રભાશંકરભાઈએ કહ્યું :

'ભાઈ, આપણી વાડીના પેલા માળીને જરા બોલાવ તો !'

અનંતરાયભાઈએ પૂછ્યું :

'કેમ બાપુજી, તેનું શું કામ છે ? તેને કંઈ કહેવું છે ?'

પ્રભાશંકરભાઈએ જરા ગંભીર બની કહ્યું :

'મારે એને ઠપકો દેવો છે.'

આ સાંભળીને અનંતરાયભાઈ નવાઈ પામીને બોલ્યા :

'એણે એવી શી ભૂલ કરી છે ?'

પ્રભાશંકરભાઈ ગંભીર ભાવે કહે :

'મારી સામે તો ઠીક છે. પણ મહારાજા ભાવસિંહજી અહીં પધારે છે, ત્યારે તેમની સામે પણ તે લંગડો લંગડો ચાલતો આવે છે ! એણે સરખું અદબથી ચાલવું જોઈએ ને ?'

અનંતરાયભાઈ બોલી ઊઠયા :

'બાપુજી, એ કેમ થાય ? એ બાપડો અપંગ થઈ ગયો છે. એને પગે ખોડ છે. તે કેમ કરી સરખી રીતે ચાલે ? એને ઠપકો દેવાનો શો અર્થ ?'

એટલે પ્રભાશંકરભાઈ હસીને બોલ્યાં

'તો મારે તને એ જ કહેવું છે, કે જો એ માળી પગે લંગડો છે, તો પેલા ભાઈ મનથી લંગડા છે. એ એક પ્રકારનો રોગ જ છે રોગની ચિકિત્સા હોય. તેના પર ગુસ્સો કરવાની જરૂર નથી. એ રોગનો ચેપ આપણને ન લાગે, તેવી સાવચેતી રાખી વૈદ્ય-દાક્તરની પેઠે તેવા માણસોની મુશ્કેલી દૂર કરી ઉપચાર કરવા એ જ સાચો ઉપાય છે.'

## ૩૭. સદ્ભાવભરી પ્રાર્થના હોય

પ્રભાશંકરભાઈ ઇંગ્લૅન્ડની ભારતમંત્રીની કાઉન્સિલમાં સભ્ય તરીકે નિમાયા. તે વખતે પહેલું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જર્મનો સામેનું આ યુદ્ધ ઇંગ્લૅન્ડને ભારે પડી જતું હતું.

એક રવિવારે ઇંગ્લૅન્ડના રાજા પાંચમા જ્યૉર્જ સહિત રાષ્ટ્રની સામુદાયિક પ્રાર્થના દેવળમાં હતી. ભારતમંત્રી સાથે પ્રભાશંકરભાઈ પણ હતા.

પ્રાર્થના મુખ્યત્વે આવા ભાવની હતી :

'હે પ્રભો ! અમારા દુશ્મનોનો સર્વાંશે નાશ કરો અને અમને વિજયી બનાવો.'

ઘણા અધિકારીઓ પ્રભાશંકરભાઈને ઓળખતા હતા. તેમને માનથી જોતા હતા. તે કહે એ કાળજીથી સાંભળી વિચારતા. કોઈક અધિકારીએ તેમને પૂછયું :

'આ પ્રાર્થના તમને કેવી લાગી ?'

પ્રભાશંકરભાઈએ સામો સવાલ કર્યો:

'આજે અત્યારે જર્મનો પણ આવી જ પ્રાર્થના કરતા હશે ને ? પ્રાર્થના જેની કરીએ છીએ તે તો આપણા, જર્મનોના અને સહુના પિતા છે.'

ભારતમંત્રી મૉન્ટેગ્યુએ પૂછયું :

'તો પ્રભાશંકર, તમારી શી પ્રાર્થના હોય ?'

પ્રભાશંકરભાઈએ સ્વસ્થતાથી કહ્યું :

'એ ભારતની પ્રણાલી મુજબની પ્રાર્થના હોય :'

'હે નાથ ! અમને સદ્બુદ્ધિ આપો કે જેથી અમે સંપમાં અને પરસ્પર સહાય કરતા સુખેથી સહુ જીવીએ.'

એક પાદરીએ એ સાંભળીને કહ્યું :

'ખરેખર, સારી પ્રાર્થના છે. પણ યુદ્ધ વખતે તે ટકાવી રાખી શકાય નહિ.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'માફ કરજો યુદ્ધ વખતે તો એ ભાવના મન સામે જ રહેવી જોઈએ. તો જ તે પ્રાર્થના કહેવાય.'

ઉત્તર સાંભળીને એ પાદરી પ્રસન્ન થયા. છૂટા પડતી વખતે હાથ મિલાવીને ગયા. જીવ્યા ત્યાં સુધી પ્રભાશંકરભાઈના એ મિત્ર રહ્યા.

## ૩૮. પોતે કરેલી ભલાઈની વાત ન થાય

એક વાર પ્રભાશંકરભાઈને એક સ્વજને પૂછયું :

'પેલા અંગ્રેજ, જે આપને પોતાના દુશ્મન ગણીને વર્તતા હતા, તે હવે આપને મિત્ર ગણીને કેમ વર્તે છે. ? આપે તેનું એવું શું કરી આપ્યું ?'

પ્રભાશંકરભાઈ સહજ ભાવે કહે :

'મેં કશું કર્યું નથી.'

સ્વજને વાતને પકડી રાખી કહ્યું :

'ના, ના; એવું તે કંઈ હોય ? પણ જો આપ કહો, તો એક નોંધવા લાયક પ્રસંગ બને.'

પ્રભાશંકરભાઈ હસતા હસતા બોલ્યા :

'કાગળ પરની નોંધ નકામી છે. અને જે કામમાં સામાના દોષો ઢાંકી તેના સદ્‌ગુણો વિકસાવવા પ્રયત્ન કર્યા હોય, તે કામ જો કોઈ જાણે, તો પ્રયત્નનો હેતુ નિષ્ફળ જાય છે.'

'માણસ પોતે માણસ પેઠે જીવીને સમાજવિરોધી કે ધર્મ વિરુદ્ધ આચરણ કરનાર બીજાને માણસ પેઠે જીવતા કરે, એ મુખ્ય વાત છે. અને એ વાત છાની રહે તેમાં જ શ્રેય રહેલું છે.'

## ૩૯. નોકરે ગુનો કબૂલ કર્યો !

પ્રભાશંકરભાઈ ભાવનગરના દીવાન હતા. તે વખતે એક વાર તે બહારગામ ગયા હતા. એ દિવસોમાં એમના ઘરમાં ચોરી થઈ. સોનાનાં કીમતી ઘરેણાં કોઈ ચોરી ગયું હતું.

રમાબહેને તરત જ પોલીસવાળાને એની જાણ કરી. પોલીસે શક લાવીને દીવાનસાહેબના એક જૂના નોકરને અટકમાં લીધો !

થોડા દિવસ પછી પ્રભાશંકરભાઈ ઘેર આવ્યા. એટલે પેલા નોકરની પત્ની એમની પાસે આવી. તે એમના પગમાં પડીને કરગરવા લાગી.

'સાહેબ, અમ ગરીબ પર દયા કરો ! માબાપ, એ સાવ નિર્દોષ છે. મહેરબાની કરીને એમને પોલીસના હાથમાંથી છોડાવો ! અમે આપનો ઉપકાર કદી નહિ ભૂલીએ.'

પ્રભાશંકરભાઈએ નોકરને છોડી દેવા પોલીસને સૂચના મોકલી આપી. એટલે પેલા નોકરને છોડી દઈને પોલીસ અમલદાર તેની સાથે દીવાનસાહેબ પાસે આવ્યો.

પ્રભાશંકરભાઈએ પોલીસ અમલદારને કહ્યું :

'મારી પત્નીનાં ઘરેણાં ચોરાયાં એ ખરેખર દુ:ખદ વાત છે. પરંતુ શક લાવીને મારા ઘરના જૂના નોકરને જ પકડવામાં આવ્યો, એ તેના કરતાં પણ વધારે દુ:ખની વાત છે !

'મારે મન સોનાનાં ઘરેણાં કરતાં મારા માણસની કિંમત વધારે છે. માટે આ જે કંઈ થયું એ ખરેખર ખેદજનક છે!'

પોલીસ અમલદારે પોતે આવું ઉતાવળિયું પગલું ભર્યું એ બદલ દીવાનસાહેબની ક્ષમા માગી. પછી તે ત્યાંથી ચાલ્યો ગયો.

આ બધું પેલો નોકર ત્યાં ઊભો ઊભો જોતો-સાંભળતો હતો.

પેલો પોલીસ અમલદાર ચાલ્યો ગયો. એટલે પ્રભાશંકરભાઈએ પેલા નોકરને બોલાવી, જાણે પોતે જ કંઈ દોષ કર્યો હોય એવા ભાવથી બોલ્યા :

'ઘરમાં ચોરી થાય, એટલે પોલીસને તારા ઉપર વહેમ આવે એ સ્વાભાવિક છે. તેઓને આવાં કેટલાંય કામ કરવાં પડે. તેથી તેઓ તો જેના તેના પર શક લાવીને શોધ કરવા મંડી પડે. એમાં એ લોકોને દોષ દેવો ઠીક નહિ ગણાય.'

'પરંતુ તું આથી માઠું જરા પણ લગાડતો નહિ. મને તારા પર રજમાત્ર પણ વહેમ નથી. ઊલટું, મારે તારી માફી મગાવી જોઈએ કે, તારે આમ વિના કારણ સહન કરવું પડયું !'

આ સાંભળીને પેલો નોકર એકદમ દીવાનસાહેબના પગમાં પડીને રડતો રડતો બોલી ઊઠ્યો:

'સાહેબ, સાહેબ ! મારા જેવો પાપી માણસ આપ સાહેબના વિશ્વાસને પાત્ર નથી !'

'હું જ ચોર છું ! મેં જ ઘરેણાં ચોર્યાં છે! હું આપ સાહેબને એ ઘરેણાં લાવીને અબઘડી પાછાં સોંપી દઉં છું.

'આપ પોલીસને પાછા બોલાવો અને આ પાપિયાને સખત સજા કરો. મેં આપ સાહેબનો વિશ્વાસઘાત કર્યો છે !'

આ સાંભળીને પ્રભાશંકરભાઈ ધીર શાંત અવાજે બોલ્યા :

'મને તારા ઉપર વહેમ ન હોવા છતાં તેં સાચે-સાચું કહી દેવાની હિંમત કરી, એટલે હવે તને સજા કરવાની હોય જ નહિ. ફરી કદી આવી લાલચને વશ થતો નહિ. નેકીથી ચાલજે. તું તંગીમાં હોઈશ, તેથી જ કદાચ તને આવું કરવાની કુબુદ્ધિ સૂઝી હશે.'

એમ કહીને પ્રભાશંકરભાઈએ એને સો રૂપિયા આપતાં કહ્યું :

'લે, આ સો રૂપિયા. તને ખપ લાગશે.'

પેલો નોકર તો આભારવશ થઈ એમની સામુ આભો બની જોઈ જ રહ્યો ! પછી તો વરસો સુધી એ અને એની પત્ની પ્રભાશંકરભાઈને ઘેર કામ કરતાં રહ્યાં.

## ૪૦. વિષયોનું શિક્ષણ અને ઉછેર

પ્રભાશંકરભાઈની એવી માન્યતા હતી કે-

રાજકુમારોના શિક્ષણ માટે દેશમાં કે ઇંગ્લૅન્ડમાં અંગ્રેજ સરકારે કરેલી વ્યવસ્થામાં અપૂર્ણતા છે.

પ્રજા-વાત્સલ્ય, ઉદાત્ત ચારિત્ર્ય - સંપન્નતા, સમભાવ વગેરે ગુણો રાજામાં મુખ્ય હોવા જોઈએ.

તેવા ગુણસંસ્કારની જોગવાઈ એ શિક્ષણમાં ન હોવાથી ભારતની બદલાતી સ્થિતિમાં એ પરત્વે વધારે ધ્યાન દેવાવું જોઈએ.

ઈ.સ. ૧૯૩૧માં ઓગણીસ વર્ષની વયના અને નિષ્ણાત યુરોપિયન શિક્ષાગુરુ નીચે ભણીને તૈયાર થયેલા જયપુરનરેશના રાજ્યાભિષેક વખતે પ્રભાશંકરભાઈએ આ દૃષ્ટિને નજર સામે રાખીને કહ્યું હતું :

'એક વાત સૌને માટે સમજવા જેવી છે કે,'

'વિષય-જ્ઞાન અને ઉછેર એ બંને જુદી વસ્તુઓ છે. '

વિષય-જ્ઞાન ગમે તે ભાડૂતી શિક્ષાગુરુ આપી શકે. ઉછેરમાં હૃદયના ખરા સ્નેહની જરૂર છે.

'ગયાં ત્રીસ વર્ષમાં કયાં રાજ્યોના કુમારો વિદેશ ગયા હતા ને કયા આ દેશમાં રહીને જ ઉછેરાયા હતા, તેનાં પરિણામો તપાસીએ, તો અનુભવથી જોનારને એમ કહ્યા વગર ચાલશે નહિ કે, પ્રજામાં રહીને યોગ્ય શિક્ષાગુરુઓના હાથે અપાયેલું શિક્ષણ, નવા વાતાવરણના અભ્યાસક્રમ કરતાં એકંદરે વધારે શુભ ફળદાયી થયું છે.'

## ૪૧. 'પહેલું માથું મારું હશે !'

બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજીનો ઉછેર સારી રીતે થાય એની કાળજી પ્રભાશંકરભાઈ બરોબર લેતા હતા. એ માટે તે એમની બાજુમાં લીલે બંગલે રહેતા. પોતાને બંગલે કુટુંબની સાથે ન રહેતા.

અંગ્રેજ સરકારની આજ્ઞાને માન આપી રાજકોટની રાજકુમાર કૉલેજમાં બાળમહારાજાને ભણવા મૂકેલા. તે વખતે પોતે વારંવાર ભાવનગરથી રાજકોટ બેચાર દિવસ તેમની પાસે રહી આવતા.

બાળમહારાજાને વિલાયત ભણવા મોકલવાના સરકારના દબાણ વખતે પ્રભાશંકરભાઈને સરકાર સાથે ઘણી રકઝક કરવી પડી હતી. કાગળ પર વાત ન પતતાં જાતે જઈને પ્રભાશંકરભાઈએ સરકારને કહેલું :

ભાવનગરની પ્રજાની મરજી વિરુદ્ધ બાળમહારાજાને પરાણે વિલાયત લઈ જશો, તો તેમની ટ્રેનના પાટા ઉપર છેક વઢવાણ સુધી આખું ભાવનગર આડું સૂતું હશે. '

'અને તે દી એન્જિનનાં પૈડાં પાસે પહેલું માથું મારું હશે ! અને હું આમ કરું એવો માણસ છું.'

છેવટે ઇંગ્લૅન્ડની હૅરો નામની જાહેર સ્કૂલમાં જવા જેવડા બાળમહારાજા થાય અને તે ફક્ત ત્રણ વર્ષ માટે જ તેમને મોકલવા, એવો નિર્ણય પ્રભાશંકરભાઈ લેવડાવ્યે રહ્યા.

પરદેશી શિક્ષણની ઉપયોગિતા પ્રભાશંકરભાઈ સ્વીકારતા. એટલે તો કોઈ વિદ્યાર્થી વધુ અભ્યાસ માટે પરદેશ જવા માટે તૈયાર થાય, તો તેને બિનશરતી સ્કૉલરશિપની સગવડ કરી આપતા.

પરંતુ રાજામાં વિશેષ સદ્‌ગુણોના વિકાસની જરૂરિયાત તેમને મહત્ત્વની લાગતી.

## ૪૨. મૂર્તિપૂજાનું મહત્ત્વ

બાળમહારાજાના શિક્ષણ માટે પ્રભાશંકરભાઈએ જુદા જુદા શિક્ષકોની ગોઠવણ કરેલી. કયા શિક્ષક શું ભણાવી ગયા. કેવી રીતે વાત થઈ વગેરે રોજ સાંજે તે બાળમહારાજાને પૂછતા.

એક વખતે બાળમહારાજાએ પ્રભાશંકરભાઈને જણાવ્યું.

'મારા અંગ્રેજ શિક્ષક શિખામણ આપે છે કે, હિંદુ ધર્મમાં મૂર્તિપૂજા છે. તે ખોટું છે, ખરાબ છે. મૂર્તિમાં દેવ કેમ હોય ?'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'હું આવતી કાલે એ ભણાવતા હશે, ત્યારે આવીશ.'

બીજે દિવસે ચાલતા વર્ગે પ્રભાશંકરભાઈ ગયા. તે વખતે મૂર્તિપૂજાની જ વાત ચાલતી હતી. તે આવ્યા, એટલે અંગ્રેજ શિક્ષકે પોતાના મત ઉપર ભાર દઈ વાત કરી.

પ્રભાશંકરભાઈએ શિક્ષકને કહ્યું:

'હું મારી રીતે સમજાવું ?'

શિક્ષકે હા કહી. એટલે પ્રભાશંકરભાઈએ પાટી પર પોતાનું નામ લખવાનું બાળમહારાજાને કહ્યું. તેમણે લખ્યું, એટલે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'હવે તેના ઉપર થૂંકો.'

બાળમહારાજાએ નવાઈ પામી પૂછ્યું :

'તમારા નામ પર કેમ થૂંકાય ?'

પ્રભાશંકરભાઈએ મહારાજા ભાવસિંહજીનો ફોટો બતાવીને કહ્યું :

'આ ફોટાને નીચે ઉતારી તેને જોડો મારો.'

બાળમહારાજા મૂંઝાઈ ને જોઈ રહ્યા !

પ્રભાશંકરભાઈએ પૂછ્યું :

'કેમ જોડો મારતા નથી ?'

બાળમહારાજા જરા અકળાઈ ને કહે :

'એ તો મારા બાપુજી છે. એમને કેમ જોડો મરાય ? એમની તો પૂજા થાય.'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

હું તો સામે ઊભો છું. પાટીમાં તો મારું નામ લખેલું છે. મરહૂમ મહારાજાસાહેબ હાજર નથી. આ તો એમનો ફોટો કાગળ ઉપર છે. પાટી પરનું નામ કે ફોટો અમે નથી, એ અમારી મૂર્તિ છે.

'તો જે કારણે આપણે માણસની મૂર્તિનું અપમાન કરતાં અચકાઈ એ છીએ અને ફોટા કે બાવલાને પૂજીએ છીએ, તે જ કારણે આપણે ઈશ્વરની મૂર્તિને પૂજીએ છીએ.

મરહૂમશ્રીનો ફોટો શા માટે ટાંગ્યો છે ? એ એમની મૂર્તિ છે. એમની ગેરહાજરીમાં એમને યાદ કરવા એમની હાજરી અનુભવવા માટે છે.

હિંદુ લોકો જ નહિ, પણ ખ્રિસ્તી લોકો સુધ્ધાં ક્રાઈસ્ટની, મેરીની વગેરેની છબી રાખે છે. જેમ ૐકાર એ મૂર્તિ છે, તેમ ક્રૉસ પણ મૂર્તિ જ છે.

'કુરાન, ગીતા, બાઈબલ એ પણ મૂર્તિ જ છે.'

'મૂર્તિપૂજાની નિંદા કરનારા પોતે જ એક યા બીજી રીતે મૂર્તિની પૂજા કરે છે.'

બાળમહારાજાને આ વાત ગળે ઊતરી ગઈ. પેલો અંગ્રેજ શિક્ષક પણ એ વાતની ચર્ચામાં ઊતર્યો નહિ. પછી કોઈ પણ વાર તેણે ફરી મૂર્તિપૂજાની વાત બાળમહારાજાને કરી નહિ.

## ૪૩. વજીરે ખેસ ખંખેરી નાખ્યો

વીસેક વરસની વયે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગાદી પર આવ્યા. તે પછી પ્રભાશંકરભાઈ તેમને રાજ્યનાં ગામડાંનો તથા ગામલોકોનો પરિચય કરાવવા લઈ ગયા હતા.

ફરતાં ફરતાં તેઓ તુરખા ગામે આવ્યા. આ ગામ રાજ્યના ભૂતપૂર્વ દીવાન ગગા ઓઝાને તેમની લાંબી અને ગૌરવભરી સેવાની કદરમાં રાજ્ય તરફથી ઇનામમાં મળેલું.

ગામ તથા સીમથી આકર્ષાઈ યુવાન મહારાજાએ કહ્યું :

'વાહ ! ગામ કેવું રૂડું-રૂપાળું છે !'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'ગગા ઓઝાની જેવી સેવા શોભતી, તેવું એમનું ગામ શોભે છે.'

પછી બીજી થોડી વાતો ચાલતી હતી અને મોટર આગળ વધતી હતી, ત્યારે પ્રભાશંકરભાઈએ કહ્યું :

'મહારાજ, જૂની વાત છે. કચ્છની છે. હાલના મહારાવ ખેંગારજીના પિતાશ્રી પ્રાગમલજીની વાત છે.

'તેમણે હાઈસ્કૂલ, કન્યાશાળા, હૉસ્પિટલ, તળાવ વગેરે ઘણાં લોકોપયોગી કામ કર્યાં છે. એ ગાદીએ બેઠા તે વરસ દુકાળનું હતું, તે વેળાએ તેમણે અગાઉ લેવાતા કર માફ કરેલા ને જાહેર બાંધકામો શરૂ કરેલાં. એક સારા રાજાને છાજે એવી તે કીર્તિ મેળવી ગયા.

'મહારાવ પ્રાગમલજી ગાદીએ આવ્યા, ત્યારે જુવાન હતા. એમના વજીર રૂપસંગજી વૃદ્ધ હતા.

'તેઓ બંને એક વાર ગાડીમાં બેસી ગામડાંઓમાં ગયેલા. વળતાં રસ્તામાં સુંદર બાંધકામ અને ફરતી વનરાઈવાળું

રળિયામણું ગામ જોઈ મહારાવે કહ્યું : ''આ ગામ ઘણું સારું છે ! કોનું છે ? આપણું કે બીજાનું ?''

'વજીરે કહ્યું : ''બાપુ, આ ગામ આપના વડવાઓએ ચારણોને આપેલું છે.''

'થોડે છેટે ગયા પછી વજીરે ગાડી ઊભી રખાવી. તે નીચે ઊતરી ગયા. તેમણે ગાડીનાં પૈડાં તથા ઘોડાના ડાબલા સહિત પગ પોતાના ખેસથી લૂછી એ ખેસ બરાબર ખંખેરી નાખ્યો. પછી તે ગાડીમાં બેઠા.

'ગાડી ચાલી, એટલે મહારાવે પૂછયું : ''વજીરજી, તમે આ શું કર્યું ?''

'વજીર બોલ્યા : ''મહારાવ બાપુ, વાત એમ છે કે, આ ગામ દેવીભક્ત ચારણોને આપના વડવાઓએ બક્ષિસ આપેલું છે. રાજાનો ધર્મ છે કે, બક્ષિસ આપેલી વસ્તુનો અજાણતાંયે ઉપયોગ ન થાય, તેવી સાવચેતી રાખવી. આ ચારણોના ગામની ધૂળ ઘોડાને તથા ગાડીને ચોંટી હતી. તે જો આપણી જમીનમાં ભળે ને તેની આવક આપણી તિજોરીમાં આવે, તો તે સર્પ સમાન છે, કાળરૂપ છે. આ વાત હું જાણું છું, એટલે દેવીભક્તની જમીનની ધૂળ એમની સીમમાં જ ખંખેરી નાખી !''

યુવાન મહારાજા મુગ્ધ ભાવે પ્રભાશંકરભાઈ ભણી જોઈ રહ્યા.

## ૪૪. સંન્યાસીએ સંન્યાસી-ધર્મને લજાવ્યો !

ઈ.સ. ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં રમાબહેનની વરસી વખતે પ્રભાશંકરભાઈ ઘણા બીમાર હતા. રમાબહેનની વરસી ઉપર ભાગવત સપ્તાહ બેસાડી હતી. તે પ્રસંગે પ્રભાશંકરભાઈ આઠ-નવ દિવસ રોજ પ્રારંભથી અંત સુધી કથા સાંભળવા બેસતા.

તબિયતને કારણે સામે ખાટલો નાખી, તકિયે અઢેલી, પોતાની પાસે શ્રીમદ્ ભાગવતની પોથી રાખી સાથે વાંચતા જતા અને કથા સાંભળતા.

એ વખતે કોઈ સદ્ગૃહસ્થના આમંત્રણથી એક સંન્યાસી ગામમાં પધારેલા. તે પણ એ ગૃહસ્થની સાથે કથાશ્રવણ માટે આવતા.

પ્રભાશંકરભાઈ સંન્યાસીને પોતાની બાજુમાં જ બેસાડતા. બંનેની વચમાં પ્રભાશંકરભાઈ પોતાનું સોનાનું ખિસ્સા ઘડિયાળ ગાદલા પર છૂટું મૂકી રાખતા.

થોડાક દિવસ ગયા પછી એ ઘડિયાળ પેલા સંન્યાસીએ છાનામાના ઉપાડ્યું અને કેડે ભરાવી દીધું !

પ્રભાશંકરભાઈએ એ જોયું ને તરત જ નજર ફેરવી લીધી.

સાંજે સંન્યાસી ઊઠતા, ત્યારે પ્રભાશંકરભાઈ તેમને વળાવતા. તે દિવસે વળાવતી વખતે તેમણે સંન્યાસીને કંઈ ન કહ્યું.

વળતે દિવસે સંન્યાસી છેલ્લી વખત કથા-શ્રવણ માટે આવ્યા. કારણ કે પછીના પૂર્ણાહુતિના દિવસે સાંજે તે હરદ્વાર જવાના હતા.

યજમાન ગૃહસ્થાની ઇચ્છા મુજબ પ્રભાશંકરભાઈએ ભાવનગરથી હરદ્વાર સુધીની બીજા વર્ગની ટિકિટના પૈસા અને વાટખર્ચીના સોએક રૂપિયા સંન્યાસીને આગલે દિવસે આપી દીધા હતા.

વળતે દિવસે સંન્યાસી કથા સાંભળવા આવવાના ન હતા. તેથી તેમને વળાવવા પ્રભાશંકરભાઈ ગયા, ત્યારે તેમણે સંન્યાસીને કહ્યું :

'હજુ આ દેશમાં સાધુ, સંન્યાસી, સંતો ને કથાકારો તરફ લોકોનો આદર ઘણો છે.

'અત્યારે દેશની જે હાલત થઈ ગઈ છે, તે જોતાં કોઈ પણ માણસને ખેદ થયા વગર ન રહે ! એવે કાળે માણસને સુધારવાની, સન્માર્ગે દોરવાની આશા સાધુસંતોમાં રહી છે.

'તેઓ ફકત પ્રવચનથી અને ઉપદેશથી નહિ, પણ પોતાના ઉમદા ચારિત્ર્યથી લોકો પર છાપ પાડી ધર્મપરાયણ અને સદાચારી બનાવી શકે તેમ છે.

'જો સંતો પણ આજની હવામાં ફસાઈ ને કામ, ક્રોધ, લોભ વગેરેને વશ થઈ જશે, તો શ્રીકૃષ્ણ પરમાત્માની આ ભૂમિમાં લોકોનું શું થશે, એની મને ખબર નથી. મને વૃદ્ધ આંખે હવે અંધારું દેખાય છે !

'સંતો જીવી બતાવે અને આપ એમાં અગ્રે હો, એમ ઇચ્છું છું.

સંન્યાસી મૂગા મૂગા વાત સાંભળતા રહ્યા.

પૂર્ણાહુતિ પછી સાંજની ટ્રેનમાં જતા પેલા સંન્યાસીને મળવા પ્રભાશંકરભાઈ ભાવનગર પરા-સ્ટેશને ગયા. તેમણે ભાવનગર ટર્મિનસથી ટ્રેન આવી તેમાં તપાસ કરી, તો સંન્યાસી બીજા વર્ગમાં ન હતા, ત્રીજામાં હતા !

ત્યાં જઈ તેમને પગે લાગી કબજાના ખીસ્સામાંથી સોનાની ચેઇન કાઢી પ્રભાશંકરભાઈ બોલ્યા :

'આપે ઘડિયાળ લીધી, ત્યારે મારી પાસે ચેઇન ન હતી. એ ઘડિયાળની ચેઇન તમને સોંપી દેવા ને દર્શન કરવા આવ્યો છું. એ સ્વીકારીને આભારી કરો અને આશીર્વાદ આપો કે, આવો સંસાર જોવો ન પડે !'

પેલા સંન્યાસી ન હાથ લાંબો કરી શકયા કે ન કંઈ બોલી શકયા ! ઢીલા થઈ ગયા !

પ્રભાશંકરભાઈએ તેમના પગમાં પ્રણામ સાથે ચેઈન મૂકી વિદાય લીધી ને ટ્રેન ઊપડી.

## ૪૫. પરિસ્થિતિ માણસને ઘડે છે

એક વાર પ્રભાશંકરભાઈ એક મિત્રની સાથે મુંબઈમાં હેંગિંગ ગાર્ડનમાં ફરતા હતા. ત્યાં તેમનો એક જૂનો ઓળખીતો મળી ગયો.

ખબરઅંતર પૂછવા સાથે તે પ્રભાશંકરભાઈને અપમાનજનક શબ્દો કહેવા લાગ્યો.

પ્રભાશંકરભાઈને એના વર્તન પરથી એમ લાગ્યું કે, મુદ્દાની વાત તો એ હતી કે, તેને આર્થિક મદદની જરૂર હતી.

પ્રભાશંકરભાઈની પાસે તે વખતે પૈસા ન હતા. એટલે સાથે ફરવા આવેલા મિત્ર પાસેથી ઉછીના લઈ પેલા માણસને તેમણે તત્કાલ બસો રૂપિયા આપી દીધા ! તે રૂપિયા લઈને પ્રણામ કરી ચાલ્યો ગયો.

આ જોઈને પેલા મિત્રે નવાઈ પામીને પૂછ્યું :

'આવું જાહેરમાં અપમાન કરનાર માણસને તમે શા માટે મદદ કરી ?'

પ્રભાશંકરભાઈ સહજ ભાવે કહે :

'ખરાબ આર્થિક સ્થિતિ અને આફતમાં માણસ અકળાઈને ભાન ભૂલે છે ! સારી સ્થિતિ હોત ને જરૂરિયાત ન હોત, તો એ આમ ન બોલત. પણ એ જે રીતે બોલ્યો. તે પરથી તેની ઘણી દયાજનક સ્થિતિ છે, એમ સમજી મારી ફરજ વિચારીને મેં આપ્યા છે.'

## ૪૬. ચાંદલાથી બમણું મોકલ્યું !

પ્રભાશંકરભાઈના પૌત્ર મહેશભાઈનાં લગ્ન હતાં. એ ટાણે એક ગૃહસ્થે કાગળ લખી પોતાની સ્થિતિ નબળી હોવાથી સો રૂપિયાની મદદ કરવા પ્રભાશંકરભાઈને વિનંતી કરી.

એ સાથે તેણે જણાવ્યું કે,

'સંબંધને નાતે મહેશના લગ્નપ્રસંગે મારે ચાંદલાના પાંચ રૂપિયા મોકલવા જોઈએ. પણ સ્થિતિ ન હોવાથી મોકલી શક્યો નથી ! તો તે ચાંદલાના પાંચ રૂપિયા કાપીને રૂા. ૯૫)ની મદદ તુરત મોકલશોજી.'

પત્ર વાંચીને પ્રભાશંકરભાઈએ રૂા. ૧૦૫)નો મનીઑર્ડર કર્યો ને જવાબમાં લખ્યું :

'તમારી ઈચ્છા મુજબ ચાંદલાના રૂપિયા પાંચ કાપી લીધા છે. પણ મારે ત્યાં પૌત્રનાં લગ્ન છે, એ મોટી વાત હોવાથી હું ચાંદલાથી બમણું કરી પાછું આપું છું, તો સ્વીકારશો.'

## ૪૭. કામની કદર રૂપે ભેટ

ભાવનગરમાં શિવપ્રસાદ બૂચ નામના એક શિક્ષક હતા. તેમને ત્યાં લગ્નપ્રસંગ આવ્યો. એના ખરચમાં તેમને ૬૦૦ રૂપિયા ખૂટતા હતા.

તેમણે કેળવણી ખાતાના ઉપરી વિઠ્ઠલદાસભાઈ મહેતાને વાત કરી અને રાજ્ય તરફથી લોન મેળવવા બાબત પૂછ્યું :

વિઠ્ઠલદાસભાઈએ જણાવ્યું કે, મકાન બાંધવું કે એવી બાબત હોય, તો લોન મળે. છતાંયે અરજી કરી પટણીસાહેબને મળી જોવું.

આમ કહી તેમણે પટણીસાહેબ પર ભલામણચિઠ્ઠી લખી આપી.

તે લઈ ને શિવપ્રસાદ લીલે બંગલે ગયા અને પટણીસાહેબને તેમણે અરજી આપી.

પ્રભાશંકરભાઈએ વાંચીને કોનાં લગ્ન છે વગેરે પૂછ્યું. પછી અરજી ઉપર કંઈક લખી તે કવરમાં મૂકી એમને આપીને કહ્યું :

'હજૂર ખાનગી ખાતામાં જજો. ત્યાંના ઉપરી ડમરીસાહેબને આ આપજો.'

આ શિક્ષકભાઈ ડમરીસાહેબ પાસે ગયા. તેમણે ચિઠ્ઠી વાંચી એ ભાઈને સામે બેસાડ્યા અને થોડી વારમાં જ રૂપિયા આપ્યા.

શિવપ્રસાદે રૂપિયા એક વાર ગણ્યા, બીજી વાર ગણ્યા, તોયે ૮૦૦ થયા !

તેમણે ડમરીસાહેબને પૂછ્યું :

'સાહેબ, મને રકમ આપવામાં ભૂલ તો નથી થઈને ?'

ડમરીસાહેબે પૂછ્યું : 'કેમ ?'

એ ભાઈએ કહ્યું :

'આમાં ૮૦૦ રૂપિયા છે. મારી માગણી છસોની છે.'

ડમરીસાહેબે કહ્યું :

'તમે પટણીસાહેબે શું લખ્યું છે તે વાંચ્યું નથી લાગતું !'

એમણે ના કહી. એટલે સાહેબે તેમને કાગળ વાંચવા આપ્યો. તેમાં લખ્યું હતું કે-

'આ માણસ રાજનો નોકર છે. તેના કામથી ખાતાના ઉપરીને સંતોષ છે. તેને ત્યાં લગ્નપ્રસંગ હોવાથી તેણે રૂા. ૬૦૦)ની લોન માગી છે, એ તેને આપવી.

'ઉપરાંત રાજ્ય તરફથી લગ્નપ્રસંગે રૂપિયા બસો ભેટ દેવા.'

એ ભાઈએ રૂા. ૬૦૦)ની લોનની માગણી સિવાય કંઈ માગ્યું ન હતું. છતાં સામેથી તેમને પ્રભાશંકરભાઈએ રૂા. ૨૦૦) ભેટ આપ્યા !

## ૪૮. સેક્રેટરીનો ઇરાદો નિષ્ફળ ગયો !

એક વાર પ્રભાશંકરભાઈ સરકારી કામ અંગે દિલ્હી ગયા હતા. જે કામ સરકાર સાથે ચાલતું હતું, તેમાં બે દિવસ આમ જ નીકળી જાય એમ હતા. એટલે એ દરમિયાન પંડિત મદનમોહન માલવીયજીને મળવા તે બનારસ જવા નીકળ્યા.

સાથેના સેક્રેટરી હરિપ્રસાદ ભટ્ટને થયું કે, પટણીસાહેબ પોતાના મિત્ર માલવીયજીને બનારસ હિંદુ યુનિવર્સિટી માટે મોટી રકમ આપ્યા વિના રહેશે નહિ !

પટણીસાહેબ ન દઈ શકે તેમ કરવાના ઈરાદાથી તેમણે દિલ્હીથી નીકળતી વખતે ચેકબૂક પોતાની અંગત બેગને તળિયે મૂકી બેગને તાળું માર્યું. પછી તેમણે પ્રભાશંકરભાઈને વિનંતી કરી :

'આપ જો રજા આપો, તો હું બનારસ સ્ટેશનેથી જ સીધો કાશીવિશ્વનાથનાં દર્શને તથા સંતોનો સમાગમ કરવા નીકળી જાઉં. જતી વખતે હું સીધો સ્ટેશન પર આવી પહોંચીશ.'

પ્રભાશંકરભાઈએ હા કહી. એટલે જેવી ગાડી બનારસ સ્ટેશન પર આવીને ધીમી પડી કે, સેક્રેટરી હરિપ્રસાદભાઈ ચાલુ ગાડીએ ઊતરીને ચાલતા થયા ! સામે આવેલા માલવીયજીને નમસ્કાર કરવા જેટલુંયે થોભ્યા નહિ ને ઝડપથી સ્ટેશન બહાર નીકળી ગયા.

પછી સાંજે ગાડી ઊપડતી વેળાએ હરિપ્રસાદભાઈ પાછા આવી, છેવાડાના ડબામાં પોતે નજરે ન પડે એમ ચડી ગયા.

માલવીયજી પ્રભાશંકરભાઈને વળાવી ગયા. ગાડી ઊપડી.

હરિપ્રસાદભાઈએ માન્યું કે, પોતે કંઈક ઠીક કર્યું છે. પટણીસાહેબના પૈસા આબાદ બચાવ્યા !

બીજે સ્ટેશને તે પ્રભાશંકરભાઈ પાસે સલૂનમાં આવી ગયા.

પછી બંને સાથે જમ્યા. વિગતથી ઘણી વાતો કરી. દોઢેક કલાક પછી હરિપ્રસાદભાઈએ રજા લીધી, ત્યારે પ્રભાશંકરભાઈ બોલ્યા :

'હરિપ્રસાદ, હવે હું વૃદ્ધ થયો, એટલે ભૂલીયે જાઉં. માટે અત્યારે જ કહી દઉં છું. મારી ચેકબૂકમાં છેલ્લા ફાટેલા ચેકના

કાઉન્ટરમાં આજની તારીખે બનારસ હિંદુ યુનિવર્સિટીને પાંચ હજાર રૂપિયા આપ્યા તેમ લખી નાંખજો.'

હરિપ્રસાદભાઈ આ સાંભળીને નવાઈ પામી બોલ્યા :

'જી. ચેકબૂક શોધવામાં તકલીફ થઈ હશે ! હું દિલગીર છું.. એ મેં મારી બૅગમાં મૂકેલી. આપને શી રીતે મળી ?'

પોતાની દાઢીએ હાથ ફેરવતાં ફેરવતાં હસીને પ્રભાશંકરભાઈ કહે :

'મને કંઈ તકલીફ પડી નથી. તારું મન મેં વાંચી લીધેલું ! એટલે દિલ્હીમાં જ ચેકો કાઢતી વખતે કોરા ચેકનું પાનું લઈ લીધેલું !'

હરિપ્રસાદભાઈ જરા છોભીલા પડી જઈને બોલ્યા :

'માફ કરો તો અરજ કરું. માલવીયજીને તો આખા હિંદમાંથી ફાળો મળે છે. ખેંચને વખતે પણ આપે આવડી મોટી રકમ શા માટે આપી ?'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'જાણું છું કે, કરકસર કરું તો સહુને ગમે. પણ મને કોક દેતાં રોકે, ન દેવાની સલાહ આપે, ત્યારે મારાથી વધારે દેવાઈ જાય છે !

'અને હવે મને એમ થાય છે કે, હું હવે કેટલા દી ? આપી દેવા દે. એમાં જ ટાઢક વળે છે, ભાઈ !'

## ૪૯. 'મને કેમ વીસરે રે !'

એક વાર પ્રભાશંકરભાઈ મુંબઈથી ભાવનગર આવતા હતા. રસ્તામાં વઢવાણ જંકશને તેમના સલૂનને શન્ટિંગમાં કાઢી ઘણે દૂર મૂકવામાં આવેલું.

તે વખતે એક વૃદ્ધ માણસે સલૂનનું બારણું ખખડાવ્યું.

અંદરથી સેક્રેટરીએ બારીમાંથી જોયું.

વૃદ્ધે કહ્યું : 'મારે પટણીસાહેબને સલામ કરવી છે.'

સેક્રેટરીએ કહ્યું :

'એ નહિ બની શકે. પટણીસાહેબ આરામમાં છે.'

એ વૃદ્ધ પાછલી બાજુએ ગયો. ત્યાં બારી પાસે પટાવાળા જમાલભાઈ બેઠા હતા.

વૃદ્ધે તેને કહ્યું :

'મારે પટણીસાહેબને સલામ કરવી છે. મહેરબાની કરી કાંક ગોઠવણ કરી દો. હું કાંઈ અરજ ગુજારવા આવ્યો નથી. જૂની ઓળખાણ છે. એટલે દર્શન કરવાં છે.'

જમાલભાઈએ પ્રભાશંકરભાઈ પાસે જઈ વાત કરીને કહ્યું :

'એ માણસ ઘરડો છે. ચીંથરેહાલ છે, ગરાસિયા લાગે છે. ભેટે તલવાર છે. એને કોઈ અરજ કરવી નથી, એમ કહે છે. એને શું જવાબ દઉં ?'

પ્રભાશંકરભાઈએ કહ્યું કે, આવવા દો.

જમાલભાઈ વૃદ્ધ માણસને લઈ આવ્યા.

આવનાર વૃદ્ધે પ્રભાશંકરભાઈને રામ રામ કરી નમતાં કહ્યું :

'કાં પટણીસાહેબ, કેમ છો ? મને ઓળખ્યો ?'

પ્રભાશંકરભાઈએ ધારીને જોયું ને કહ્યું :

'જોયા હશે, મળ્યા હઈશું. પણ હવે ઘડપણથી ભૂલી ગયો છું ! તમે અહીં નિરાંતે બેસો અને કહો કે, તમે કોણ ?'

વૃદ્ધે હસતાં હસતાં કહ્યું :

'કેમ, ભૂલી ગયા ને ! યાદ કરો, તમે મૅટ્રિકની પરીક્ષા દેવા અમદાવાદ ગયેલા તે. રાજકોટથી અહીં થઈ ને જવાનું થયું હતું, ત્યારે તમારા સસરા વૈદ્યરાજ મણિશંકરભાઈનો રાજકોટથી મારા પર કાગળ હતો કે, મારા જમાઈ પરીક્ષા દેવા અમદાવાદ જવાના છે. તે આ દિવસે સગરામમાં નીકળી ત્યાં પહોંચશે. તમે સામા લેવા

જજો. નામ પ્રભાશંકર પટણી છે. વાન ઊજળો છે, આવો બાંધો છે, આવો પહેરવેશ છે. ત્યાંથી તમે એને અમદાવાદ પહોંચતા કરજો.

'હવે યાદ આવે છે કે, હું તમને સામે તેડવા આવેલો? મારે ઘેર તેડી ગયેલો ?'

વાત સાંભળતાં પ્રભાશંકરભાઈ બેઠા થઈ ગયા. હાથ મિલાવી માફી માગી તેમણે કહ્યું :

'હા, હા, હવે બધું સાંભરી આવ્યું ! પણ આ પચાસ વરસ પહેલાંની વાત ! એટલે તમને એકદમ ન ઓળખ્યા !'

'પણ એ વાત નથી ભૂલ્યો. એ દિલ, એ તમારી રખાવટ ક્યાં મળે ? તમને મળી બહુ રાજી થયો. સારું કર્યું તમે આવ્યા. હું તમારે ઘેર રાત રહેલો.'

વૃદ્ધે જૂના દિવસો યાદ કરી કહ્યું :

'તમે આવ્યા, પણ તમે બ્રાહ્મણ, અમારું રાંધ્યું તમને ખપે નહિ. તમને સીધું દીધું ને તમે લાડુ, અડદની દાળ કરી ખાધું અને હારે અમનેય ખવડાવ્યું. તે દી તમે જે રીતે રહ્યા ને બોલ્યા ઈ અમને સાંભર્યા કરે.

'પછી તો તમે ભાવનગરના દીવાન થયા, ઈ ખબર સાંભળ્યા ત્યારે રાજી થયા.

'આજે સ્ટેશનમાં ફરતો'તો. ત્યાં સલૂન જોયું. પૂછ્યું, કોનું છે ? કીધું કે પટણીસાહેબનું છે. એટલે થયું કે, હાલ જીવ, ઘણાં વરસ થયાં, પટણીનાં દર્શન કરું, હવે કેવાક લાગે છે ? ઘડપણથી ભાઈ, લેવાઈ ગયા છો !'

આ વાત દરમિયાન પ્રભાશંકરભાઈએ ચિઠ્ઠી લખી, તાળી પાડી. જમાલભાઈ આવ્યા, તેને એ ચિઠ્ઠી આપી.

સેક્રેટરી કવર લઈ આવ્યા.

એ કવર વૃદ્ધ ગરાસિયા ભાઈના હાથમાં મૂકતાં પ્રભાશંકરભાઈએ કહ્યું :

'આવા જૂના સંબંધ કોણ જાળવે ?'

વૃદ્ધે કવર ઉઘાડી અંદર ૧૦૧ રૂપિયા જોઈ કહ્યું :

'પટણીજી, આ ન હોય ! હું આ માટે નથી આવ્યો.'

પ્રભાશંકરભાઈ બોલ્યા :

'એ હું સમજું છું. આપણે એક જ વાર મળ્યા. ઈ વાતનેય આજે પચાસ વરસ થઈ ગયાં. તે દીનો પ્રેમ તમે આ ઉંમરે અહીં સુધી આવીને બતાવ્યો !

'મારાથી તમારી પેઠે બન્યું નહિ ! તમારા પ્રેમનો સ્વીકાર હું આ રીતે કરું છું. ભાઈ, આશા રાખું કે, તમને અયોગ્ય ન લાગે.'

એ વૃદ્ધ ગયા, ત્યારે પ્રભાશંકરભાઈ બારણા સુધી તેમને વળાવી આવ્યા.

એ ગયા પછી કચવાતા મને સેક્રેટરીએ તેમને કહ્યું :

'બાપુજી, આવા તો કૈં આવે ! એવાનેય આટલું આપો છો ?'

ખેદથી હસીને દાઢી પર હાથ ફેરવતાં ફેરવતાં પ્રભાશંકરભાઈ બોલ્યા :

'ભાઈ, તમને એ નહિ સમજાય, એ કેવો માણસ છે !

'એની એંઠ હજી આ દાઢમાં ભરી છે.'

## ૫૦. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

દેશી રાજ્યોના રાજકારભાર ઉપર દેખરેખ રાખવા અને તેમને દોરવણી આપવા હિંદના ગવર્નર જનરલના ખાસ અધિકારીને નીમવામાં આવતા. તે ગવર્નર જનરલના એજન્ટ તરીકે ગણાતા.

મિ. કિલી નામના અંગ્રેજ અફસર આ હોદ્દા પર આવ્યા. કિલી પ્રભાશંકરભાઈને પજવવા અને અપમાનિત કરવા જ્યારે ને ત્યારે તક ઊભી કર્યા કરતા. પણ પ્રભાશંકરભાઈ એમની સાથે નિખાલસતાથી જ વર્તતા અને તેમણે કરેલા અપમાનને શાંતિથી ગળી જતા.

આખરે વખત પૂરો થતાં મિ. કિલી નિવૃત્ત થઈ ઇંગ્લેન્ડ ચાલ્યા ગયા.

હવે બન્યું એવું કે, પ્રભાશંકરભાઈ બીજી ગોળમેજી પરિષદના સભ્ય તરીકે ઇંગ્લેન્ડ ગયા હતા. તે વખતે બજારમાં નીકળતાં પ્રભાશંકરભાઈએ મોટર ધીમી પડાવી પોતાના સેક્રેટરી શાંતિલાલ વૈદ્યને પૂછ્યું :

'પેલી દુકાનનાં પગથિયાં ચડીને અંદર જઈ રહ્યા છે એ મિ. કિલી જ છે કે બીજા ?'

સેક્રેટરીએ એ તરફ જોઈને કહ્યું :

'કિલી જ છે.'

એટલે પ્રભાશંકરભાઈએ શાંતિલાલને કહ્યું :

'મિ. કિલીને રાતનું ખાણું મારી સાથે લેવા આમંત્રણ મોકલાવો. ખાણાની તારીખ તેમને અનુકૂળ હોય તે રાખજો.'

શાંતિલાલભાઈએ ઇન્ડિયા ઑફિસમાંથી મિ. કિલીના ઘરનું સરનામું મેળવી તેમનો સંપર્ક સાધ્યો. તેમણે રાતના ખાણાનું આમંત્રણ આપ્યું.

પહેલાં તો મિ. કિલીએ આશ્ચર્ય દર્શાવી આનાકાની કરતાં કહ્યું :

'હું તો નિવૃત્ત અધિકારી છું.'

શાંતિલાલભાઈએ કહ્યું :

'સર પ્રભાશંકરનો સંબંધ કોઈ મર્યાદામાં બંધાયેલો નથી. તમે એમની ઇચ્છાને માન આપી આવશો, તો તેમને પણ આનંદ થશે.'

મિ. કિલી ખાણા પર આવ્યા.

પ્રભાશંકરભાઈએ ઊઠીને સ્વાગત કર્યું.

કિલીને હિંદની આબોહવા માફક આવતી ન હતી. તે વારંવાર બીમાર પડી જતા અને રજા ઉપર ઊતરતા.

એ બાબત ખ્યાલમાં રાખીને પ્રભાશંકરભાઈએ તેમની તબિયતના સમાચાર પૂછ્યા.

વળી તેમણે કિલીની કૌટુંબિક સ્થિતિ પૂછી.

એના જવાબમાં મિ. કિલીએ જણાવ્યું :

'નિવૃત્ત થયા પછી કુટુંબમાં અભ્યાસ કરતા છોકરાના ખર્ચને પહોંચી વળાતું નથી. તેથી એનો અભ્યાસ છોડાવવો પડે એવી સ્થિતિ ઊભી થઈ છે.'

એ સાંભળીને પ્રભાશંકરભાઈએ એ જ વખતે એમાં ખૂટતી રકમની જોગવાઈ કરી આપતો ચેક આપ્યો !

પછી બીજી ઘણી વાતો થઈ.

ઊઠતી વખતે મિ. કિલીની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. ગળું સાફ કરી તેમણે કહ્યું :

'મને આવી કલ્પનાયે ન હતી. તમે મને એવી સારી રીતે રાખેલો ને નિવૃત્ત થયો છું તોયે જાળવો છો.

'પણ સર પ્રભાશંકર, મેં તમને બહુ જ હેરાનપરેશન કર્યા છે ! મને અફસોસ થાય છે.'.

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'અફસોસ ? ખોટું કામ કર્યું હોય ને જો અફસોસ થાય, તો એ તો હૃદયને શુદ્ધ કરે છે. બાકી, ત્યારે પણ, હું તો એમ જ માનતો'તો કે, આપ આપની ફરજ સમજી કામ કરો છો.અને હું ત્યારે મારી સમજ પ્રમાણે વર્તતો'તો. એમાં આપે અફસોસ કરવા જેવું કશું નથી. મારા મનમાં આપને માટે સદ્‌ભાવ જ છે.'

પ્રભાશંકરભાઈએ મિ. કિલીને ઘેર જવા માટે પોતાની મોટર આપી અને તેમને વળાવવા નીચે મોટર સુધી ગયા.

ભગવાનશ્રીકૃષ્ણેગીતાજીમાંભક્તનાંલક્ષણોવર્ણવતાંકહ્યુંછે:

**'अद्वेष्टा सर्वभूतानां, मैत्रः करुणः एव च ।'**

'અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા.'

પ્રભાશંકરભાઈના જીવનમાં આ લક્ષણો મૂર્તિમંત થયેલાં જોવાં મળે છે.

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવન તણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં;
જીવનતણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝગડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં;
રગ રગ મહીં, નખશિખ મહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૬

ખટરસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડાઊભા સૌ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ- સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિષે,
ભીંજાયલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જયમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતવન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ: સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. आग्रहो—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો; નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો; તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો; તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ન રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો; પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો; ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો; તાટસ્થ્ય, સમતા અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો; સદાય પ્રસન્નતા પ્રવર્તાવો; કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો; મન નિઃસ્પંદ કરો; રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો; થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો; ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય; યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો; અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે; પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતવન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

હરિ:ૐ

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિકારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવાં હોઈએ પ્રભુ, તેવાં દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી કરજો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ મહી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા

હરિ:ૐ

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮ ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા, પિતા: આશારામ, અટક : ભાવસાર.

૧૯૧૬ : પિતાનું અવસાન

૧૯૦૫ થી ૧૯૧૮ : તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

૧૯૧૯ : મૅટ્રિક પાસ

૧૯૧૯-૨૦: વડોદરા કૉલેજમાં.

તાં. ૬-૪-૧૯૨૧: કૉલેજ ત્યાગ.

૧૯૨૧ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૯૨૧ : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

૧૯૨૨ : ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયાસ; દૈવી બચાવ; 'હરિ:ૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

૧૯૨૩ : 'તુજચરણે' તથા 'મનને'ની રચના.

૧૯૨૩ : ની વસંતપંચમીએ પૂ. શ્રીબાલયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

૧૯૨૬ : લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

૧૯૨૭ : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિ:ૐ' જપ અખંડ થયો.

૧૯૨૮ માં 'તુજચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

૧૯૨૮ : પહેલી હિમાલય યાત્રા.

૧૯૨૮ : સાકોરીના પૂ. શ્રીઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

૧૯૩૦ : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

૧૯૩૦ થી '૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

૧૯૩૪ : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪ થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું; ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા પર નગ્ન બેસીને સાધના; શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** ૨૯-૩-૩૯ : રામનવમી સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવકસંઘમાંથી રાજીનામું.

'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

**૧૯૪૦ :** (તા. ૯-૯-૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન

**૧૯૪૨ :** હરિજન સેવકસંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌન-એકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના (૧૯૭૬માં દેહત્યાગ પછી આ આશ્રમ બંધ કરાયો.)

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌન એકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (૨૮-૫-૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (૨૩-૪-૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.


**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી.રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.


હરિઃૐ

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ્ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. ગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ્ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.





## હરિઃૐ

"રૂઢિગત દેખાવ એટલે ધર્મ નહિ, પણ પ્રજામાં ગુણ અને ભાવના પ્રગટે એવું આચરણ, એનું નામ ધર્મ. ગુણ એટલે સાહસ, હિંમત, ધૈર્ય, તિતિક્ષા, દેશદાઝ, સદ્‌ભાવ, પ્રામાણિકતા, ત્યાગ વગેરે.

ભાવના એટલે પ્રભુપ્રીત્યર્થે બધું કરી છૂટવાની તમન્ના. ભાવના સરેશનું કામ કરે છે. એ સૂક્ષ્મ છે. ગુણ અને ભાવના સાથેસાથાં પ્રગટેલાં હોય તો તે સાચા ધર્મનું પ્રતીક ગણાય. આવા ગુણો યુવાન પેઢીમાં પ્રગટાવવા માટે હું જે તે કંઈક કરી રહ્યો છું. ભાવના વિનાનું કર્મ વાંઝિયું છે."

**- શ્રીમોટા**

"પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ"
પ્રથમ આવૃત્તિ, પૃ. ૬